દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 307 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 December 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૯ ડિસેમ્બર ૨૦૨૫, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ૨૦૨૯માં પણ વડા પ્રધાન મોદી જ: અમિત શાહ

## ₹ 330 કરોડના વિવિધ વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે રવિવારે અમદાવાદ ખાતે જણાવ્યું હતું કે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણી પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ બનશે. રાહુલબાબા તમે હારથી થાકતા નહીં. તેમણે સવાલ કર્યો હતો કે જનતાને જે ગમે છે તેમનો વિપક્ષ હંમેશાં વિરોધ કરે છે, તો પછી જનતા તમને મત ક્યાંથી આપે.

અમદાવાદની મુલાકાતે આવેલા અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા રૂ. ૩૩૦ કરોડના વિવિધ વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ, ઈ-લોકાર્પણ, ગણેશજીની મૂર્તિનું અનાવરણ તેમજ નવી વણઝર ગામના પુનર્વસિત રહેવાસીઓને સનદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ તથા દક્ષિણ-પશ્ચિમ વિસ્તારો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા વેસ્ટર્ન ટ્રંક મેઈન લાઇન પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે હૃદયને આનંદ થાય એવો આ નાનકડો પરંતુ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ છે. ૧૯૭૩ની સાબરમતી પૂર દુર્ઘટનામાં જેમનું સર્વસ્વ નષ્ટ થયું હતું, તેવા નાગરિકોને આજે ૫૦ વર્ષ બાદ પ્લોટની માલિકીનો અધિકાર મળ્યો છે. આવડા મોટા અમદાવાદ શહેરમાં ૧૭૩ લાભાર્થીઓ સંખ્યાત્મક રીતે ઓછા લાગી શકે, પરંતુ તેમના માટે આ ક્ષણ અત્યંત ઐતિહાસિક અને ભાવનાત્મક છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ અમદાવાદના આશરે ૧૫ લાખ નાગરિકો માટે અગાઉ ગટરના પાણીના નિકાલની કોઈ સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી. વર્ષ ૨૦૦૦ (જુઓ પાનું ૨) ▶▶



**વિમોચન :** અમદાવાદમાં રવિવારે ૧૦૦મા ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન નેટકોન ૨૦૨૫માં પુસ્તકનું વિમોચન કરતા કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ઈન્ડિયન મેડિકલ એસોસિયશન (આઈએમએ)ના ભૂતપૂર્વ પ્રમુખ કેતન દેસાઈ. (પીટીઆઈ)

## બિહારમાં માલગાડી પાટા પરથી ખડી પડી

પટના/કોલકાતાઃ બિહારના જમુઇ જિલ્લામાં માલગાડીના આઠ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. જેના કારણે હાવડા-પટના-દિલ્હી રુટ પર રેલ્વે વ્યવહાર ખોરવાયો હતો. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર હજુ સુધી કોઇ જાનહાનિના અહેવાલ નથી. અકસ્માતના કારણોની તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું ઇસ્ટર્ન રેલ્વેના એક અધિકારીએ જણાવ્યું હતું. આ અકસ્માત શનિવારે રાત્રે (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતના ૧૦૦ જેટલા યુવકો મ્યાનમારમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિદેશમાં ઊંચા પગારની લાલચે ડેટા એન્ટ્રીની નોકરી કરવા ગયેલા વડોદરા સહિત ગુજરાતના આશરે ૧૦૦ જેટલા યુવકો મ્યાનમારમાં ફસાઈ ગયા છે. આ યુવાનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ પાસે તાત્કાલિક મદદની અપીલ કરી રહ્યા છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના સાંઢાસાલ ગામના યુવક ગુંજન શાહનો મ્યાનમારથી વધુ એક ઓડિયો ક્લિપ વાયરલ થયો હતો. આ ઓડિયોમાં તેમણે નરેન્દ્ર મોદી અને અમિત શાહ પાસે તાત્કાલિક મદદની અપીલ કરી હતી.

આશરે ચાર મહિના પહેલા સાવલી સહિત ગુજરાતના ૧૦૦થી વધુ યુવકો ડેટા એન્ટ્રીની નોકરી માટે મ્યાનમાર ગયા હતા. તેમને ત્યાં ડેટા એન્ટ્રીના બદલે લવ ફ્રોડ અને ડિજિટલ એરેસ્ટ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ (જુઓ પાનું ૨) ▶▶

## લંડનમાં હિંદુ સમુદાય સાથે ખાલિસ્તાનીઓ બાખડયા

લંડનઃ બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા અને હિંસા સામે શનિવારે લંડનમાં બાંગ્લાદેશ હાઇ કમિશનની બહાર ભારતીય અને બાંગ્લાદેશી હિન્દુ સમુદાયે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શન દરમિયાન ખાલિસ્તાન સમર્થક જૂથના પાંચ સભ્યો બાંગ્લાદેશના સમર્થનમાં ત્યાં પહોંચ્યા ત્યારે નવો વળાંક આવ્યો હતો. આ લોકો ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરતાં, ખાલિસ્તાની ઝંડો લહેરાવતા અને હંગામો કરતા જોવા મળ્યા હતા.

વિરોધ કરી રહેલા હિન્દુઓએ બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત 'આમાર શોનાર બાંગ્લા' પણ વગાડ્યું હતું અને બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ વિરુદ્ધ થતી હિંસાને તાત્કાલિક રોકવા માગ કરી હતી. પ્રદર્શનકારીઓનું કહેવું હતું કે બાંગ્લાદેશમાં હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયે તેના પર ધ્યાન આપવું જોઇએ. બાંગ્લાદેશમાં કથિત અત્યાચારોને લઇને ભારતભરમાં વિરોધ

પ્રદર્શન ફાટી નીકળ્યાના એક દિવસ (જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં સૅટલાઈટ કમ્યુનિકેશન સર્વિસ જલદી શરૂ થશે : સિંધિયા

નવી દિલ્હી : દૂર સંદેશવ્યવહારના પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે દેશમાં સૅટલાઈટ કમ્યુનિકેશન સર્વિસ જલદી શરૂ કરાશે. સિંધિયાએ કહ્યું હતું કે આ ક્ષેત્રના એલન મસ્કની માલિકીની સ્ટારલિન્ક સહિતના પ્લેયર સુરક્ષા એજન્સીની માગણીનું અનુસરણ કરશે ત્યાર બાદ સૅટલાઈટ કમ્યુનિકેશન સર્વિસ શરૂ કરાશે. સિંધિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ સ્પેક્ટ્રમની કિંમત નક્કી કરશે ત્યાર બાદ સરકાર સેટકોમના પ્લેયર - સ્ટારલિન્ક, યુટેલસેટ વન અને જિયો એસજીએસને સ્પેક્ટ્રમની વહેંચણી કરશે.

સિંધિયાએ કહ્યું હતું કે આમાં બે બાબતનો નિવેડો લાવવાનો છે. એક, વનવેબ, રિલાયન્સ જિયો અને સ્ટારલિન્કે ડેટા ભારતમાં જ રહે એવી તકેદારી લેવા ઈન્ટરનેશનલ ગેટવે સંબંધિત સિક્યોરિટી ક્લિયરન્સ મેળવે. સરકારે સેટકોમ કંપનીને આ અગાઉ જ હંગામી સ્પેક્ટ્રમ ફાળવ્યા છે. કંપનીઓ સિક્યોરિટીની ડિમાન્ડને સંતોષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સિંધિયાએ કહ્યું હતું કે બીજી વાત સ્પેક્ટ્રમની કિંમત નક્કી કરવાની છે. આ કામ ડોટ અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઑફ ઈન્ડિયા (ટ્રાઈ) કરશે. (એજન્સી)■

## ભારત માટે ૨૦૨૫નું વર્ષ ગૌરવ સાથેની સિદ્ધિનું રહ્યું : મોદી

નવી દિલ્હી : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઑપરેશન સિંદૂર પર ભાર મૂકતાં કહ્યું હતું કે ૨૦૨૫નું વર્ષ ભારતને માટે મહત્ત્વની ઉપલબ્ધીનું રહ્યું હતું. મોદીએ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરેક ભારતીય માટે ગૌરવની નિશાની છે અને ભારતે આખા વિશ્વને બતાડી આપ્યું હતું કે દેશ સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં કરે.

માસિક પ્રોગ્રામ 'મન કી બાત' રેડિયો પ્રોગ્રામમાં મોદીએ કહ્યું હતું કે પૂરાં થઈ રહેલાં વર્ષમાં ભારતનો પ્રભાવ દરેક સ્થળે જોવા મળ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા, ખેલકૂદ, વૈજ્ઞાનિક સર્જકતા કે વિશ્વના સૌથી મોટા મંચની વાત હોય ભારતે ૨૦૨૫માં ભવ્ય ઉપલબ્ધી મેળવી હતી. ભારતનો પ્રભાવ દરેક જગ્યાએ જોવા મળે છે. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરમિયાન દેશના દરેક ખૂણામાં 'મા ભારતી' તરફના પ્રેમ અને સમર્પણ જોવા મળ્યા હતા. લોકોએ પોતાની અજોડ રીતે તેમની સંવેદના અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

મોદીએ કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરેક ભારત માટે ગર્વની નિશાની છે. આખું વિશ્વ એ વાતની સાક્ષી છે કે આજનું ભારત સુરક્ષા સાથે સમાધાન કરતું નથી.

બાવીસ એપ્રિલે પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ જણની (જુઓ પાનું ૨) ▶▶

### "ભારતીય ભાષાઓને વૈશ્વિક સ્તરે ફેલાવાશે"

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકાર ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિ વૈશ્વિક સ્તરે ફેલાવવા બનતા પ્રયાસ કરી રહી છે. મોદીએ નવી પેઢીને તમિળ ભાષા સાથે જોડવાના ફિજીના પ્રયાસોની સરાહના કરી હતી. માસિક 'મન કી બાત' રેડિયો પ્રોગ્રામમાં મોદીએ દુબઈમાં રહેતા કન્નડ કુટુંબોના બાળકોને કન્નડ ભાષા શીખવાડવા 'કન્નડ (જુઓ પાનું ૨) ▶▶

### "ડૉક્ટરની સલાહ વિના દવા નહીં લો"

નવી દિલ્હી : ઍન્ટિબાયૉટિકની બાબતમાં લાલ ઝંડી બતાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે લોકોને આવી દવા ડૉક્ટરની સલાહ વિના ન લેવાનો અનુરોધ કર્યો હતો.

રેડિયો પરના માસિક કાર્યક્રમ 'મન કી બાત'માં સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ તાજેતરમાં એવો અહેવાલ બહાર પાડ્યો હતો કે ઍન્ટિબાયૉટિક ન્યુમોનિયા અને (જુઓ પાનું ૨) ▶▶

## 'ઓપરેશન સિંદૂર'થી ડરી ગયું હતું પાકિસ્તાન : ઝરદારી

ઈસ્લામાબાદ : જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય વાયુસેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. આના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પાકિસ્તાનના નિષ્ફળ વળતા હુમલા બાદ ભારતે તેના ૧૧ એરબેઝને નિશાન બનાવ્યા હતા. હવે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ઓપરેશન સિંદૂર અંગે એક મહત્ત્વપૂર્ણ ખુલાસો કર્યો છે, જેમાં કહ્યું હતું કે સેનાએ બંકરોમાં છુપાઈ રહેવાની વાત કરી રહી હતી.

વાસ્તવમાં પાકિસ્તાની રાષ્ટ્રપતિ ઝરદારીનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા જોવા મળે છે. વીડિયો દરમિયાન ઝરદારીએ કહ્યું કે જ્યારે ભારતે હુમલો કર્યો ત્યારે પાકિસ્તાની સેનાના સૈનિકોએ તેમને કહ્યું, આપણે હવે સલામતી માટે બંકરોમાં જવું જોઈએ. જો કે, તે જ વીડિયોમાં ઝરદારીએ એમ પણ કહ્યું કે તેમણે ચાર દિવસ પહેલા સૈનિકોને યુદ્ધ હોવાની વાત કરી હતી.

નોંધનીય છે કે રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ જાહેરમાં ઓપરેશન સિંદૂરનો સ્વીકાર કર્યો છે. તેમણે પાકિસ્તાનમાં એક કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "મારા મિલિટ્રી સેક્રેટરી મારી પાસે આવ્યા અને કહ્યું હતું કે યુદ્ધ શરૂ થઈ ગયું છે. તેમણે મને કહ્યું કે આપણે બંકરમાં જવું જોઈએ. પણ મેં ના પાડી.'જોકે, આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું કે ભારતનો બદલો એટલો ભયાનક હતો કે પાકિસ્તાનના રાષ્ટ્રપતિને પણ સલામત સ્થળે જવાની સલાહ આપવામાં આવી હતી. તેમણે આર્મી અધિકારીને કહ્યું હતું કે મેં ચાર દિવસ પહેલા જ કહ્યું હતું કે બંને દેશો વચ્ચે મોટો સંઘર્ષ થશે. તેથી, હું જાણું છું કે ભારત કાર્યવાહી કરશે.

રાષ્ટ્રપતિ ઝરદારીએ કહ્યું કે અધિકારીએ તેમને કહ્યું કે યુદ્ધ શરૂ થઈ ગયું છે. પછી તેમણે તેમને બંકરમાં છુપાઈ રહેવા કહ્યું. તેથી, જ્યારે (જુઓ પાનું ૨) ▶▶

### ભારતે ઍરબેઝ નષ્ટ કર્યું હોવાની પાકની કબૂલાત

ઈસ્લામાબાદ : પાકિસ્તાન સરકારે સ્વીકાર કર્યો હતો કે 'ઓપરેશન સિંદૂર' પછી થયેલા લશ્કરી સંઘર્ષ દરમિયાન નૂર ખાન એરબેઝ પર ભારતના હુમલાઓના કારણે મોટું નુકસાન થયું હતું અને ત્યાં તહેનાત તેના ઘણા જવાનો ઘાયલ થયા હતા. પાકિસ્તાને લશ્કરી ઠેકાણાઓ પર ભારતના વ્યૂહાત્મક અને સચોટ હુમલાઓની અસર સ્વીકારી હતી. ભારતે ૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં આ કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા.

પાકિસ્તાનના વિદેશ પ્રધાન અને નાયબ વડા પ્રધાન ઇશાક ડારે શનિવારે વર્ષના અંતે પ્રેસ બ્રીફિંગ દરમિયાન પુષ્ટી કરી હતી કે ભારતે રાવલપિંડીના ચકલામાં નૂર ખાન એરબેઝને નિશાન બનાવ્યું હતું, જેના કારણે લશ્કરી ઠેકાણાને નુકસાન થયું હતું અને ત્યાં તહેનાત જવાનો ઘાયલ થયા હતા. મીડિયા સાથે વાત કરતા ડારે કહ્યું હતું કે ભારતે ૩૬ કલાકની અંદર પાકિસ્તાની વિસ્તારમાં ઘણા ડ્રોન મોકલ્યા હતા અને એક ડ્રોને લશ્કરી ઠેકાણાને નુકસાન પહોંચાડ્યું હતું. ઈશાક ડારે દાવો કર્યો હતો કે, "તેઓએ (ભારતે) પાકિસ્તાન તરફ ૩૬ કલાકમાં ઓછામાં ઓછા ૮૦ ડ્રોન મોકલ્યા હતા. અમે ૮૦ ડ્રોનમાંથી ૭૯ને અટકાવવામાં સફળ રહ્યા અને ફક્ત એક ડ્રોને એક લશ્કરી છાવણીને નુકસાન પહોંચાડ્યું અને હુમલામાં સૈનિકો ઘાયલ થયા હતા."

ઘટનાની જાણકારી આપતા ડારે (જુઓ પાનું ૨) ▶▶

## કાશ્મીરમાં મહેબૂબા સહિત અનેક નેતાઓ નજરકેદ

શ્રીનગરઃ જમ્મુ કાશ્મીરમાં વર્તમાન અનામત નીતિના વિરોધમાં વિદ્યાર્થીઓના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનમાં સામેલ થવાથી રોકવા માટે રવિવારે પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)નાં પ્રમુખ મહેબૂબા મુફ્તી અને નેશનલ કોન્ફરન્સના સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદી સહિત અનેક નેતાઓને નજરકેદ કરવામાં આવ્યાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મહેબૂબા મુફ્તી, તેમની પુત્રી ઇલ્તિજા મુફ્તી, શ્રીનગરથી લોકસભા સભ્ય રુહુલ્લાહ મેહદી, પીડીપી નેતા વહીદ પારા અને શ્રીનગરના ભૂતપૂર્વ મેયર જુનૈદ મટ્ટુને નજરકેદ કરવામાં આવ્યાં છે.

ગુપકર રોડ પર રવિવારે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું આયોજન કરનારા વિદ્યાર્થીઓ સાથે નેતાઓએ એકતા વ્યક્ત કર્યા બાદ વહીવટીતંત્રે આ પગલું ભર્યું હતું. મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ આ મુદ્દાને ઉકેલવા માટે એક સમિતિની રચના કર્યાને એક વર્ષ પસાર થઈ ગયું હોવા છતાં કોઈ સકારાત્મક પરિણામ મળ્યું ન હોવાથી તેઓએ કૂચમાં કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો હતો. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા પારાએ કહ્યું હતું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે વિરોધ (જુઓ પાનું ૨) ▶▶

## રાષ્ટ્રપ્રમુખ મુર્મૂએ સબમરીનમાં પ્રવાસ કર્યો

નવી દિલ્હી : રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ રવિવારે પશ્ચિમ સીબોર્ડમાં ભારતીય નૌકાદળની ફ્રન્ટલાઈન સબમરીન આઈએનએસ વાઘશીરમાં પ્રવાસ કર્યો હતો. આવો પ્રવાસ ખેડનાર મુર્મૂ બીજા રાષ્ટ્રપ્રમુખ છે. અગાઉ એપીજે અબ્દુલ કલામ ફેબ્રુઆરી ૨૦૦૬માં સબમરીનનો પ્રવાસ કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા.

અધિકારીઓએ કહ્યું હતું કે મુર્મૂ કર્ણાટકના કારવાર નેવલ બેઝથી કાલાવરી ક્લાસ સબમરીનમાં બેઠાં હતાં. મુર્મૂ સાથે નૌકા દળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી પણ મુસાફરીમાં હતા.

રાષ્ટ્રપ્રમુખ મુર્મૂ લશ્કરી દળના સરસેનાપતિ છે.

રાષ્ટ્રપ્રમુખના સચિવાલયે સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકી હતી કે મુર્મૂએ ભારતીય નૌકાદળની દેશી બનાવટની સબમરીનમાં પ્રવાસ કર્યો હતો. મુર્મૂએ નેવલ યુનિફોર્મ પહેર્યો હતો. આઈએનએસ વાઘશીર પી૭૫ સ્કોરપેને પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન છે. તેને જાન્યુઆરીમાં નૌકાદળમાં દાખલ કરાઈ હતી. (એજન્સી)■

## કૉંગ્રેસના નેતાઓની હાજરીમાં રાષ્ટ્રગીત ખોટું ગવાયું

તિરુવનંતપુરમ : કેરળમાં કૉંગ્રેસ પાર્ટીને શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. રવિવારે રાજ્યમાં પાર્ટીના હેડક્વાર્ટરમાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રગીતની એક પંક્તિ ખોટી રીતે ગાવામાં આવી હતી. કેરળ પ્રદેશ કૉંગ્રેસ સમિતિ (કેપીસીસી) કાર્યાલયમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના ૧૪૧મા સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન આ ઘટના બની હતી.

ધ્વજવંદન પછી નેતાઓએ સાથે મળીને રાષ્ટ્રગીત ગાયું હતું અને એવું લાગતું હતું કે શરૂઆતની પંક્તિ ખોટી રીતે ગાવામાં આવી હતી. એ. કે. એન્ટની, વી. એમ. સુધીરન, દીપા દાસ મુનશી, પાલોડ રવિ જેવા વરિષ્ઠ પક્ષનાં નેતાઓ સેવા દળના સ્વયંસેવકો સાથે ત્યાં હાજર હતા. આ ઘટનાએ પાર્ટીને શરમમાં મૂકી દીધી કારણ કે ટીવી ચેનલો દ્વારા આ દૃશ્યો પ્રસારિત કરવામાં આવ્યા હતા.

આ બાબતે કૉંગ્રેસ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. કૉંગ્રેસ પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી રાજ્યભરમાં પાર્ટીના ધ્વજવંદન સાથે યોજવામાં આવી હતી. ■

## હાદીના હત્યારા ભારતમાં ઘુસ્યા હોવાનો બાંગ્લાદેશ પોલીસનો દાવો

ઢાકાઃ ઇન્કલાબ મંચના નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યાના બે મુખ્ય શકમંદો બાંગ્લાદેશ છોડીને ભાગી ગયા છે. બંને ભારતમાં હોવાનું માનવામાં આવી રહ્યું હોવાની જાણકારી ઢાકા મેટ્રોપોલિટન પોલીસના એક ટોચના અધિકારીએ આપી હતી.

ઢાકા મેટ્રોપોલિટન પોલીસ(ડીએમપી)ના એડિશનલ પોલીસ કમિશ્નર (ક્રાઇમ એન્ડ ઓપરેશન્સ) એસ એન મોહમ્મદ નજરુલ ઇસ્લામે ડીએમપી મીડિયા સેન્ટર ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે શકમંદ ફૈઝલ કરીમ મસૂદ અને આલમગીર શેખ સ્થાનિક સાથીઓની મદદથી ભારતના મેઘાલય રાજ્યમાં ઘુસ્યા છે.

ધ ડેઇલી સ્ટારે ઇસ્લામને ટાંકીને જણાવ્યું કે અમને મળેલી માહિતી અનુસાર શકમંદો હલુઆઘાટ સરહદેથી ભારતમાં ઘુસ્યા છે. સરહદ પાર કર્યા પછી શરૂઆતમાં પૂર્તિ નામના વ્યક્તિએ તેમની આગતાસ્વાગતા કરી હતી. ત્યારબાદ સામી નામના ટેક્સી ડ્રાઇવરે તેમને મેઘાલયના તુરા શહેરમાં પહોંચાડ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે પોલીસને બિનસત્તાવાર અહેવાલ મળ્યા છે કે (જુઓ પાનું ૨) ▶▶

### ભારતનો રદિયો

શિલોંગઃ બાંગ્લાદેશના વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીની હત્યાના બે આરોપીઓ- ફૈઝલ કરીમ મસૂદ અને આલમગીર શેખ બાંગ્લાદેશના મૈમનસિંહ જિલ્લામાં હાલુઆઘાટ સરહદથી ભારત ભાગી આવ્યા હોવાના અને હજુ પણ ભારતના મેઘાલયમાં હાજર હોવાના બાંગ્લાદેશના દાવાઓને મેઘાલય પોલીસ મુખ્યાલયના એક ટોચના અધિકારીએ ફગાવી દીધો હતો.

ઢાકા મેટ્રોપોલિટન પોલીસ અધિકારીઓને ટાંકીને એક અગ્રણી બાંગ્લાદેશ અખબારમાં કરવામાં આવેલા આ દાવાને ખોટા અને સંપૂર્ણપણે ભ્રામક ગણાવવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે બાંગ્લાદેશ પોલીસ તરફથી કોઇ ઔપચારિક કે અનૌપચારિક (જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસમાં દિગ્વિજય જેવા ઘૈડિયા ખસે તો સામાન્ય કાર્યકર આગળ આવે ને?

**કૉંગ્રેસના** બડફાઓના સરદાર દિગ્વિજયસિંહે કૉંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી)ની બેઠકમાં કાઢેલા બળાપાએ ચર્ચા જગાવી છે. નરેન્દ્ર મોદી સરકારે મનરેગાનું નામ બદલી નાંખ્યું તેના વિરોધમાં આંદોલન કરવા અંગે ચર્ચા ચાલી રહી હતી ત્યારે દિગ્વિજયે ડહાપણ ડહોળ્યું કે, કૉંગ્રેસ આંદોલનો અને વિરોધની વાતો તો કરે છે પણ તેની પાસે આંદોલનો કરવા માટે સંગઠન જ ક્યાં છે ? દિગ્વિજયે દાવો કર્યો કે, કૉંગ્રેસમાં ઘણા બધા સ્લીપર સેલ સક્રિય છે અને તેમને ઓળખી કાઢવાની જરૂર છે. કૉંગ્રેસ તેમના કારણે જ આગળ આવી શકતી નથી.

આ બળાપાના કારણે દિગ્વિજય ચર્ચામાં હતા જ ત્યાં નરેન્દ્ર મોદી અને સંઘનાં વખાણ કરતી તસવીર મૂકીને તેમણે નવો મુદ્દો આપી દીધો. તસવીરમાં મોદી લાલકૃષ્ણ અડવાણીના પગ પાસે નીચે બેઠા છે. દિગ્વિજયનું કહેવું છે કે, સંઘમાં સામાન્ય કાર્યકર નેતાઓના પગ પાસે બેસીને મુખ્યમંત્રી અને વડા પ્રધાન પણ બન્યો. આ સંગઠનની તાકાત છે, જય સિયારામ.

કૉંગ્રેસ પાસે સંગઠન નથી એ વાત સાચી છે પણ કૉંગ્રેસની અવદશા માટે સંગઠનની ઊણપ કરતાં વધારે મોટું કારણ તેની મુસ્લિમ પાર્ટી તરીકેની ઈમેજ છે. આ ઈમેજ દિગ્વિજય સહિતના નેતાઓની જ દેન છે. દિગ્વિજય સહિતના નેતાઓની હાલત સબ કુછ લૂટા કે હોશ મેં આયે તો ક્યા કિયા જેવી છે પણ તકલીફ એ છે કે, હજુ પણ એ લોકો પૂરા હોશમાં તો આવ્યા જ નથી અને કૉંગ્રેસની અવદશા પર આત્મમંથન કરીને પોતે શું કરી શકે એ વિચારવાના બદલે બીજાનો જ વાંક કાઢ્યા કરે છે.

કૉંગ્રેસની આજે જે અવદશા છે તેના માટે દિગ્વિજયસિંહ, મણિશંકર ઐયર જેવા નમૂના સૌથી વધારે જવાબદાર છે. આ નમૂના કૂવામાંના દેડકા જેવા છે અને મુસ્લિમ તુષ્ટિકરણથી આગળ તેમની બુદ્ધિ ચાલતી જ નથી. કૉંગ્રેસને સૌથી વધારે નુકસાન આ માનસિકતાના કારણે થયું છે. તેમને એમ જ લાગ્યા કરે છે કે, ચૂંટણી જીતવી હોય તો મુસ્લિમ તુષ્ટિકરણ જ કરવું પડે. મુસ્લિમોને લાડ લડાવો, તેમના પગમાં આળોટો તો સત્તા તમારા પગમાં આળોટવા માંડે.

આ છિછરા વિચારોના કારણે એ લોકો વરસોથી મુસ્લિમોને પંપાળ્યા કરે છે અને હિંદુવાદીઓને ગાળો આપે છે. મુસ્લિમોને રાજી કરવા માટે દિગ્વિજયે તો હિંદુ આતંકવાદીઓ છે એવું સ્થાપિત કરવા માટે સેફ્રન ટેરર એટલે કે ભગવો આતંકવાદ એવા શબ્દો પણ રમતા કરેલા. ઓસામા બિન લાદેન અને હફીઝ સઈદ સહિતના ખૂનખાર આતંકવાદીઓને માનાર્થે બોલાવીને ઓસામાજી કે હફીઝ સાબ જેવાં સંબોધનો આ નેતાઓએ બેશરમીથી કર્યાં છે.

દિગ્વિજય સહિતના આ નેતાઓના બકવાસના કારણે બહુમતી હિંદુઓ એમ જ માનવા લાગ્યા કે, કૉંગ્રેસ મુસ્લિમોની પાર્ટી છે અને હિંદુઓનાં હિતો સાચવી શકે તેમ જ નથી. કૉંગ્રેસને માત્ર ને માત્ર મુસ્લિમોને રાજી રાખવામાં રસ છે. આ માન્યતાના કારણે હિંદુઓનો મોટો વર્ગ કૉંગ્રેસને છોડીને ભાજપ તરફ વળી ગયો.

રાજકારણમાં તો એક-બે ટકા મતો પણ આમતેમ થાય તો પણ ચૂંટણીનાં પરિણામો બદલાઈ જાય છે ત્યારે અહીં તો સીધો દસેક ટકા હિંદુ મતદારોનો વર્ગ કૉંગ્રેસને છોડીને ભાજપ ભણી ઢળી ગયો. ૧૯૯૦ કે ૨૦૦૦ના દાયકામાં પણ ભાજપ લોકસભાની ચૂંટણીમાં ૨૦ ટકાથી વધારે મતો નહોતો મેળવી શકતો. હવે ભાજપને ૩૦ ટકાની આસપાસ મતો મળે છે તેનું કારણ હિંદુવાદી મતદારો છે.

દિગ્વિજય આણિ મંડળીને આ પરિવર્તનની ખબર જ ના પડી. ૨૦૦૨નાં રમખાણોથી શરૂ કરીને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રીવિઝન (SIR) ના મુદ્દે એ લોકો મુસ્લિમોનાં તળવાં ચાટીને હિંદુઓને નારાજ કરવા સિવાય કશું કરતા નથી. મુલાયમસિંહ-અખિલેશ યાદવ અને મમતા બેનરજી મુસ્લિમ મતબેંકનાં ચેમ્પિયન ગણાતાં. સમયને પારખીને અખિલેશ, મમતા વગેરે હિંદુઓને પંપાળતાં થઈ ગયાં પણ કૉંગ્રેસ સુધરવા તૈયાર જ નથી.

દિગ્વિજય સહિતના નેતા અત્યારે પણ બેફામ લવારા કરે છે અને કૉંગ્રેસ તેમને રોકી શકતી નથી. નરેન્દ્ર મોદીના દસ વર્ષના શાસનમાં આ દેશે બહુ જબરદસ્ત વિકાસ નથી કરી નાંખ્યો કે લોકોનાં જીવનધોરણ સુધરી ગયાં નથી છતાં ભાજપ હારતો નથી કેમ કે દિગ્વિજય સહિતના નેતાઓના કારણે હિંદુવાદી મતદારો પાછા કૉંગ્રેસ તરફ વળતા નથી. બેફામ મોંઘવારી, બેરોજગારી, ગરીબી, ભ્રષ્ટાચાર સહિતની સમસ્યાઓ હજુય છે જ છતાં લોકોને ભાજપ ગમે છે કેમ કે કૉંગ્રેસ હજુય મુસ્લિમ તુષ્ટિકરણમાં અટવાયેલી છે.

દિગ્વિજય સહિતના સત્તામોહી નેતાઓના કારણે કૉંગ્રેસમાં જૂથવાદનું દૂષણ ઘર કરી ગયું એ પણ કૉંગ્રેસની અવદશા માટેનું એક કારણ છે. દિગ્વિજય સહિતના ઘૈડિયા ખસતા જ નથી ને ગેંગ બનાવીને યુવા નેતાઓને આગળ જ આવવા નથી દેતા. દિગ્વિજય સામાન્ય કાર્યકરોને આગળ લાવવાની વાતો કરે છે પણ પોતે ખસતા નથી પછી સામાન્ય કાર્યકર કઈ રીતે આગળ આવે ? તેના કારણે કૉંગ્રેસને કેવું નુકસાન થયું તેનું શ્રેષ્ઠ ઉદાહરણ દિગ્વિજયનાં જ કરતૂત છે.

૨૦૧૮ની ચૂંટણીમાં મધ્ય પ્રદેશમાં કૉંગ્રેસ જીતેલી અને સરકાર બનાવી હતી. મધ્ય પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ તરીકે જીતનો મુખ્ય યશ જ્યોતિરાદિત્ય સિંધિયાને જતો હતો ને સિંધિયાને મુખ્યમંત્રી બનાવવાની જરૂર હતી પણ દિગ્વિજય સહિતના જૂના નેતાઓએ સિંધિયાને મુખ્યમંત્રી ના બનવા દીધા ને સાવ ઘરડા ને ભ્રષ્ટ કમલનાથને ગાદી પર બેસાડ્યા. તેના કારણે ખફા થયેલા જ્યોતિરાદિત્યે બળવો કરીને કમલનાથની સરકારને ઘરભેગી કરી દીધી ને પોતે ભાજપમાં જતા રહ્યા. સિંધિયા અત્યારે કેન્દ્ર સરકારમાં મંત્રી છે અને કૉંગ્રેસીઓ પાછા સત્તામાંથી ફેંકાઈ જઈને બેઠા બેઠા ઘૂઘરો વગાડ્યા કરે છે.

આસામમાં હિંમત બિસ્વ સરમાથી માંડીને રાજસ્થાનના સચિન પાયલોટ સહિતના તમામ યુવા નેતાઓના કેસમાં આવું જ થયું છે. કર્ણાટકમાં પણ છેલ્લા એવું જ થયું ને ડી.કે. શિવકુમારના બદલે ઘરડા સિધ્ધરામૈયાને બેસાડી દીધા છે. પાયલોટ ગમ ખાઈને કૉંગ્રેસમાં જ રહી ગયા છે પણ બીજા નેતા જતા રહ્યા તેમાં કૉંગ્રેસ વખારમાં નાંખવાને લાયક નેતાઓની જ પાર્ટી બનીને રહી ગઈ છે.

દિગ્વિજયનો સત્તામોહ તો એવો છે કે, છેલ્લાં ત્રણ દાયકાથી એ ચૂંટણીઓમાં હાર્યા કરે છે છતાં રાજ્યસભામાં ઘૂસીને દુકાન ચલાવે છે. વરસો પહેલાં અહમદ પટેલ સહિતના નેતા આ ખેલ કરતા. સાવ જનાધાર ગુમાવી બેઠેલા આ નેતા કૉંગ્રેસમાં મોટા ભા થઈને ફરતા ને પોતાના જેવા નેતાઓને પોષતા. દિગ્વિજયે પણ એ જ કર્યું છે ને કોઈ યુવાને તક આપવાના બદલે પોતે રાજ્યસભામાં ઘૂસી ગયા છે.

દિગ્વિજય સહિતના નેતાઓએ આ મુદ્દે આત્મમંથન કરવાની જરૂર છે. પોતે ખસીને યુવાઓને તક આપવાની જરૂર છે. કૉંગ્રેસને સ્લીપર સેલથી નહીં પણ પોતાના જેવા કૉંગ્રેસના જનાધાર વિનાના નેતાઓથી વધારે નુકસાન છે એ સમજવાની જરૂર છે. આ સમજ આવી જાય તો કૉંગ્રેસ પણ જીતી શકે પણ વો દિન કહાં કિ... ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,**

**સોમવાર, તા. ૨૯-૧૨-૨૦૨૫, શ્રી હરિજયંતી**

- ભારતીય દિનાંક ૮, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી સવારે ક. ૦૭-૪૦ સુધી, પછી અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૩ સુધી (તા. ૩૦), સુધી પછી ભરણી.
- ચંદ્ર મીનમાં સવારે ક. ૦૪-૪૦ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સાંજે ક. ૧૯-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૭-૦૨ (તા. ૩૦)
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૧ (તા. ૩૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી, બુધ ધનુમાં ક. ૦૭-૨૪, પંચક સમાપ્તિ ક, ૦૭-૪૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સ્વામિનારાયણ મંદિરમાં હરિજયંતી પર્વની ઉજવણી, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, નિત્ય થતાં દુકાન-વેપાર, દસ્તાવેજ, પશુ લે-વેંચ સંબંધિત કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૩૦),
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક/ધનુ, વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### ૨૦૨૯માં પણ વડા પ્રધાન મોદી જ

થી ૨૦૦૫ દરમિયાન શેલા થી ચાંદખેડા સુધીના વિસ્તારો ઝડપથી શહેરીકરણ પામ્યા, પરંતુ સંપૂર્ણ ડ્રેનેજ વ્યવસ્થા વિકસાવવા માટે વિશાળ બજેટ અને લાંબા સમયની જરૂર હતી. કેટલીક જગ્યાએ ગટર ઉભરાતી સ્થિતિ જોઈને સંસદ સભ્ય તરીકે તેમને વ્યથા થતી હોવાનું શાહે જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ લોકો સારું અને સ્વસ્થ જીવન જીવી શકે તેવા વાતાવરણની રચના માટે અમૃત યોજના સહિત શહેરી વિકાસ યોજનાઓનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે. અંદાજે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે ૧૨૦૦ થી ૧૮૦૦ એમ.એમ. વ્યાસની વિશાળ આર.સી.સી. પાઈપલાઈનો નાખવામાં આવી છે. જેના કારણે ગોતા, ચાંદલોડિયા, સાયન્સ સિટી, સાઉથ બોપલ, ભાડજ, હેબતપુર, થલતેજ, બોપલ-ઘુમા, બોડકદેવ, વેજલપુર, સરખેજ, મક્તમપુરા, મહમદપુરા, ફતેહવાડી, શાંતિપુરા અને સનાથલ સહિતના વિસ્તારોના અંદાજે ૧૫ લાખ નાગરિકોને ડ્રેનેજ ઓવરફ્લો અને ગંદા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ૨૦૨૫નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે અમદાવાદ માટે આ વર્ષ વિકાસની હેલીનું અને વિશ્વ કક્ષાએ ગૌરવનું વર્ષ સાબિત થયું છે. શહેરી વિકાસના બજેટમાં ગયા વર્ષ કરતાં ૪૦ ટકા વધારો કરીને રૂ. ૩૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે અને ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આવનારા સમયમાં અમદાવાદ અનેક આંતરરાષ્ટ્રીય રમતોનું કેન્દ્ર બનશે, ત્યારે નાગરિકોએ શહેરને સ્વચ્છ, સુંદર અને હરિયાળું બનાવવા સામૂહિક સંકલ્પ લેવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

આ સાથે શાહ ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના નવા વરાયેલા પદાધિકારીઓનો શપથવિધિ સમારંભમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમિતભાઈ શાહે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનની શતાબ્દી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે દેશમાં હોલિસ્ટિક વ્યૂ સાથે હેલ્થ ઇકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે. દેશમાં હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. ૧,૬૫,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. દેશનું આરોગ્ય બજેટ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૩૭,૦૦૦ કરોડથી વધારીને આજે રૂ. ૧,૨૮,૦૦૦ કરાયું છે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તનો જોવા મળી રહ્યાં છે, એવું તેમણે ઉમેર્યું હતું.

**₹ ૩૩૦ કરોડનાં વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહના હસ્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૩૩૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, ઈ-લોકાર્પણ, ગણેશજીની મૂર્તિનું અનાવરણ તેમજ નવી વણઝર ગામના પુનર્વસિત રહેવાસીઓને સનદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ તથા દક્ષિણ-પશ્ચિમ વિસ્તારો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા વેસ્ટર્ન ટ્રંક મેઈન લાઇન પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, હૃદયને આનંદ થાય એવો આ નાનકડો પરંતુ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ છે. ૧૯૭૩ની સાબરમતી પૂર દુર્ઘટનામાં જેમનું સર્વસ્વ નષ્ટ થયું હતું, તેવા નાગરિકોને આજે ૫૦ વર્ષ બાદ પ્લોટની માલિકીનો અધિકાર મળ્યો છે. આવડા મોટા અમદાવાદ શહેરમાં ૧૭૩ લાભાર્થીઓ સંખ્યાત્મક રીતે ઓછા લાગી શકે, પરંતુ તેમના માટે આ ક્ષણ અત્યંત ઐતિહાસિક અને ભાવનાત્મક છે.

શાહે આ સંવેદનશીલ નિર્ણય બદલ સ્થાનિક જનપ્રતિનિધિ અમિતભાઈ ઠાકર, અમદાવાદના મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનરને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પાંચ દાયકાથી ચાલતી સમસ્યાનું આજે કાયમી નિરાકરણ આવ્યું છે, જે સંવેદનશીલ શાસનની પ્રતિતી કરાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ અમદાવાદના આશરે ૧૫ લાખ નાગરિકો માટે અગાઉ ગટરના પાણીના નિકાલની કોઈ સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી. વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ દરમિયાન શેલાથી ચાંદખેડા સુધીના વિસ્તારો ઝડપથી શહેરીકરણ પામ્યા, પરંતુ સંપૂર્ણ ડ્રેનેજ વ્યવસ્થા વિકસાવવા માટે વિશાળ બજેટ અને લાંબા સમયની જરૂર હતી. કેટલીક જગ્યાએ ગટર ઉભરાતી સ્થિતિ જોઈને સંસદ સભ્ય તરીકે તેમને વ્યથા થતી હોવાનું શ્રી શાહે જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ લોકો સારું અને સ્વસ્થ જીવન જીવી શકે તેવા વાતાવરણની રચના માટે અમૃત યોજના સહિત શહેરી વિકાસ યોજનાઓનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે. અંદાજે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે ૧૨૦૦ થી ૧૮૦૦ એમ.એમ. વ્યાસની વિશાળ આર.સી.સી. પાઈપલાઈનો નાખવામાં આવી છે. જેના કારણે ગોતા, ચાંદલોડિયા, સાયન્સ સિટી, સાઉથ બોપલ, ભાડજ, હેબતપુર, થલતેજ, બોપલ-ઘુમા, બોડકદેવ, વેજલપુર, સરખેજ, મક્તમપુરા, મહમદપુરા, ફતેહવાડી, શાંતિપુરા અને સનાથલ સહિતના વિસ્તારોના અંદાજે ૧૫ લાખ નાગરિકોને ડ્રેનેજ ઓવરફ્લો અને ગંદા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ નરહરિ અમીન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, કલેક્ટર સુજીત કુમાર, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**'મલેરિયાના કેસમાં ૯૭ ટકા ઘટાડો'**

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ રવિવારે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ની સ્થાપનાની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે પરિષદને સંબોધતા દાવો કર્યો હતો કે, ભારતમાં મલેરિયાના કેસોમાં ૯૭ ટકાનો ઘટાડો થયો છે અને દેશ ટૂંક સમયમાં આ રોગથી મુક્ત થઈ જશે. તેમણે કહ્યું હતું કે, આયુષ્માન ભારત અને મિશન ઇન્દ્રધનુષ જેવી આરોગ્ય યોજનાઓને કારણે મલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ડેન્ગ્યૂ મૃત્યુ દર ઘટીને માત્ર એક ટકા થયો છે, જ્યારે માતા મૃત્યુદરમાં ૨૫ ટકાનો ઘટાડો થયો છે.

તેમણે ધ્યાન દોર્યું હતું કે કેન્દ્ર સરકારનું આરોગ્ય બજેટ, જે ૨૦૧૪માં ₹૩૭,૦૦૦ કરોડ હતું, તે હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ₹૧.૨૮ લાખ કરોડ થયું છે. શાહે કહ્યું હતું કે આ બધી સિદ્ધિઓ ત્યારે શક્ય છે જ્યારે યોજનાઓને પાયાના સ્તરે યોગ્ય રીતે લાગુ કરવામાં આવે, જેનાથી નાગરિકોના સ્વાસ્થ્યમાં અભૂતપૂર્વ સુધારો થાય.

અમિત શાહે ડૉક્ટરોને કહ્યું હતું કે તેમણે સારા પરિણામો પ્રાપ્ત કરવા માટે સરકારની આરોગ્ય યોજનાઓ અને માળખાગત સુવિધાઓ સાથે તેમના પ્રયાસોને એકીકૃત કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, દેશને સ્વસ્થ વસ્તીની જરૂર છે, અને ડૉક્ટરો અને આઈએમએની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. ૨૦૧૪ થી કેન્દ્ર સરકાર એક સર્વાંગી અભિગમ સાથે મજબૂત આરોગ્ય વ્યવસ્થા બનાવવા માટે પ્રયત્નશીલ છે. આમાં સ્વચ્છ ભારત મિશન, આયુષ્માન ભારત, ફિટ ઇન્ડિયા અભિયાન અને ખેલો ઇન્ડિયા જેવા કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ગૃહપ્રધાને જણાવ્યું હતું કે સરકારે જેનેરિક દવાઓ સસ્તી બનાવી છે, અનેક દવાઓ પરનો GST દૂર કર્યો છે અને તબીબી બેઠકોની સંખ્યામાં વધારો કર્યો છે. તેમણે માહિતી આપી હતી કે AIIMS નો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે, અને નજીકના ભવિષ્યમાં, ટેલિમેડિસિન અને વીડિયો દ્વારા પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રોને માર્ગદર્શન પૂરું પાડવા માટે એક કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

અમિત શાહે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ને સસ્તી, સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળમાં તેના યોગદાન પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તબીબી શિક્ષણમાં નીતિશાસ્ત્રનો સમાવેશ કરવો જરૂરી છે, અને આ સંદર્ભમાં IMA ની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે.

તેમણે એવું પણ સૂચન કર્યું હતું કે IMA એવા ડોક્ટરોની યાદી તૈયાર કરે જે સ્વેચ્છાએ ટેલિમેડિસિન દ્વારા દરરોજ ત્રણ કલાક જરૂરિયાતમંદ લોકોને તબીબી સલાહ આપવા તૈયાર છે. અમિત શાહે ડૉક્ટરોને કહ્યું હતું કે આજે, રોગના અભિગમને બદલે ''સુખાકારી'' અભિગમ અપનાવવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, દવાઓ ઉપરાંત, દર્દીઓને જીવનશૈલીમાં પરિવર્તન અને સ્વસ્થ ટેવો વિશે પણ સલાહ આપવી જોઈએ. ■

### બિહારમાં માલગાડી

લગભગ ૧૧-૨૫ વાગ્યે પૂર્વ રેલવેના આસનસોલ ડિવિઝન હેઠળ આવેલા લહાબોન અને સિમુલતલા રેલવે સ્ટેશનો વચ્ચે થયો હતો. જેના કારણે રાતભર આશરે બે ડઝન ટ્રેનોની અવરજવર ખોરવાઇ હતી અને મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. તેમણે જણાવ્યું કે આસનસોલ, મધુપુર અને ઝાઝા સ્ટેશનોથી અકસ્માત રાહત ટ્રેનો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. તેમજ ટ્રેક સાફ કરવાનું અને પુનઃસ્થાપન કરવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ઇઆર અધિકારીએ જણાવ્યું કે માલગાડી પાટા પરથી ખડી પડવાને કારણે પાટા બ્લોક થઇ જતાં કેટલીક એક્સપ્રેસ અને અન્ય પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી છે અથવા તેના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને તેને ડાયવર્ટ કરવામાં આવી છે. ■

### ગુજરાતના ૧૦૦ જેટલા

કરવામાં આવ્યા હતા. પોતે છેતરાયા હોવાનું જણાતા, આ યુવકો કંપનીમાંથી તક જોઈને નીકળી ગયા હતા અને હાલ મ્યાનમારના એક સેફ હાઉસમાં આશ્રય લીધો છે.

વીસ દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા, ગુંજન શાહે આ વધુ એક ઓડિયો ક્લિપ જાહેર કરી હતી.આ ઓડિયો ક્લિપમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ ભારતીય યુવકોના પૈસા અને ધીરજ ખૂટી રહી છે, અને તેમને તાત્કાલિક મદદની જરૂર છે.

અત્રે ઉલેખનીય છે કે, આ પૂર્વે પણ કુંજન શાહે વધુ ત્રણ ઓડિયો-ક્લિપ વાઇરલ કરીને પોતાની વ્યથા વ્યક્ત કરી હતી, જેમાં તે કહે છે કે જોબના નામ પર આખું સ્કેમિંગ ચાલી રહ્યું છે, જે ચાઈનીઝ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. મહિને ૭૫૦૦૦ રૂપિયાની લાલચ આપી આ લોકો જૂઠું બોલીને સ્કેમ કરે છે. અમે લોકોએ કીધું અમને તમારી જોડે કામ નથી કરવું અને અમે અહીં માયાવાડી વિસ્તારમાં એક એનજીઓમાં સહારો લઇ રહ્યા છીએ. ઇન્ડિયામાં શું થઈ રહ્યું છે, તેમને અમારા સમાચાર મળ્યા છે કે નહિ, મને ખબર નથી. અહીં ફોન અલાઉન્ડ નથી, અમે છાનામાના ફોન કરીએ છીએ. આ ગંભીર મામલે ૨૬ ડિસેમ્બરે સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદારે ફસાયેલા યુવકોને સુરક્ષિત ભારત પરત લાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત કેન્દ્રીય મંત્રીઓને પત્ર લખી રજૂઆત કરી હતી. ■

### લંડનમાં હિંદુ સમુદાય

પછી લંડનમાં આ પ્રદર્શન થયું છે. પશ્ચિમ બંગાળ અને આસામ સહિત અનેક રાજ્યોમાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને બાંગ્લાદેશ સરકાર પાસેથી જવાબદારીની માગ કરી હતી.

પ્રદર્શન દરમિયાન ખાલિસ્તાની સમર્થકોની અવળચંડાઇથી પ્રદર્શનકારીઓ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર ખાલિસ્તાની જૂથે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ખાલિસ્તાની ઝંડા લહેરાવ્યા હતા.

બાંગ્લાદેશ હાઇ કમિશનની બહાર હિન્દુ પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું કે આ આયોજન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને માનવીય હતું. તેનો કોઇ પણ દેશના આંતરિક રાજકારણ સાથે કોઇ સંબંધ નથી. તેઓનું કહેવું હતું કે તાજેતરના મહિનાઓમાં બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ વિરુદ્ધ હિંસાના બનાવો ચિંતાજનક રીતે વધ્યા છે. ■

### ભારત માટે ૨૦૨૫નું વર્ષ

હત્યા કરવામાં આવી હતી. ભારતે આના જવાબમાં સાત મે પાકિસ્તાનના આતંકવાદી માળખા પર હુમલો કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે દસ મેએ યુદ્ધવિરામ થયો હતો.

મોદીએ કહ્યું હતું કે આજ જુસ્સાથી લોકોએ દોઢસો વર્ષ પૂરાં કરનાર વંદે માતરમ્‌ને વધાવ્યું હતું. લોકોએ વંદે માતરમ્૧૫૦નું હેશટેગ બનાવીને સંદેશા અને સૂચનો શૅર કર્યા હતા. આપણા નાગરિકોએ આ ઝુંબેશમાં ઉત્સાહ સાથે સહભાગી થયા હતા.

મોદીએ નોંધ લીધી હતી કે ૨૦૨૫નું વર્ષ ખેલકૂદ માટે યાદગાર રહ્યું હતું. પુરુષની ટીમે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી અને મહિલા ક્રિકેટ ટીમે વિશ્વ કપ પહેલી વાર જીત્યો હતો. ભારતની બાળાઓએ વિમેન્સ બ્લાઈન્ડ ટી૨૦ વર્લ્ડ કપમાં નવા ઈતિહાસનું સર્જન કર્યું હતું. (એજન્સી) ■

### ''ભારતીય ભાષાઓને

પાઠશાળા' ખોલવાના પ્રયાસની પણ પ્રશંસા કરી હતી. ભારતથી હજારો કિલોમીટર દૂર કરવામાં આવેલા પ્રયોગ વિશે હું બોલવા માગું છું જે હૃદયદ્રાવક છે. ફિજીમાં નવી પેઢી તમિળ ભાષા સાથે જોડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે ગયા મહિને ફિજીના રાકી-રાકીની સ્કૂલમાં પ્રથમ વાર તમિળ ડેની ઉજવણી થઈ હતી. બાળકોએ તમિળમાં કવિતાનું પઠન કર્યું હતું અને પ્રવચન કર્યાં હતાં. (એજન્સી) ■

### ''ડૉક્ટરની સલાહ વિના

યુરિનરી ટ્રેક ઈન્ફેક્શન (યુટીઆઈ) જેવી બીમારીમાં બિનઅસરકારક બની છે. આ આપણા બધા માટે ચિંતાની બાબત છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે અહેવાલમાં જણાવ્યા પ્રમાણે આનું મોટું કારણ ઍન્ટિબાયૉટિકનો અવિવેકી ઉપયોગનો છે. ઍન્ટિબાયૉટિક એવી દવા નથી કે જે અવિચારી રીતે લઈ શકાય. મોદીએ વધુમાં કહ્યું હતું કે આ દવાઓ ડૉક્ટરની સલાહ વિના ન લઈ શકાય. હાલના દિવસોમાં લોકો માને છે કે ગોળી લેવાથી તેમની બધી સમસ્યાનો નિવેડો આવી જશે. આ જ કારણ એ છે કે હવે રોગ અને ચેપ એટલા મજબૂત થતા જાય છે કે ઍન્ટિબાયૉટિકની તેના પર અસર થતી નથી. (એજન્સી) ■

### 'ઓપરેશન સિંદૂર'થી

ઓપરેશન સિંદૂર શરૂ થયું, ત્યારે ઝરદારીએ જાહેરમાં સ્વીકાર્યું કે ઘણા પાકિસ્તાની નેતાઓ અને અધિકારીઓ સલામતી માટે બંકરમાં છુપાઈ રહ્યા છે, પરંતુ તેમણે પોતાનો ઘમંડ પણ દર્શાવ્યો હતો. ઝરદારીએ કહ્યું કે પાકિસ્તાન યુદ્ધના મેદાનમાં લડવામાં ડરતું નથી. પાકિસ્તાન યુદ્ધ માટે તૈયાર છે. અમારી પાસે શસ્ત્રો છે. અમે અમારા જીવનું બલિદાન આપવા તૈયાર છીએ.

નોંધનીય છે કે ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ નાગરિકોની હત્યા કરી હતી. ત્યારબાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં રહેલા આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કર્યા હતાં. ■

### ભારતે ઍરબેઝ નષ્ટ કર્યું

કહ્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના નેતૃત્વમાં પાકિસ્તાનના નાગરિક અને લશ્કરી નેતૃત્વએ ૯ મેની રાત્રે એક બેઠક યોજી હતી અને બદલાતી પરિસ્થિતિના પ્રતિભાવમાં ચોક્કસ નિર્ણયોને મંજૂરી આપી હતી. વિદેશ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતે ૧૦ મેની સવારે નૂર ખાન એર બેઝ પર હુમલો કરીને ભૂલ કરી હતી અને ત્યાં થયેલા નુકસાનને સ્વીકાર્યું હતું. ■

### કાશ્મીરમાં મહેબૂબા સહિત

કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન વ્યક્ત કરતા નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા હતા. મેહદીએ શનિવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે તેમના નિવાસસ્થાનની બહાર સશસ્ત્ર પોલીસ તૈનાત કરવામાં આવી છે. તેમણે પ્રશ્ન કર્યો, ''શું આ વિદ્યાર્થીઓના સમર્થનમાં શાંતિપૂર્ણ પ્રદર્શનને દબાવવા માટે પૂર્વ-આયોજિત કાર્યવાહી છે?'' પારાએ જમ્મુ અને કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લા સરકાર પર અનામત મુદ્દાને ઉકેલવાનો કોઈ ઈરાદો ન દર્શાવવાનો પણ આરોપ લગાવ્યો અને કહ્યું હતું કે વર્તમાન અનામત નીતિ અસ્તિત્વનો વિષય બની ગઈ છે. શનિવારે રાત્રે અન્ય એક પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે અનામત નીતિ એક અસ્તિત્વનો મુદ્દો બની ગઈ છે જે આપણી યુવા પેઢીના ભવિષ્યના પાયા પર પ્રહાર કરે છે. ■

### ભારતનો રદિયો

માહિતી મળી નથી. અહેવાલમાં આપવામાં આવેલા નામના કોઇપણ આરોપી ગારો હિલ્સમાં મળી આવ્યા નથી કે કોઇ ધરપકડ કરવામાં આવી નથી. અહેવાલમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે બંને આરોપીઓને સ્થાનિક લોકોએ મદદ કરી હતી. પૂર્તિ નામના વ્યક્તિએ સરહદ પાર કર્યા બાદ બંને આરોપીઓનું સ્વાગત કર્યું હતું. તેમજ સામી નામના ટેક્સી ડ્રાઇવરે તેમને તુરા પહોંચાડ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

પોલીસ હેડક્વાર્ટર અધિકારીએ જણાવ્યું કે મેઘાલયમાં ક્યાંય પણ પૂર્તિ કે સામીની ઓળખ કે ધરપકડ કરવામાં આવી નથી. આ વાર્તા ભારતીય અધિકારીઓ સાથે ચકાસણી કે સંકલન વિના ઉપજાવી કાઢવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. પોલીસના વલણને સમર્થન આપતા બોર્ડર સિક્યુરિટી ફોર્સ(મેઘાલય ફ્રન્ટિયર)ના ઇન્સ્પેક્ટર જનરલ ઓપી ઉપાધ્યાયે આ દાવાઓનું સંપૂર્ણ ખંડન કરતાં કહ્યું કે એવા કોઇ પુરાવા નથી કે આ લોકો હલુઆઘાટ સેક્ટરથી આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને મેઘાલયમાં આવ્યા હોય. બીએસએફએ આવી કોઇ ઘટના જોઇ નથી કે એવા કોઇ રિપોર્ટ મળ્યા નથી. આ દાવાઓ પાયાવિહોણા અને ભ્રામક છે. તેમણે વધુમાં કહ્યું કે બીએસએફ માત્ર વેરિફાઇડ ગુપ્ત માહિતી અને સ્થાપિત બોર્ડર મેનેજમેન્ટ પ્રોટોકોલના આધારે કામ કરે છે. ■

### હાદીના હત્યારા ભારતમાં

ભાગવામાં મદદ કરનારા બે વ્યક્તિઓ પૂર્તિ અને સામીની ભારતમાં અધિકારીઓએ અટકાયત કરી છે. ડીએમપી અધિકારીએ કહ્યું કે બાંગ્લાદેશ સરકાર શકમંદોને પરત લાવવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. અમે તેમની ધરપકડ અને પ્રત્યર્પણ સુનિશ્ચિત કરવા માટે ઔપચારિક અને અનૌપચારિક બંને માધ્યમોથી ભારતીય અધિકારીઓના સંપર્કમાં છીએ. જો કે ડીએમપી અધિકારીએ બંને ક્યારે ભારત ભાગી ગયા તે જણાવ્યું ન હતું.

ઢાકામાં ઇન્કલાબ મંચના ૩૨ વર્ષીય યુવા નેતા ઉસ્માન હાદીની હત્યા બાદ બાંગ્લાદેશમાં ફરી રાજકીય હિંસા ફાટી નીકળી છે. એવામાં ઢાકા મેટ્રોપોલિટન પોલીસે દાવો કર્યો છે કે હાદીની હત્યાના આરોપીઓ સરહદ પાર કરીને ભારતના મેઘાલય રાજ્યના તુરુ શહેરમાં પહોંચી ગયા છે, મેઘાલય પોલીસ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સએ આવા તમામ દાવા ફગાવી દીધા છે. ■

# અભિષેકની તોફાની બૅટિંગ, એક કલાકમાં ૪૫ છગ્ગા ફટકાર્યા

## સ્ટેડિયમની બહાર ઘરોમાં પડ્યા બૉલ



જયપુરઃ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયનો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા હાલમાં વન-ડે ફૉર્મેટની વિજય હઝારે ટ્રોફીમાં ધમાલ મચાવી રહ્યો છે અને સોમવારે આ ટૂર્નામેન્ટનો નવો રાઉન્ડ શરૂ થાય એ પહેલાં પંજાબના આ લેફ્ટ-હૅન્ડ ઓપનરે નેટ પ્રૅક્ટિસમાં કમાલની ફટકાબાજી કરી છે.

સોમવારે (સવારે ૯.૦૦ વાગ્યાથી) જયપુરમાં પંજાબનો મુકાબલો ઉત્તરાખંડ સામે થશે. આ મૅચ માટે રવિવારે નેટ સેશનમાં અભિષેકે ખાસ કરીને સ્પિન બોલર્સની બોલિંગની ધુલાઈ કરી હતી. તેણે સત્ર દરમ્યાન કલાકમાં કુલ મળીને ૪૫ છગ્ગા ફટકાર્યા હતા. તેણે સહજ ટાઇમિંગ, ઝડપથી ફટકો મારવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ બતાવ્યા હતા. તેણે ટી-૨૦ ઉપરાંત વન-ડેની ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ બૅટિંગમાં લય જાળવી રાખ્યો છે.

અભિષેક નેટ પ્રૅક્ટિસ દરમ્યાન આક્રમક મૂડમાં હતો, પૂર્ણપણે રિધમમાં પણ જોવા મળ્યો હતો અને ૨૦૨૫ની જેમ ૨૦૨૬નું વર્ષ પણ ભારતીય ક્રિકેટ માટે શાનદાર બનાવવાના મિજાજમાં જોવા મળ્યો હતો. તેણે જયપુરના બાહ્ય ભાગના અનંતમ ક્રિકેટ ગ્રાઉન્ડ પર લગભગ એક કલાક સુધી બૅટિંગ કરી હતી. બૅટિંગમાં સંરક્ષણ નીતિ તેના માટે માત્ર એક ઔપચારિકતા જ બની ગઈ છે.

નેટમાં સ્પિન બોલર્સને પિચ પર સારા ટર્ન મળી રહ્યા હતા છતાં અભિષેકે પોતાની રણનીતિ સ્પષ્ટપણે બતાવી દીધી હતી. તેણે છગ્ગાનો જાણે વરસાદ વરસાવ્યો હતો. એક પછી એક સિક્સર ફટકારીને તેણે સ્પિનર્સની બોલિંગને ચીંથરેહાલ કરી મૂકી હતી. તેણે સતતપણે ઑફ-સ્પિન, લેગ-સ્પિન અને લેફ્ટ-આર્મ ઑર્થોડૉક્સ બોલર્સનો સામનો કર્યો હતો. તેમણે પિચ પર હળવું રોલર ફેરવવાની માગણી જરૂર કરી હતી એમ છતાં પિચના બાહ્ય સ્તરમાં ખાસ કંઈ ફેરફાર નહોતો થયો અને અમુક બૉલ અજબ રીતે ઉછળતા હતા. કોઈક બૉલ ખતરનાક રીતે નીચો પણ રહી જતો હતો. તે બે-ત્રણ વખત બીટ થયો હતો. જોકે વારંવાર આગળ ક્રીઝની બહાર આવીને તેણે ફટકા પણ માર્યા હતા. ઘણી વાર તેણે આત્મવિશ્વાસપૂર્વક બૉલને ગેપમાં મોકલ્યા હતા. તેના ઘણા શૉટમાં બૉલ એક્સ્ટ્રા કવરમાંથી બાઉન્ડરી લાઇન તરફ ગયો હતો. તેના કેટલાક ઊંચા શૉટમાં બૉલ નજીકની ઇમારત નજીક પડ્યો હતો.

અભિષેક આ રણનીતિમાં સફળ રહ્યો એટલે નેટ સેટ-અપ બદલાવવામાં આવ્યું હતું. શૉર્ટ એક્સ્ટ્રા કવર પર એક ફીલ્ડિંગ નેટ લગાવવામાં આવી હતી કે જેથી તે ખોટા ટાઇમિંગવાળા શૉટમાં વિકેટ ગુમાવી બેસે. જોકે તે એક વાર એ જાળમાં ફસાયા બાદ તરત તેણે સુધારો કરીને શૉટ ફટકારીને રનગતિ વધારી હતી. અભિષેકે પછીથી બોલિંગ પણ કરી હતી. ■

## આજે હઝારે ટ્રોફીમાં નવા રાઉન્ડની મૅચો રમાશે

જયપુરઃ અહીં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં નવા રાઉન્ડની મૅચો રમાશે, જેમાં મુંબઈનો મુકાબલો છત્તીસગઢ સામે થશે. ગ્રૂપ-સીમાં મુંબઈ મોખરે છે. બીજા નંબરની ટીમ પંજાબનો મુકાબલો ઉત્તરાખંડ સામે થશે જેમાં પંજાબના અભિષેક શર્માને વધુ એક મોટી ઇનિંગ્સ રમવાનો મોકો મળશે. અન્ય કેટલીક મૅચોમાં સૌરાષ્ટ્ર વિરુદ્ધ દિલ્હી, ગુજરાત વિરુદ્ધ હરિયાણા, બરોડા વિરુદ્ધ ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર વિરુદ્ધ હિમાચલ પ્રદેશની ટક્કર થશે. ■

# ૧૦,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન

# સ્મૃતિ મંધાના વિશ્વભરની બૅટર્સમાં ફાસ્ટેસ્ટ



તિરુવનંતપુરમઃ મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં સ્મૃતિ મંધાના ૧૦,૦૦૦ રન પૂરા કરનારી વિશ્વની ચોથી બૅટર બની છે અને વધુ આનંદની વાત તો એ છે કે ઇનિંગ્સની દૃષ્ટિએ ચારેય બૅટર્સમાં સ્મૃતિ ફાસ્ટેસ્ટ છે.

સ્મૃતિ ૧૦,૦૦૦ ઇન્ટરનૅશનલ રન પૂરા કરનારી ભારતની બીજી પ્લેયર બની છે. તેની પહેલાં મિતાલી રાજે આ સિદ્ધિ મેળવી હતી. અન્ય બે બૅટરમાં ન્યૂ ઝીલૅન્ડની સુઝી બેટ્સ અને ઇંગ્લૅન્ડની શાર્લોટ એડવર્ડ્સનો સમાવેશ છે.

મિતાલી રાજ નિવૃત્ત થઈ ચૂકી છે. રવિવાર સુધી આ લિસ્ટમાં તે ફાસ્ટેસ્ટ હતી. તેણે કુલ ૨૯૧ ઇનિંગ્સમાં ૧૦,૮૬૮ રન કર્યા હતા અને તેના એ રન વિશ્વભરની તમામ મહિલા બૅટર્સમાં સૌથી વધુ છે. ૨૯ વર્ષની સ્મૃતિ મંધાનાએ ટેસ્ટ ફૉર્મેટમાં ૬૨૯ રન, વન-ડેમાં ૫,૩૨૨ રન અને ટી-૨૦માં ૪,૧૦૨ રન કર્યા છે. ગયા મહિને તે વન-ડેમાં એક કૅલેન્ડર યરમાં ૧,૦૦૦ રન પૂરા કરનારી વિશ્વની પહેલી જ મહિલા ખેલાડી બની હતી. ૨૦૨૫ના વર્ષમાં તેણે ૧,૩૬૨ રન કર્યા છે તમામ મહિલા બૅટર્સમાં હાઇએસ્ટ છે. તે મહિલા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં કુલ ૪,૦૦૦ રન પૂરા કરનારી (સુઝી બેટ્સ) પછીની વિશ્વની બીજી જ ખેલાડી છે. ■

### ભારત રેકૉર્ડ-બ્રેક સ્કોર સાથે જીત્યુંઃ ૪-૦થી આગળ

ચોથી ટી-૨૦માં ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને જીતવા ૨૨૨ રનનો જે લક્ષ્યાંક આપ્યો હતો એ સામે પ્રવાસી ટીમે જોરદાર લડત આપી હતી, પરંતુ છેવટે ભારતે ૨/૨૨૧નું પોતાનું નવું વિક્રમજનક ટોટલ ડિફેન્ડ કરવામાં સફળતા મેળવી હતી. શ્રીલંકાની ટીમ છ વિકેટે ૧૯૧ રન કરી શકી હતી, એ પહેલાં, ભારતે બે વિકેટે ૨૨૧ રન કર્યા હતા. સ્મૃતિ (૮૦ રન) અને શેફાલી વર્મા (૭૯ રન) વચ્ચે ૧૫.૨ ઓવરમાં ૧૬૨ રનની વિક્રમી ભાગીદારી થઈ હતી. ■

**કોના ૧૦,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન સૌથી ઓછી ઈનિંગ્સમાં**

| ક્રમ | નામ | દેશ | ઇનિંગ્સ | રન |
|---|---|---|---|---|
| ૧ | સ્મૃતિ મંધાના | ભારત | ૨૮૧ | ૧૦,૦૫૩ |
| ૨ | મિતાલી રાજ | ભારત | ૨૯૧ | ૧૦,૮૬૮ |
| ૩ | શાર્લોટ એડવર્ડ્સ | ઇંગ્લૅન્ડ | ૩૦૮ | ૧૦,૨૭૩ |
| ૪ | સુઝી બેટ્સ | ન્યૂ ઝીલૅન્ડ | ૩૧૪ | ૧૦,૬૫૨ |

# ગૌતમ ગંભીરની નોકરી સલામત છે કે નહીં? બીસીસીઆઇએ સ્પષ્ટતા કરી દીધી કે...





નવી દિલ્હીઃ ટેસ્ટ-ટીમના હેડ-કોચના સ્થાનેથી ગૌતમ ગંભીરને હટાવીને બીજા કોઈને નીમવાની તૈયારી થઈ રહી હોવાની શનિવારથી ફેલાઈ રહેલી અફવાને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ખોટી ગણાવી છે. મીડિયામાં એવી વાત ફેલાઈ હતી કે બીસીસીઆઇ દ્વારા ટેસ્ટ-ટીમના કોચ તરીકે ગંભીરના અનુગામી તરીકે બૅટિંગ-લેજન્ડ વીવીએસ લક્ષ્મણનો સંપર્ક કરવામાં આવ્યો છે, પરંતુ ક્રિકેટ બોર્ડે આ અહેવાલ સાચો ન હોવાનું જણાવ્યું છે.

ગયા વર્ષે રાહુલ દ્રવિડના ત્રણ વર્ષના સફળ કોચિંગ બાદ ટીમ ઇન્ડિયાને ત્રણેય ફૉર્મેટમાં કોચિંગ આપવાની જવાબદારી ગંભીરને સોંપવામાં આવી હતી. વાઇટ-બૉલ ક્રિકેટ (વન-ડે અને ટી-૨૦)માં એકંદરે ભારતે ગંભીરના શાસનકાળ દરમ્યાન સારું પર્ફોર્મ કર્યું છે (ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી છે તથા એશિયા કપમાં ચૅમ્પિયનપદ પણ મેળવ્યું છે), પરંતુ રેડ-બૉલ ફૉર્મેટ (ટેસ્ટ)માં ભારતીયો સારું નથી રમ્યા. પરિણામે, ગંભીર પાસેથી ટેસ્ટ ટીમને કોચિંગ આપવાની જવાબદારી પાછી લઈ લેવાની હિલચાલ થઈ રહી છે એવો અહેવાલ બે દિવસથી ફેલાયો છે. ૨૦૨૫ના વર્ષમાં ભારતીયો જે ૧૦ ટેસ્ટ રમ્યા એમાંથી ચાર જ જીત્યા છે, પાંચમાં હાર જોઈ છે અને એક ટેસ્ટ ડ્રૉ રહી છે. એમાં પણ ખાસ કરીને સાઉથ આફ્રિકા સામે ભારતીયો ઘરઆંગણે ૦-૨થી હારી ગયા અને સાઉથ આફ્રિકનો અઢી દાયકામાં પહેલી વાર ભારતમાં ટેસ્ટ શ્રેણી જીતવામાં સફળ રહ્યા હતા.

સમાચાર સંસ્થા એએનઆઇના અહેવાલ અનુસાર ગંભીર-લક્ષ્મણના મુદ્દે ફેલાયેલી ખબર બાબતમાં બીસીસીઆઇના સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું છે કે ‘ જે પણ સમાચાર ફેલાયા છે એ ખોટા છે. એમાં કોઈ તથ્ય નથી અને એ જાણકારી કાલ્પનિક છે. બીસીસીઆઇ આ ખબરને ખોટી ગણાવે છે.’ ■

# નીરજ-હિમાનીનાં લગ્નનાં રિસેપ્શનમાં મોદીની હાજરી



નવી દિલ્હીઃ ભાલાફેંકના ઑલિમ્પિક મેડલ વિજેતા અને ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન નીરજ ચોપડા અને ટેનિસ ખેલાડી હિમાની મોરનાં લગ્નનાં રિસેપ્શનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત હતા, જેનો વીડિયો અને ફોટો વાઇરલ થયા છે.

નીરજ અને હિમાનીએ આ વર્ષના જાન્યુઆરીમાં લગ્ન કર્યાં હતાં. ત્યારે તેમણે લગ્ન વિશે કોઈને અણસાર પણ નહોતો આવવા દીધો. પરિવારજનો અને નજીકના મિત્રોની હાજરીમાં તેઓ લગ્નનાં બંધનમાં જોડાયાં હતાં, જેની તસવીરો પછીથી સોશ્યલ મીડિયામાં શૅર કરવાની સાથે નીરજે હિમાની સાથે પોતે લગ્નગ્રંથિથી જોડાયો છે એવું જાહેર કર્યું હતું. હવે લગ્નના લગભગ એક વર્ષ બાદ નીરજ અને હિમાનીએ લગ્નનું રિસેપ્શન રાખ્યું જેમાં અનેક મહાનુભાવો અને અન્ય મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. યુગલે ૨૬મી ડિસેમ્બરે (શુક્રવારે) કર્નાલમાં અને ૨૭મી ડિસેમ્બરે (શનિવારે) દિલ્હીની ધ લીલા પૅલેસ હૉટેલમાં રિસેપ્શન રાખ્યું હતું. એક જાણીતી ચૅનલના અહેવાલ અનુસાર દિલ્હીના રિસેપ્શનમાં વડા પ્રધાન મોદીએ હાજરી આપી હતી. ઉલ્લેખનીય છે કે ગયા અડવાડિયે નીરજ અને હિમાની વડા પ્રધાનને પાટનગરમાં તેમના નિવાસસ્થાને મળ્યાં હતા અને ત્યારે તેમને રિસેપ્શનનું આમંત્રણ આપ્યું હતું. ■

## પાકિસ્તાની ખેલાડીએ ભારતીય તિરંગો ઓઢ્યો એટલે પ્રતિબંધ મૂકાયો

કરાચીઃ પાકિસ્તાનનો કબડ્ડી પ્લેયર ઉબઈદુલ્લા રાજપૂત આંતરરાષ્ટ્રીય ખેલકૂદ ક્ષેત્રે જાણીતો છે અને તેણે ભારત પ્રત્યે સહાનુભૂતિ બતાવી એ બદલ પાકિસ્તાનના ખેલકૂદ સત્તાધીશોએ તેની સામે કડક પગલું ભર્યું છે જેમાં તેના રમવા પર અનિશ્ચિત મુદત માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ મહિનાની શરૂઆતમાં બહરીનમાં એક પ્રાઇવેટ કબડ્ડી ટૂર્નામેન્ટ યોજાઈ હતી જેમાં ઉબઈદુલ્લા રાજપૂતે છેલ્લી ઘડીએ થયેલા ફેરફારને પગલે ભારતીય ટીમ વતી ભાગ લીધો હતો. તે ભારતીય જર્સી પહેરીને રમ્યો હતો અને મૅચ જીત્યા પછી તેણે ખભા પર ભારતીય તિરંગો પણ ઓઢ્યો હતો. ■

## ગુજરાત

# પાટીદાર યુવતી આરતી સંઘાણીના વાલ્મીકિ યુવક સાથે પ્રેમલગ્નનો મુદ્દો વકર્યો, બન્ને સમાજ આમને-સામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પુખ્ત વયની ઉંમરે પોતાનો જીવનસાથી પસંદ કરવો બંધારણીય હક હોવા છતાં આજે પણ આંતરજ્ઞાતિય લગ્નો વિવાદનો વિષય બને છે. ગુજરાતમાં થોડા દિવસ પહેલા સિંગર કિંજલ દવેના અને ત્યારબાદ અન્ય એક સિંગર આરતી સંઘાણીના અન્ય જ્ઞાતિના યુવક સાથેના સંબંધો વિવાદોનું કારણ બન્યાં છે.

આરતી સંઘાણી પટેલ પરિવારમાંથી આવે છે જ્યારે તેનો પતિ તબલાવાદક દેવાંગ ગોહેલ વાલ્મીકિ સમાજમાંથી આવે છે. બન્ને વચ્ચે દોઢેક વર્ષથી પ્રેમસંબંધ હતો અને બન્નએ થોડા દિવસો પહેલાં લગ્ન કરી લીધાં હતાં. ત્યારબાદ આરતીના પિતાએ આ મામલે દુઃખ વ્યક્ત કર્યું હતું અને પાટીદાર સમાજ તેમના સમર્થનમાં આવ્યો હતો. પાટીદાર યુવાનેતા કલ્પેશ કથિરિયા પણ આરતીના પિતાના સમર્થનમાં આવ્યા હતા.

તો બીજી બાજુ વાલ્મીકિ સમાજે પણ દેવાંગની તરફેણમાં નિવેદન આપ્યું હતું. સમાજના નેતા ઉમંગ વાઘેલાએ જણાવ્યું હતું કે પરિવાર દીકરી મોટી કરે અને પછીથી દીકરી પોતાની મરજીથી પ્રેમલગ્ન કરે તો પરિવારને દુઃખ થાય તે સમજી શકાય, પરંતુ થોડા સમય પહેલા જ અમરેલીના બગસરામાં પટેલ સમાજના દીકરાએ વાલ્મીકિ સમાજની દીકરી સાથે લગ્ન કર્યાં હતાં અને વાલ્મીકિ સમાજને ત્યાં જાન લઈને આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, જો તેઓ અમારી દીકરીને સ્વીકારી શકતા હોય તો દીકરાને કેમ ન સ્વીકારે. તેમણે પટેલ સમાજના યુવાનોને પણ આ અંગે સમજવા માટે અપીલ કરી હતી અને આગળ આવવા અપીલ કરી હતી.

બીજી બાજુ આરતીએ પતિ દેવાંગ સાથે એક વીડિયો સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો હતો. જેમાં તેમે કહ્યું હતું કે અમે બંને એકબીજાને ખૂબ પ્રેમ કરીએ છીએ. શું પ્રેમ કરવો કોઈ ગુનો છે? તેણે સમાજના વિરોધ અંગે કહ્યું કે, તમે બેટી બચાવો, બેટી પઢાઓની વાતો કરો છો, તો શું એક દીકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો કોઈ અધિકાર નથી? અંતમાં, આરતીએ આશા વ્યક્ત કરી હતી કે લોકો તેમના આઝાદીથી અને સન્માનપૂર્વક જીવવાના અધિકારને સમજશે. ■

# ભાજપે નવી ટીમ જાહેર કરી, આજે પ્રદેશાધ્યક્ષ સાથે બેઠક યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપે શનિવારે મોડી રાત્રે પ્રદેશ ભાજપ સંગઠનની નવી ટીમ જાહેર કરી હતી. પ્રદેશાધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની આગેવાનીમાં નવી ટીમની આજે બેઠક યોજાશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની નવી ટીમમાં ૧૦ ઉપપ્રમુખ છે. યુવા અને અનુભવી ચહેરાનું મિશ્રણ છે.

ઓક્ટોબર ૨૦૨૫માં જગદીશ વિશ્વકર્માને ગુજરાત ભાજપ પ્રદેશના પ્રમુખ બનાવાયા હતા. ત્યારે હવે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા પ્રદેશ સંગઠનના નવા હોદ્દેદારો અને વિવિધ મોરચાઓના પ્રમુખોની નિમણૂક કરવામાં આવી છે. આ યાદીમાં અનુભવી અને યુવા નેતાઓનાં નામ જોવાં મળ્યાં છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા પ્રદેશ ઉપપ્રમુખ, પ્રદેશ મહામંત્રી, પ્રદેશ મંત્રી, પ્રદેશ કોષાધ્યક્ષ, પ્રદેશ મુખ્ય પ્રવક્તા, પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ તથા પ્રદેશ મોરચાના પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે. આ યાદીમાં ૧૦ ઉપપ્રમુખ, ૪ મહામંત્રી, ૧૦ મંત્રી, ૭ મોરચા પ્રમુખ તથા ૧-૧ કોષાધ્યક્ષ, સહ કોષાધ્યક્ષ, કાર્યાલય મંત્રી, મુખ્ય પ્રવક્તા અને મીડિયા ઇન્ચાર્જનો સમાવેશ થાય છે.

નવા ભાજપ સંગઠનમાં અનિરુદ્ધ દવે, ડો. પ્રશાંત કોરાટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ અને અજય બ્રહ્મભટ્ટને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. મોરચા પ્રમુખોની વાત કરીએ તો ડો. હેમાંગ જોશીને યુવા મોરચા, અંજુબેન વેકરીયાને મહિલા મોરચા, હિરેન હિરપરાને કિસાન મોરચા, માનસિંહ પરમારને ઓ.બી.સી. મોરચા, ડો. કિરીટ સોલંકીને એસ.સી. મોરચા, ગણપત વસાવાને એસ.ટી. મોરચા તથા નાહિન કાઝીને લઘુમતી મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યાં છે. ડો. અનિલ પટેલને મુખ્ય પ્રવક્તા તથા પ્રશાંત વાળાની મીડિયા ઈન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ડો. પરિન્દુ ભગતને કોષાધ્યક્ષ તથા મોહન કુંડારીયાને સહ કોષાધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. શ્રીનાથ શાહને કાર્યાલય મંત્રી તરીકેનો પદભાર સોંપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, નવા સંગઠનના કુલ ૩૬ સભ્યોમાંથી ૯ સભ્યો સૌરાષ્ટ્રના છે.

થોડા મહિનાઓ બાદ ગુજરાતની સ્થાનિક ચૂંટણી યોજાશે. તે પહેલા સંગઠનના સભ્યોએ પોતપોતાની ભૂમિકાઓ સંભાળી લેવી પડશે. ■

# ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલ થોળ પક્ષી અભયારણ્યની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં પૂર્વ મુખ્ય પ્રધાન અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મહેસાણા જિલ્લાના કડી પાસે આવેલા થોળ પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે થોળ અભયારણ્યના વિસ્તારમાં પક્ષી દર્શન કરી નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ વન વિભાગ અને સ્થાનિક પક્ષીવિદો પાસેથી અભયારણ્યમાં આવતા પક્ષીઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. સ્થાનિક પક્ષીવિદ દ્વારા બારહેડેડ ગીઝ, ગ્રેલેગ ગીઝ, ડાલમેસીયન પેલીકન, કોમન ક્રેન, બ્રામણી ડક, રફ એન્ડ રીવ વગેરે જેવા યાયાવર પક્ષીઓ સાયબિરીયા, રશીયા, માંગોલિયા, કઝાકિસ્તાન, ચીન વગેરે દેશોમાંથી આવે છે, તે અંગે રાજ્યપાલને અવગત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રાજ્યપાલએ સ્થાનિક અધિકારીઓ સાથે થોળ અભયારણ્યમાં નેચર વૉક કર્યું હતું. નેચર વૉક દરમિયાન રાજ્યપાલએ થોળ અભયારણ્યની મુલાકાતે આવેલા પ્રવાસીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો અને નાયબ વન સંરક્ષક સાથે આગામી સમયમાં અભયારણ્યમાં યાયાવર પક્ષીઓના સંરક્ષણ માટેની પહેલ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલએ થોળ અભયારણ્ય સંકુલ ખાતે ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોળ પક્ષી અભયારણ્ય સરોવરનો વિસ્તાર ૬૦૦ હેકટર ૬.૯૯, ચો.કિ.મી. છે. સિંચાઈ તળાવ તરીકે ઉપયોગમાં લેવાતા આ સરોવરમાં હજારોની સંખ્યામાં જળાશયનાં પક્ષીઓ આવે છે, વસવાટ કરે છે અને શિયાળામાં આવતા યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન બની રહે છે. થોળ પક્ષી અભયારણ્યને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ રામસર સાઈટ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં જલપ્લાવિત વિસ્તાર તરીકે માન્યતા પ્રાપ્ત થયેલો છે. થોળ અભયારણ્યમાં છેલ્લી પક્ષી ગણતરી મુજબ ૫૫૫૮૭ જેટલાં તથા જુદાં જુદાં અંદાજીત ૭૪ જાતિનાં પક્ષીઓ નોંધાયેલ હતાં. આ ઉપરાંત અત્યાર સુધી ૩૨૦થી વધારે જાતિના કુલ પક્ષીઓ નોંધાયેલ છે, જેમા ૭૮ જાતિના યાયાવર(માયગ્રેટરી) પક્ષીઓનો સમાવેશ થાય છે. થોળ પક્ષી અભયારણ્ય ૧૧૮ જાતિના પક્ષીઓનું ઘર છે. ■

# ખુલ્લી ગટરની દુર્ઘટના બાદ વડોદરા મનપાએ કોન્ટ્રાક્ટર અને અધિકારીને સામે પગલાં લીધાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના માંજલપુરમાં ખુલ્લી ગટરમાં એક ૪૨ વર્ષીય યુવાનની અકસ્માતે પડી જવાના મોતની ઘટના બાદ મનપા કમિશનરે કડક પગલાં લીધાં હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. મનપાએ જવાબદાર કોન્ટ્રાક્ટરની કંપનીને બ્લેક લિસ્ટ કરી નાખી હતી. તંત્ર દ્વારા લેવામાં આવેલું આ પગલું કડક અને યોગ્ય માનવામા આવી રહ્યું છે.

તો બીજી બાજુ કોન્ટ્રાક્ટરને કાયદાકીય રીતે પણ જવાબદારીનું ભાન થાય તે માટે મનપા દ્વારા પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કોન્ટ્રાક્ટર સામે ફોજદારી ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

મનપાએ માત્ર કોન્ટ્રાક્ટર જ નહીં, પરંતુ પોતાના અધિકારીને પણ કારણદર્શક નોટિસ આપી હતી પાણી પુરવઠા વિભાગના અધિકારીને કારદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, જેમણે કામ કર્યા બાદ દેખરેખ ન રાખતા આ અકસ્માત સર્જાયો હતો.

વડોદરામાં વિપુલસિંહ ઝાલા નામના એક યુવાનનું મેનહોલ ખુલ્લો હોવાને કારણે કરુણ મોત નિપજ્યુ હતું. માત્ર ૪૨ વર્ષનો યુવાન પરિવાર સાથે માંજલપુર વિસ્તારમાં બહાર જમવા ગયો હતો. કાર પાર્ક કરી પાછો આવતો હતો ત્યારે અંધારામાં ખુલ્લી ગટર ન દેખાતા તેઓ ગરકાવ થઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે તેમને બહાર કાઢ્યા હતા, પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કરતા પરિવાર અને પરિચિતોમાં શોક અને રોષની લાગણી ફેલાઈ હતી. ■

# બોટાદમાં પિકઅપ વાન પલટી, બે મહિલાનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર નજીક આવેલા બોટાદમાં એક પરિવાર માટે પિકનિક માતમનું કારણ બની ગઈ હતી. પિકનિકમાં જતા સમયે પીક અપ ગાડી પલટી મારી જતા એક જ પરિવારની બે મહિલાનાં મોત નિપજ્યાં હતાં અને ૧૬ જણને ઈજા થઈ હતી. બોટાદમાં રવિવારે મુસ્લિમ પરિવારના લોકો પિક અપ ગાડીમાં જઈ રહ્યા હતા ત્યારે ગાડી પલટી જતા ૪૫ અને ૨૨ વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતું. ઈજાગ્રસ્તોને સબિહા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર લગભગ ૧૮ જણ એકસાથે સંબંધીની વાડીએ પિકનિક મનાવવા જઈ રહ્યા હતા. બોટાદના મિલિટ્રી રોડ પરથી વાહન પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવતા વાહન પલટી મારી ગયું હતું. અકસ્માતમાં એક જ પરિવારની બે મહિલા ઘટના સ્થળે મૃત્યુ પામી હતી અને અન્યોને નાની-મોટી ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતા સ્થાનિકો અને પોલીસ કાફલો દોડી આવી હતી. ■

# સુરત મનપાની ચૂંટણી પહેલા જ કૉંગ્રેસને ઝટકો, મહિલા મોરચાની ૧૧ સભ્યનાં સામૂહિક રાજીનામા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે જ રાજકારણ ગરમાયું છે. સુરત શહેર કૉંગ્રેસમાં આંતરિક જૂથબંધી અને વિવાદો વકરતા પક્ષમાં મોટું ભંગાણ સર્જાયું છે. શહેર પ્રમુખની કાર્યશૈલી સામે વિરોધ નોંધાવી મહિલા મોરચાની ૧૧ હોદ્દેદારોએ સામૂહિક રાજીનામા ધરી દેતા કૉંગ્રેસમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ૧૧ સભ્યોના એકસાથે રાજીનામા પડતા હાઈકમાન્ડ પણ દોડતું થયું છે. હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ નેતૃત્વ સુરત કૉંગ્રેસના આ આંતરિક વિખવાદને ડામવા માટે કેવા પગલાં ભરે છે અને વિપુલ ઉધનાવાલા સામે કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તેના પર સૌની નજર છે. મહિલા કાર્યકર્તાઓએ પ્રદેશ મહિલા કૉંગ્રેસના પ્રમુખ ગીતા પટેલને ઉદ્દેશીને મોકલેલા રાજીનામામાં ગંભીર આક્ષેપો કર્યા હતા. મહિલાઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાની માનસિકતા મહિલા વિરોધી છે. કાર્યકર્તાઓ સાથે તેમનું વર્તન અસભ્ય અને અપમાનજનક રહેતું આવ્યું છે. તેમના દ્વારા સતત કરવામાં આવતા માનસિક ત્રાસ અને મનસ્વી નિર્ણયોથી કાર્યકર્તાઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપુલ ઉધનાવાલા જ્યારે શહેર પ્રમુખ બન્યા ત્યારથી જ પક્ષના જૂના અને વફાદાર કાર્યકર્તાઓમાં અસંતોષ જોવા મળતો હતો. અગાઉ પણ અનેક કાર્યકર્તાઓએ તેમની મનમાની અને કાર્યશૈલી બાબતે પ્રદેશ કક્ષાએ રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ નક્કર ઉકેલ ન આવતા અંતે મહિલા કાર્યકર્તાઓએ આકરો નિર્ણય લીધો છે. ■

# સંસ્થા સમાચાર

## વિશ્વનું સર્વપ્રથમ શ્રી કલ્યાણ મંદિર નૂતન રંગમંડપનું નિર્માણ ને જિર્ણોદ્ધાર

જિનશાસનની પાવન શાશ્વત ભૂમિ પાલિતાણા મહાતીર્થ નજીક પાલિતાણા હાઇવે, માલપરા સ્થિત અર્હમ પ્રભાવક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત નંદનવન સામ્રાજ્યે માર્મિક પ્રવચનકાર, જ્યોતિષ વિશારદ, શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થના પ્રણેતા પૂ. આચાર્યશ્રી રવિદેવસૂરીશ્વરજી મ.સા. પૂ. મુનિરાજ શ્રી આગમ પ્રિયવિજયજી મ.સા. (ભાઈ મ.), પૂ. સાધ્વીજી શ્રી જીનરૂચીશ્રીજી મ.સા.( બા મહારાજ) અને પૂ. સા. શ્રી યોગરૂચીશ્રીજી મ.સા. (બેન મ.) આદિ ઠાણાનો યશસ્વી ચાતુર્માસ મુંબઈના ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસરમાં સંપન્ન થયો. પાલિતાણા પાસે વિશ્વનું સર્વપ્રથમ શ્રી કલ્યાણ મંદિર જિનાલયમાં નૂતન રંગમંડપ નિર્માણ અને જિર્ણોદ્ધારની લાભાન્વિત યોજના સાથે ભવ્ય શૃંગાર ચોકીનું પૂરજોશમાં નિર્માણ કાર્યને નિશ્રાપ્રદાન કરવા પૂ. આચાર્ય ભગવંત શ્રી રવિદેવસૂરીશ્વરજી મ.સા. પૂ. સાધ્વીજી શ્રી જીનરૂચીશ્રીજી મ.સા.( બા મહારાજ) આદિ ઠાણાનો ઉગ્ર વિહાર પ્રારંભ કર્યો.

## સમન્વય મહોત્સવ

પ.પૂ. અધ્યાત્મયોગી આ. દેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ-પ્રતિષ્ઠાચાર્ય પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિવિજયજી અને શ્રી તીર્થરૂચીવિજયજી મ.સા. સાથે આદિ વિશાળ શ્રમણવૃંદની નિશ્રામાં ગુજરાતના ધ્રાંગધ્રા હળવદ રોડ ઉપર શ્રી તારંગાધામ ચૂલી મહાતીર્થમાં શ્રીનેમિસરસ્વતી સાધના મંદિરના ‘૬૧’ શ્યામવર્ણી શ્રીનેમિનાથ દાદાની અંજનશલાકા અને જિનશાસનમાં પ્રથમવાર ૨૪ સરસ્વતી દેવીઓ, ૧૬ વિદ્યાદેવીઓની પ્રતિષ્ઠા સમન્વય મહોત્સવનું ભક્તિભાવ-ભવ્યતાથી આયોજન સંપન્ન થયું. ૧૮ વર્ષ પહેલાં આ મહાતીર્થની પ્રેરણા પૂ. આ. ભ. શ્રી વિજયતીર્થભદ્ર-સૂરીશ્વરજી મ.સા. (પૂ. ગણિવર્ય તીર્થભદ્ર વિજયજી મ.સા.)એ આપી હતી. વિશ્વવિખ્યાત તીર્થભૂમિમાં અધ્યાત્મયોગી પૂ. આચાર્યદેવ શ્રીકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન પગલાં થયાં છે.

## ચેઝ ધ વિન

શ્રી નાગરદાસ ડી. ભુતા હાઈસ્કૂલ, અંધેરી ઈસ્ટ દ્વારા માધ્યમિક વિભાગનો વાર્ષિક રમતોત્સવ બાવીસ ડિસેમ્બરે શાળાના મેદાન પર યોજવામાં આવ્યો હતો. ‘ચેઝ ધ વિન’ થીમ સાથે આ કાર્યક્રમમાં મેનેજમેન્ટ, શિક્ષક અને સ્ટાફની સાથે બાળકોના માતા-પિતાએ પણ ભાગ લીધો હતો. એમાં સૌથી વધુ આકર્ષણ મલ્લખંભે જગાવ્યું હતું. વિજેતાઓને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પારિવારિક વાર્તાવંત

ટૂંકી વાર્તાનો પારિવારિક કાર્યક્રમ ૨૭ ડિસેમ્બરે સાંજે સાત કલાકે કાંદિવલીમાં રાખવામાં આવ્યો હતો. બાલભારતી વાર્તાવંતના આ કાર્યક્રમમાં વાર્તારસિકોને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. સાથે જ જેને પણ વાર્તા વાંચવાની ઈચ્છા હોય તે પણ નામ નોંધાવી શકે.

## સાઈકલોનું દાન

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટના સભ્યોએ વાડા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં ૩૫ સાઇકલ ડોનેટ કરી છે. અત્યાર સુધી રોટરી ક્લબે જરૂરિયાતમંદોને ૨૯૧ સાઇકલ દાનમાં આપી છે. ગરીબ ગ્રામીણ વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીઓ સ્કૂલમાં સરળતાથી જઈ શકે એ માટે આ સાઇકલ આપવામાં આવે છે.

# જેજેસીના ૧૮૨મા સેન્ટર ‘જેજેસી મહાવીરનગર’નો શુભારંભ

મુંબઈઃ ભારતભરમાં અને વિદેશમાં પણ જે સંસ્થા જૈન પરિવારોના ઉત્કર્ષ માટે કાર્યરત છે એવા જેજેસીના ૧૮૨મા સેન્ટરનો શુભારંભ એટલે કે ચાર્ટર એનાયતવિધિ કાર્યક્રમ સોમવાર, તા. ૨૯ ડિસેમ્બરના રોજ સાંજે ૭.૪૫ કલાકે અસ્પી સભાગૃહ, માર્વે રોડ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

ઘણા સમયથી આ વિસ્તારના જૈન પરિવારોની માગણી હતી કે જેજેસીનું સેન્ટર શરૂ થાય, જેના પ્રતિસાદરૂપે જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચેરમેન કિશોરભાઈ શેઠ તથા જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન રમેશભાઈ મોરબિયાના માર્ગદર્શન અને પ્રોત્સાહન થકી મહાવીરનગર સેન્ટરનો આરંભ થઈ રહ્યો છે.

આ સેન્ટરની કારોબારી ટીમ ઉત્સાહભેર સેન્ટરના આરંભની રાહ જોઈ રહી છે અને આગામી દિવસોમાં સેન્ટરના સભ્યોની પસંદગીને અનુરૂપ આયોજનો કરવા માટે ઉત્સાહી છે. સેન્ટરના પ્રમુખપદે પરેશ પી. શાહ, ઉપપ્રમુખપદે મિલન કે. શાહ, મંત્રીપદે નીરવ એસ. સતરા તથા ખજાનચી તરીકે યતિન એ. શાહ ઉપરાંત સમગ્ર કારોબારી સભ્યોની ટીમ દ્વારા ચાર્ટરવિધિ કાર્યક્રમની તૈયારીઓ પૂરજોશમાં થઈ ગઈ છે.

વિશિષ્ઠ મહેમાન તરીકે જેજેસી સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચેરમેન જયંતીભાઈ છાડવા તથા જેજેસી સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી જનરલ ઉદયભાઈ સંઘવી તથા સેન્ટ્રલ બોર્ડના અન્ય પદાધિકારીઓ ઉપરાંત ચારકોપ વિધાનસભાના ધારાસભ્ય યોગેશ સાગર, પિનાકિન શાહ અને શૈલેશ શાહ ઉપરાંત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પણ આમંત્રણને માન આપીને ખાસ હાજર રહેવાના છે. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### યુવાનો માટે

છે. એઆઈ વિશે બોલતા અદાણીએ જણાવ્યું હતું કે ’આપણે એઆઈનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ અને ગ્રાહકોને કેવી સર્વિસ પૂરી પાડીએ છીએ એના સમીકરણો જ બદલાઈ જશે.

આ પ્રસંગે બારામતીનાં સંસદ સભ્ય સુપ્રિયા સુળે, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, રાજ્યસભાનાં સંસદ સભ્ય સુનેત્રા પવાર અને પવાર પરિવારના અન્ય સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં એનસીપી - એસપીના વિધાન સભ્ય રોહિત પવાર અને વિદ્યા પ્રતિષ્ઠાનના ખજાનચી યુગેન્દ્ર પવાર પણ હાજર રહ્યા હતા. (પીટીઆઈ) ■

### બે ગુજરાતીઆ

દરમિયાન એવો દાવો કર્યો હતો કે ભાજપને કોઈ ઓળખતું નથી. અમે ભાજપને ગામડાઓમાં લઈ ગયા.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જેમને અમે આંગળી પકડી આગળ કર્યા એ જ લોકો આજે અમારી સામે થયા છે. બે ગુજરાતીઓ આપણને ગળી જવા માગે છે. આપણે આટલા વર્ષોથી લડ્યા છીએ, કોઈ અમારી પાસેથી મુંબઈ છીનવી નહીં શકે. આજ સુધી ભાજપે તેનો ફાયદો ઉઠાવ્યો છે. બે ગુજરાતીઓ આપણને ગળી જવા તત્પર હોય ત્યારે આપણે તારું-મારું કરવા બેસવાના હોઈએ તો મારું કહેવું છે કે એ ના કરતા નહીં લડવામાં જ સાર છે.

વધુમાં ઉદ્ધવ ઠાકરેએ એમ પણ જણાવ્યું હતું કે આજ સુધી ભારતીય જનતા પક્ષએ અમારો દુરુપયોગ કર્યો છે. અમે આટલા વર્ષો પછી મરાઠીના હિત માટે મનસે સાથે ગઠબંધન કર્યું છે. હું જાણું છું કે જોડાણ હોય ત્યારે બધું ધાર્યું ન થાય. જો કોઈ ત્રીજો પક્ષ હોય તો તેની ઇચ્છા મુજબ પણ થાય. કેટલીક બેઠકો પર આપણો અધિકાર છે પરંતુ એ છોડવી પડશે. ■

### મુંબઈમાં મિશ્ર વાતાવરણ

કરી છે કે આગામી છ દિવસ સુધી મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં હવામાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ પવનની દિશામાં ફેરફારને કારણે નવા વર્ષ પર ઠંડી વધી શકે છે.

ઉત્તર ભારતમાં ફેલાયેલી તીવ્ર ઠંડીની સીધી અસર મહારાષ્ટ્ર પર પડી રહી છે. ઉત્તર અને મધ્ય મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી ગયું છે. સવાર-સાંજ ફૂંકાતા ઠંડા પવનોએ લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં ૧ જાન્યુઆરી સુધી ગાઢ ધુમ્મસ રહેશે, જેની અસર મહારાષ્ટ્રના સરહદી વિસ્તારો પર પણ પડશે.

નવીનતમ અપડેટ્સ અનુસાર, આગામી દિવસોમાં રાજ્યના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડીનો અનુભવ થશે. ખાસ કરીને મરાઠવાડા અને વિદર્ભના આંતરિક વિસ્તારોમાં રાત્રે અને સવારે તડકા છતાં હાડ કંપાવતી ઠંડીનો અનુભવ થશે. અહિલ્યાનગર (અહમદનગર) માં પણ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. પુણે અને નાશિકમાં આકાશ સ્વચ્છ રહેશે. ■

### કૉંગ્રેસ-બહુજન

આ પ્રયાસને સફળતા નથી મળી. આખરે કોંગ્રેસ અને પ્રકાશ આંબેડકર વંચિત વચ્ચે ગઠબંધનનો માર્ગ મોકળો થયો છે. આ ઘટનાક્રમે રાજ્યના રાજકીય વર્તુળોનું ધ્યાન ખેંચ્યું છે.

એવી ચર્ચા છે કે વર્તમાન પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ એ સિદ્ધિ મેળવી છે જે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અશોક ચવ્હાણ, બાળાસાહેબ થોરાટ અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ નાના પટોળે પણ મેળવી નથી શક્યા. વંચિતો સાથે જોડાણ કરવામાં સપકાળની ભૂમિકા નિર્ણાયક હોવાનું કહેવાય છે.

આ ગઠબંધન આગામી ચૂંટણીઓમાં રાજ્યના રાજકીય સમીકરણો બદલાઈ શકે છે. આ ગઠબંધન ખાસ કરીને દલિત, વંચિત અને લઘુમતી મતદારો પર પોતાનો પ્રભાવ વધારશે એવું માનવામાં આવે છે. ■

### અંધેરીના વેપારી

કોઇ અનુભવ નથી, ત્યારે આરોપીએ તેને કથિત રીતે રોકેલી રકમ પર નફાનો હિસ્સો ઉપરાંત દર મહિને એક ટકા વધારાનું વળતર પણ આપવાની ખાતરી આપી હતી. ફર્નિચરવાલાએ બાદમાં તેને પ્રારંભિક રકમ તરીકે એક લાખ રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું.

બિનાનીએ પોલીસને જણાવ્યું હતું કે ૨૦૧૬થી ૨૦૧૯ દરમિયાન તેણે કુલ ૭૮.૬૪ લાખ રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર તેમ જ ચેક દ્વારા ફર્નિચરવાલાને ચૂકવ્યા હતા. નક્કી થયા મુજબ આરોપી નિયમિતપણે એક ટકા વળતર બિનાનીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરતો હતો. જોકે બિનાનીએ જ્યારે નફાના તેના હિસ્સા વિશે પૂછ્યું ત્યારે ફર્નિચરવાલાએ કથિત રીતે ચુકવણીમાં વિલંબ કર્યો હતો અને દાવો કર્યો કે તે રકમની ગણતરી કરશે અને ટૂંક સમયમાં તેનું સમાધાન કરશે. ■

### કાંદિવલી-બોરીવલી

બ્લોકને નામે હાથ અદ્ધર કરી નાખ્યા હતા. મોટા ભાગના રેલવે સ્ટેશન પર કોઈ એનાઉન્સમેન્ટ કરવામાં આવતી નહોતી. ટ્રેનો રદ રહેશે કે પાર્શિયલ કેન્સલ કર્યા વિનાની જાહેરાત વિના વચ્ચે ટ્રેનોને રોકી દેવામાં આવતી હતી. ગઈકાલે મારી દસ વાગ્યાની ટ્રેન ચર્ચગેટથી ઉપડ્યા પછી મલાડમાં રોક્યા પછી ખાતરી નહોતી કે આજે રાતે બોરીવલી પહોંચશે. ટ્રેનમાં કોઈ જાહેરાત નહીં. અનેક ટ્રેનો રદ કરવાથી ટ્રેનોમાં એટલી ભીડ હતી કે સિનિયર સિટિઝન પ્રવાસીઓ તો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા, એમ કાંદિવલીના પ્રવાસી મનસુખભાઈએ જણાવ્યું હતું.

અગાઉથી પશ્ચિમ રેલવેએ બ્લોકની જાહેરાત કરી હતી. બે દિવસના નાઈટ બ્લોકને કારણે ૩૦૦થી વધુ ટ્રેન પર અસર પડી શકે છે. આજે એટલે સોમવારે સેંકડો ટ્રેન રદ રહેવાથી પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી શકે છે. હાલમાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામકાજ ચાલી રહ્યા છે, જે પૂરા થયા પછી લોકલ ટ્રેનની સંખ્યામાં વધારો થશે. પશ્ચિમ રેલવેમાં આગામી પાંચ વર્ષમાં વધુ ૧૫૦થી વધુ ટ્રેન દોડાવવાની યોજના છે, જ્યારે તેનાથી ચાર ગણી મધ્ય રેલવેમાં વધુ ટ્રેન દોડાવવાની યોજના છે, એમ રેલવેના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ■

### ૪-૫ વર્ષમાં

ટ્રેનોમાં વહન ક્ષમતા વધારવાનો અને વધુ મહત્વનું, ઉપનગરીય કોચમાં ભીડ ઘટાડવાનો છે. બોરીવલી સુધી છઠ્ઠી લાઇન વિસ્તરણ કાર્ય પૂર્ણ થયા પછી ૨૦ જેટલી નવી ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવશે, જ્યારે નજીકના ભવિષ્યમાં નવી એસી લોકલ ટ્રેનો પણ શરૂ કરવામાં આવશે, જે નવા એસી રેક ક્યારે તૈયાર થશે તેના આધારે છે. હાલમાં, પશ્ચિમ રેલવે ૧૧૬ રેક દ્વારા દરરોજ ૧,૪૦૬ ઉપનગરીય સેવાઓ ચલાવે છે. તે મુંબઈ વિસ્તારમાંથી ૪૪ લાંબા અંતરની ટ્રેનોનું સંચાલન કરે છે.

અભિષેકે જણાવ્યું હતું કે, વિવિધ માળખાગત કાર્યો પૂર્ણ થતાં ઉપનગરીય ટ્રાફિકને મુખ્ય લાઇન ટ્રાફિકથી અલગ કરવામાં આવશે. આનાથી ઉપનગરીય કામગીરી માટે વધારાની ક્ષમતાનો માર્ગ મોકળો થશે.

તે જ સમયે ગોરેગાંવથી બોરીવલી સુધી હાર્બર લાઇનના વિસ્તરણનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, બાંદ્રા-અંધેરી સેક્શન પર પ્લેટફોર્મ લંબાઈને ૧૫ કાર સુધી વધારવાનું પણ આયોજન છે. ૧૭૬ કરોડ રૂપિયાના ખર્ચે નાયગાંવ-જુઈચંદ્ર ડબલ કોર્ડ લાઇનનું બાંધકામ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. આનાથી વસઈ રોડ પર લોકો-રિવર્સલ વિના કોંકણ રેલ્વે સાથે સીધું જોડાણ શક્ય બનશે, જેનાથી નવી ટ્રેન સેવાઓનો માર્ગ મોકળો થશે અને પશ્ચિમ ઉપનગરોથી કોંકણ, ગોવા અને તેનાથી આગળ મુસાફરી સરળ થશે. છઠ્ઠી લાઇન પ્રોજેક્ટના પ્રથમ તબક્કા હેઠળ, કાંદિવલી-બોરીવલી સ્ટ્રેચ માટે કામ અંતિમ તબક્કામાં છે, જે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, એમ તેમણે જણાવ્યું હતું. મુંબઈમાં ક્ષમતામાં વધારો ટર્મિનલ વિસ્તરણ, જાળવણીના વિકાસ અને માળખાગત સુવિધાઓના સ્થિરીકરણ દ્વારા હાથ ધરવામાં આવશે, અભિષેકે ઉમેર્યું. ■

### મુંબઈની હવા

છે. બાળકોમાં સ્વાસ્થ્ય સમસ્યા જોવા મળી રહી છે. વાહનોની વધતી સંખ્યા, બાંધકામ, ધૂળ અને હવામાનમાં ફેરફાર મુખ્ય કારણો હોવાનું કહેવાય છે. એ વાત જાણીતી છે કે ચેમ્બુર-વડાલા વિસ્તારમાં એમોનિયા જેવા વિષારી વાયુઓ વાતાવરણમાં હોય છે. અહીં એક્યુઆઈ ૨૧૭ ઉપર પહોંચી ગયો છે.

મુંબઈના રહેવાસીઓ શ્વાસની તકલીફ, ગળામાં દુખાવો, શરદી, ખાંસી અને તાવનો અનુભવ કરી રહ્યા છે. વાહનોની સંખ્યામાં વધારો થવાને કારણે પ્રદૂષણ વધ્યું છે, જ્યારે બાંધકામ પ્રોજેક્ટ્સમાંથી નીકળતી ધૂળ પણ એક મહત્ત્વનું કારણ છે. ઓછી ગતિવાળા પવનો શહેરમાં પ્રદૂષકોને જાળવી રાખતા હોવાથી વાયુ પ્રદૂષણ મુંબઈ માટે ગંભીર સમસ્યા બની રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા નિયમોનું પાલન ન કરતા બાંધકામ સ્થળોને નોટિસ મોકલવામાં આવી રહી છે. જોકે, મુખ્ય પ્રશ્ન એ છે કે શું તેનાથી વાયુ પ્રદૂષણ ઘટશે?

પ્રદૂષણ અટકાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનો દાવો મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, હવા વધુ જોખમી બની રહી હોય તેવું લાગે છે. ■

### રેલવેની જમીન

અતિક્રમણ થયું છે. વસાહતોમાં કામચલાઉ ઝૂંપડીઓ ઉપરાંત કોંક્રિટ ઇમારતો પણ છે. આ બાંધકામ ઘણા વર્ષો પહેલાં અસ્તિત્વમાં આવ્યા હોવાથી યોગ્ય પુનર્વસન મળવું જોઈએ એવું રહેવાસીઓ માને છે. રેલવેની જમીન પર કબજો કરનારાઓને પુનર્વસન કરવાની કોઈ નીતિ ન હોવાથી એ માટે રેલવેએ રાજ્ય સત્તાવાળાઓ પર આધાર રાખવો પડે છે. ભારતીય રેલવેનું કહેવું છે કે તેમની પાસે પુનર્વસન નીતિ ન હોવાથી આ લોકોને આવાસ ફાળવવાની જવાબદારી રાજ્ય સરકારની છે. લોકોને પુનર્વસન કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે, જેના અધિકારક્ષેત્રમાં ઝૂંપડપટ્ટી આવેલી છે. ■

# વિરારમાં ઘરેલું વિખવાદમાં મહિલાની હત્યાઃ પતિ અને નણંદની ધરપકડ

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં ઘરેલું વિખવાદમાં ૩૫ વર્ષની મહિલાની હત્યા કરવા બદલ પતિ અને નણંદની ધરપકડ કરવામાં આવી હતી.

વિરાર પશ્ચિમના એમ.બી. એસ્ટેટ વિસ્તારમાં આ ગુનો આચરવામાં આવ્યો હતો, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ કલ્પના સોની તરીકે થઇ હતી.

કલ્પનાનાં લગ્ન ૨૦૧૫માં મહેશ સોની સાથે થયાં હતાં. લગ્ન બાદ તેને સાસરિયાં દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેને કારણે ઘણી વખત ઝઘડા થતા હતા, એમ બોલિંજ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર પ્રકાશ કેવળેએ જણાવ્યું હતું.

શનિવારે આ જ મુદ્દે ઝઘડા દરમિયાન કલ્પનાએ ઘર છોડી જવાની ધમકી આપી હતી અને દહેજમાં આપેલી મતા પરત કરવાનું જણાવ્યું હતું.

આ માગણીને લઇ ઉશ્કેરાયેલા મહેશ અને તેની બહેન દીપાલી સોનીએ કલ્પનાના માથામાં તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી કલ્પનાને પડોશીઓ હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

આરોપીઓએ શરૂઆતમાં પોલીસને જણાવ્યું હતું કે વૉશરૂમમાં પડી જવાથી ગંભીર ઇજાને કારણે કલ્પનાનું મૃત્યુ થયું હતું. જોકે ડોક્ટરોએ પુષ્ટિ આપી હતી કે તીવ્ર મારપીટને કારણે તેનું મૃત્યુ થયું હતું. દંપતીને સાત વર્ષની પુત્રી છે, જે ઘટના સમયે ઘરમાં નહોતી.

દરમિયાન કલ્પનાના મામાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે મહેશ અને તેની બહેન દીપાલી વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી. બંનેને સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેમને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)

# બાંદ્રામાં રિવર્સ લેતી વખતે જેસીબીનું ટાયર ફરી વળતાં મહિલાનું મોત

મુંબઈઃ બાંદ્રા પશ્ચિમમાં ચિંબઇ મેદાન ખાતે રિવર્સ લેતી વખતે જેસીબીનું ટાયર ત્યાં સૂતેલી મહિલા પર ફરી વળતાં તેનું મૃત્યુ થયું હતું. આ અકસ્માત બાદ લોકોએ જેસીબીના ડ્રાઇવરને પકડી પાડ્યો હતો, જેને બાદમાં બાંદ્રા પોલીસને હવાલે કરાયો હતો.

પોલીસના કહેવા મુજબ શનિવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ થઇ નહોતી, પણ તે અમરાવતીથી આવી હતી, એવું તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસ તેની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે. ફરિયાદી પોલીસ કોન્સ્ટેબલે જણાવ્યું હતું કે તે શનિવારે નાઇટ ડ્યૂટી પર હતો ત્યારે તેને પોલીસ સ્ટેશનથી કૉલ આવ્યો હતો કે એક મહિલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાઇ છે અને તેને તબીબી સહાયની જરૂર છે. આથી કોન્સ્ટેબલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો, જ્યાં ઘાયલ મહિલા નજરે પડી હતી અને તેની આજુબાજુ લોકો એકઠા થયા હતા.

પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે મહિલા ચિંબઇ મેદાનમાં સૂતી હતી. એ સમયે ડ્રાઇવર જેસીબી રિવર્સ લઇ રહ્યો હતો અને તેનું ટાયર મહિલા પર ફરી વળ્યું હતું.

ઘાયલ મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં તેને તપાસીને મૃત જાહેર કરવામાં આવી હતી. બાંદ્રા પોલીસે આ પ્રકરણે જેસીબીના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

રાજકોટ- જગદીશ અબોટી બ્રાહ્મણ, મુંબઇવાળા શ્રીમતી રંજનબેન રાજેશભાઇ ગઢીયા તે વત્સલભાઇ તેમજ શ્યામભાઇના માતૃશ્રી તેમજ ધર્મેશભાઇ ગઢીયા મુંબઇના ભાભીશ્રી તેમજ સ્વ. વાલજીભાઇ માવજીભાઇ વ્યાસ, તાલાલાના સુપુત્રી રંજનબેનનું તા. ૨૭-૧૨-૨૫, શનિવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૯-૧૨-૨૫, સોમવારે સાંજે ૪ થી ૬ - શ્રી શનેશ્વર મહાદેવ મંદિર, શિવનગર શેરી નં.૩, માલવિયાનગર, રાજકોટ.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ વરવટ બકાલ હાલ મીરારોડ ગો.વા ધીરજલાલ ખોડીદાસ સંઘાણીના ધર્મપત્ની ગં. સ્વ. જ્યોત્સ્નાબેન સંઘાણી (ઉં.વ.૮૦) તે સંગીતા હિરેનભાઈ કોટેચા, નીતા પરાગ જીવરાજાણી, સ્વ. બિપીન, રશ્મિ રૂપેશ નગદિયા, ભાવેશના માતુશ્રી. દીપક જમનાદાસ, પ્રકાશ હરજીવનદાસ, વિજય નરોત્તમદાસ, દિનેશ શાંતિલાલ સંઘાણીના મોટાભાભી. વસંત રતિલાલ સાયાણી, જ્યોતિ તરૂણ સૂચક ના મોટાબેન. તે ૨૪/૧૨/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. બંધ છે.

**લુહાર સુથાર**

ગામ ભાવનગર હાલ મુંબઈ ગં.સ્વ પુષ્પાબેન ભીખાલાલ કવા (ઉં.વ ૮૨) તા. ૨૬/૧૨/૨૫ને શુક્રવારે શ્રી રામ ચરણ પામ્યા છે. સ્વ ભીખાલાલ નાથાભાઈ કવાના ધર્મપત્ની. જગદીશભાઈ, દીપકભાઈ, ઉર્મિલાબેનના માતુશ્રી. સ્વ.નયનાબેન, ઈલાબેન, મહેશકુમાર કારેલીયાના સાસુ. તે પિયરપક્ષે ગામ ભાવનગરવાળા સ્વ. ગોવિંદભાઈ કરસનભાઈ સોલંકી ના દીકરી. પરસોત્તમભાઈ, વનમાળીભાઈ, દામજીભાઈના બેન. પ્રાથનાસભા સોમવાર તા. ૨૯/૧૨/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી પૂર્વ.લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ધંધુકાવાળા, હાલ વિલેપાર્લા સ્વ. શાંતિલાલ ચીમનલાલ મેહતાના ધર્મપત્ની ગં. સ્વ રસીલાબેન શાંતિલાલ મેહતા. (ઉં.વ.૮૫) તા. ૨૭/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેશભાઈ, ભાવેશભાઈ, જયશ્રી શૈલેષકુમાર મેહતાના માતૃશ્રી. તે પારુલ, આરતીના સાસુ. ધ્વનિ વિશ્વ શાહ ને આશુમીના દાદી. તે યશના નાની. પિયરપક્ષે કોટડીવાળા સ્વ. મનમોહનદાસ, જમનાદાસ દોશીના દીકરી. લૌકિક વ્યહવાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી**

ભાવનગર નિવાસી (હાલ વિલેપાર્લા) સ્વ.કાંતાલક્ષ્મી ચંપકલાલ મહેતાના સુપુત્ર શ્રી રમેશચંદ્ર ચંપકલાલ મહેતા (ઉં.વ.૮૦) તે ગં.સ્વ.ઉષાબેનના પતિ. નિલેશ, કલ્પેશ, રાખીના પિતા. અને રેખા, અમી, આનંદભાઈના સસરા. સ્વ. હસમુખભાઇ, સુરેશભાઈ-રક્ષાબેન, જ્યોતિબેન-સ્વ.જયંતિલાલ, સ્વ.વીણાબેન-સ્વ.જતીનભાઈ, પ્રવિણાબેન-સ્વ. દિલીપભાઈના ભાઈ. સ્વ. સવિતાબેન જયંતિલાલ ગાંધીના જમાઈ. તા.૨૭-૧૨-૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવારે તા.૩૦-૧૨-૨૫ના રોજ ૫-૭ કલાકે, વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ઉપલેટાવાળા હાલ બોરીવલી સ્વ મનોજભાઈ લવજીભાઈ મકવાણા પત્ની ગં.સ્વ. હંસાબેનનું તા. ૨૬- ૧૨- ૨૫ના અવસાન થયેલ છે. તે ડેનિસ , મેહુલ, પ્રિયા કુસાંગકુમાર પીઠવા, મિત્તલ કુશલકુમાર આનંદપરાના માતુશ્રી. નિશા, સ્નેહલ ના સાસુ. ગામ કાંધી હાલ બોરીવલી સ્વ.હસમુખભાઈ ગોપાલદાસ પરમાર, દિલીપભાઈ ગોપાલદાસ પરમાર, સ્વ શૈલેષભાઈ ગોપાલદાસ પરમારના બેન. તેમની સાદડી તા. ૨૯- ૧૨- ૨૫ સોમવાર ૫ થી ૭ રાખેલ છે. સ્થળ લુહાર સુથાર વેલફેર, સેન્ટર દત્તપાડા રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઇસ્ટ.

**પાવરાઈ ભાટિયા**

પ. ભ. જ્યોતિ જયસિંહ ઠક્કર (ઉં. વ. ૮૫) રવિવાર ૨૮-૧૨-૨૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તે અ.ની. ઝવેરબેન જમનાદાસના પુત્રવધૂ. સ્વ. દમયંતી દેવીદાસ કાપડિયાની પુત્રી. સ્વ. કોકિલાબેન, સ્વ. કૃષ્ણાબેન, સ્વ. કુસુમબેન, સ્વ. લીલાવતી બેન, શિરીષ ના ભાભી. મંજુબેન, ભારતી, સ્વ.જયરાજ, ધૈર્યબાળા, મહેન્દ્રના બેન. માલા યોગેશ રામૈયા, અમર, ધર્મેનના માતુશ્રી. નીતા, રીટા, વૈશાલીના સાસુ. તેમની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૩૦/૧૨/૨૫ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦. ગુજરાત ભવન, પરમાર્થ નિકેતન માર્ગ, જુહુ નગર, સેક્ટર ૧૫,વાશી, નવી મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

નીલેશભાઈ દુર્ગેશભાઈ શર્મા (જોશી) (ઉ.વ. ૬૭) મૂળ ગામ કચ્છ-અંજાર હાલ દહિસર સ્વ. દમયંતીબેન અને સ્વ.દુર્ગેશ પ્રભાકર શર્મા(ખિમરા)ના પુત્ર. સ્વ.મનોરમાબેન અને સ્વ.મયાશંકર કાનજી રાડિયા નારાયણ સરોવરવાળાના જમાઈ. દિમાબેનના પતિ. કિંજલ જુબીન ટપરિયા અને પ્રભવના પિતા. યુગવીરના નાના. તા. ૨૭/૧૨/૨૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦/૧૨/૨૫, મંગળવારના ૫ થી ૭. સરનામું: સારસ્વતવાડી (ગ્રાઉન્ડ ફ્લોર), ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ. મુંબઈ ૮૦.

# પારસી મરણ

મની હોમી વાડીયા તે મરહુમો મેહેર તથા ડોશાભાઇ એન્જિનિયરના દીકરી. તે દારા ડોશાભાઇ એન્જિનિયર ને ટેમાસ્પ ડોશાભાઇ એન્જિનિયરના બહેન. (ઉં. વ. ૮૦) રે. ઠે. એમ-૯, ખુશરૂ બાગ, એમ. બી. એસ. રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે કોલાબા ખુશરુબાગ મધે કરાની અગિયારીમાં.

બહાદુર શાપુરજી પટેલ તે મરહુમો બચામાય તથા શાપુરજી પટેલના દીકરા. તે ડોલી તથા મરહુમો મની, હોશી, માનેક, ટેમીના ભાઇ. તે શેરનાઝ, ફરહાદ, રોક્ષાન, ઝુબીન ને પરીઝાદના કાકા. તે કમલ, નવાઝ ને ફીરદોશ ના મામા. (ઉં. વ. ૮૫) રે. ઠે. રૂમ. નં. ૫,૧લે માળે, કેપ્ટન કોલોની, બી-બ્લોક, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે તારદેવ મધે બાટલીવાલા અગિયારીમાં.

નોશીર હોમી કાટગરા તે હુતોક્ષીના ખાવીંદ. તે મરહુમો બાનુ તથા હોમી કાટગરાના દીકરા. તે યઝદી, ઝરીન, જહાંબક્ષ મિસ્ત્રીના પપ્પા. તે યાસ્મીન યઝદી કાટગરા ને જહાંબક્ષ જહાંગીર મિસ્ત્રીના સસરા. તે પરવેઝ ને કેટી ઘડીયાળીના ભાઇ. તે યવીસ્ત ને દાનીશીના બપાવા. તે ફરેદુનના મમાવા. તે મરહુમો જાયજી તથા એરચ દરોગાના જમાઇ. (ઉં.વ.૮૬) રે. ઠે. વાડીયા સ્ટ્રીટ, ૧૦/૧૨ ભિવંડીવાળા બિલ્ડિંગ, મ્યુનિશિપલ સ્કૂલની સામે, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૧૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે તારદેવ મધે શેઠના અગિયારીમાં.

# જૈન મરણ

**પાટણ વીશા પોરવાળ જૈન**

સોની વાડો, ઊંચી પોળ નિવાસી, હાલ લોખંડવાલા, અંધેરી નિવાસી નવનીત શાહ (ઉં.વ. ૮૬) ૨૮-૧૨-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ. તે ચેતન મનિષના પપ્પા. તે હેતલ, મંજરીના સસરા. તે પુજા, પ્રિશા, દેવ, દિશાના દાદા.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મુલુંડ ગોપાળજી રૂગનાથ શાહના સુપુત્ર દિલીપભાઇનાં ધર્મપત્ની અ. સૌ. નયનાબેન (ઉં. વ. ૬૩) તા. ૨૭-૧૨-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ત્રંબકભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. જશુભાઇ, વિનુભાઇ, લીલાવતીબેન, સેવંતીલાલ, નયનાબેન, નરેન્દ્રકુમારનાં નાનાભાઇના ધર્મપત્ની. લીલાવતીબેન, સ્વ. હંસાબેન, મંજુલાબેન, સ્વ. સરોજબેનના દેરાણી. તે કેનલ અને બીજલના માતુશ્રી. અલકાબેન તથા રિતેશકુમારનાં સાસુ. અનીલભાઇ, તરુણભાઇ, પરેશભાઇ, ભારતીબેન દીલીપકુમાર, નીતાબેન જયેશકુમાર, મનીષાબેન રથિનકુમારના બેન. તેમની માતૃવંદના તા. ૩૦-૧૨-૨૫ના મંગળવારે સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. જીવરાજ ભાણજી હોલ,. અશોકનગર, મેહુલ સિનેમા પાસે, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ બ્રીચ કેન્ડી દિનેશભાઇ ચત્રભુજભાઇ શાહ (ઉં. વ. ૮૮) શનિવાર તા. ૨૭-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. આશાબેનના પતિ. મનીતના પિતા. રીતીકાના સસરા. જહાનના દાદા. તે સ્વ. રમેશભાઇના ભાઇ. સ્વ. લાભુબેન દલીચંદભાઇ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૯-૧૨-૨૫ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. તેમના નિવાસસ્થાને : સ્કાય સ્કેપર, બ્રીચ કેન્ડી, મુંબઇ-૨૬.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીઆના અ.સૌ. રમીલાબેન શાહ (છેડા) (ઉં.વ. ૭૧) તા. ૨૬/૧૨ના અવસાન પામેલ છે. ખેતબાઇ જેશંગ શીવજીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. નીતા, પ્રેમલના માતુશ્રી. કોડાયના ઝવેરબેન ચાંપશી રવજી વીસરીયાના સુપુત્રી. ભાનુબેન દિનેશ, અશ્વિનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ છેડા, ૩-ઉલ્હાસ કોટેઝ, વિશ્વભારતી સોસાયટી, વી. પી. રોડ, અંધેરી-વેસ્ટ.

ડુમરાના શ્રી ચુનીલાલ કુંવરજી ગાલા (ઉં.વ. ૮૧) તા. ૨૭-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન કુંવરજી રતનશીના પુત્ર. ઝવેરબેનના પતિ. વરજાંગ, દામજી, ચાંપશી, રમણીક, પાનબાઇ દેવરાજ, લક્ષ્મીબેન પ્રેમજી, રતનબેન લીલાધર, નાથબાઇ રાયશી, પુરબાઇ પદમશી, પદમણીબેન પોપટલાલના ભાઇ. ભોજાય રાજબાઇ ભવાનજી પાસડના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સ.ક.લ.નિસર હોલ, દાદર. ૨ થી ૩.૩૦.

દેવપુરના માતુશ્રી ખેતબાઇ (જયાબેન) જયંતીલાલ તેજપાર નીસર (ઉં.વ. ૮૨) તા. ૨૩/૧૨/૨૫ દેશમાં અવસાન પામેલ છે. જયંતીલાલના પત્ની. કમઇબેન તેજપાર પદમશીના પુત્રવધૂ. વિનોદ, જયેશના માતુશ્રી. સણોસરાના ભાણબાઇ પાસુ પચાણના સુપુત્રી. માવજી લાલજી (મોતીભાઇ) સુંદરજી (મંગલભાઇ) દામજી (પોપટ) દેવપુરના રતનબેનના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ નીસર, એ/૫ આદીત્ય સો. ગુણસાગર નગર કલવા-થાણા ૪૦૦૬૦૫.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક જૈન**

ગઢાળી નિવાસી હાલ દહિસર, નવીનચંદ્ર અમૃતલાલ મહેતાલિયાના પત્ની સ્વ. ઉષાબેન નવીનચંદ્ર મહેતલિયા (ઉં.વ. ૭૯), તે પંકજ, રૂપા ભરતકુમાર ભાયાણી, નેહા પ્રવીણકુમાર શાહ (કાફડિયા)ના માતુશ્રી. તે મનીષા પંકજ મહેતલિયાના સાસુ. સ્વ. કેશવલાલ મગનલાલ બગડિયાના દીકરી. ભૂપતભાઈ, અરવિંદભાઈ, જયપ્રકાશભાઈ, સ્વ. ઇન્દુબેન મહેતા, અરુણાબેન રૂપાણી, પ્રવિણાબેન શાહના બહેન. સ્વ. મણિભાઈ, સ્વ. દામોદરભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. જયવંતભાઈ, સ્વ. ગુણવંતીબેન પારેખ, અ. સૌ. અરુણાબેન સંઘરાજકાના ભાભી. ૨૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, ૩૦-૧૨-૨૫ના બપોરે ૩ થી ૫. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એલ ટી રોડ, ડાયમંડ સીનેમાની સામે, બોરીવલી (વે.).

### ગઠબંધનની અનિશ્ચિતતા

ઉમેદવારોના પ્રચારનો પ્રારંભ કરવાનો નિર્ણય લીધો હતો.

પિંપરી ચિંચવડ શહેરમાં પાલિકા ચૂંટણી પહેલા અજિત પવારનો પક્ષ ભારતીય જનતા પાર્ટીની તુલનામાં પ્રચારમાં આગળ હોવાનું જોવા મળે છે. અજિત પવાર પોતાની ઉમેદવારીની જાહેરાત કરતા પહેલા સંભવિત ઉમેદવારના પ્રચારમાં રેલી યોજવાની યોજના બનાવી રહ્યા છે.

બે રાષ્ટ્રવાદી પક્ષોને એક કરવાનો નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી ત્યારે અજિત પવાર સંભવિત એનસીપી ઉમેદવારોનો પ્રચાર શરૂ કરી રહ્યા છે. પરિણામે આ બે વૉર્ડમાં શરદ પવારની એનસીપી તરફથી કોઈ ઉમેદવાર નથી અથવા કોઈ સમાધાન થઈ ગયું છે કેમ એવી અટકળ વહેતી થઈ છે. ■

# ધર્મતેજ




## ખુદની લીટી લાંબી કરવી હોય તો નિંદાથી દૂર રહીએ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ધર્મની વ્યાખ્યાઓ ઘણી છે, પરંતુ ગોસ્વામીજી કહે છે સૌથી શ્રેષ્ઠ ધર્મ છે અહિંસા. મન-વચન-કર્મથી આપણે કોઈનું દિલ દુભાવીએ નહિ. આપણે સાવધાન રહી શકીએ છીએ. બોલતા પહેલા એક-બે મિનિટ વિચારવું, જેથી હિંસા ન થાય. વિચારથી, વાણીથી કે શસ્ત્રથી કોઈની હિંસા ન થાય તે એક શીલ છે. જીભથી કોઈની નિંદા અને જીવથી કોઈની ઈર્ષા કરવી નહિ. માણસે દિવસે નિંદાથી અને રાત્રે નિદ્રાથી દૂર રહેવું એ સાધનાના માર્ગની પ્રથમ શરત છે. ખુદની લીટી લાંબી કરવી હશે તો જીભથી નિંદા અને જીવથી ઈર્ષા કરવાને બદલે



સાધનાના માર્ગ પર સાધકે સતત ગતિશીલ રહેવું જોઈએ. નશીલા પદાર્થોનું સેવન ન કરવું. દેશની અને સમગ્ર વિશ્વની યુવાની આ નશીલા પદાર્થોથી બચે એ જરૂરી છે. ચિત્ત વિક્ષિપ્ત થાય, મન બગડે એવા નશીલા પદાર્થોથી આપણે દૂર રહી શકીએ તો સારી વાત છે. જલ્દી ન છૂટે તો ધીરે ધીરે છોડીએ.

એક શીલએ પણ કહ્યું કે વ્યભિચારથી દૂર રહેવું. આપણી બુદ્ધિ વ્યભિચારી થઇ જાય છે, આપણું મન વ્યભિચારી થઇ જાય છે. આવાં શીલ સમજમાં આવે તો સરળ છે અને ન સમજાય તો બહુ અઘરા છે! આપણો અહંકાર છોડીએ અને આપણામાં જાગૃતિ આવે એટલા માટે સત્સંગ છે. ગુણશીલ. 'રામચરિતમાનસ'માં એક શીલ છે, જેનું નામ છે 'ગુણશીલ'. ગુણ અને શીલને તમે અલગ પણ કરી શકો અને એક શીલ તરીકે પણ સ્વીકારી શકો.

**गुण शील कृपा परमायतनं ।**
**प्रनमामी निरंतर श्रीरमनं ।।**

ઉત્તરકાંડમાં સ્વયં શિવના મુખે ભગવાન રામની સ્તુતિ રૂપે આ વચનો પ્રગટ થયાં છે. ઘણા લોકોમાં તમે ગુણ જોઈ શકશો, પરંતુ શીલના સહયોગ વિના સદગુણ નથી આવતા. કોઈનામાં ગુણ ન હોય તેવું તો આ દુનિયામાં બની જ ન શકે. આપણું જે શરીર છે એમાં ત્રણ ગુણ તો કાયમ છે- રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણ. કોઈ પરમાત્મા યા તો બુદ્ધપુરુષ જ ત્રિગુણાતીત હોય છે. જે નિરંતર સૂતા રહે છે એ કોઈ પણ યુગમાં હોય તો પણ કળિયુગમાં જ છે. જે અવિદ્યામાં સૂઈ રહે છે એ નિરંતર કળિયુગમાં છે, એ તમોગુણ પ્રધાન છે. જે સૂતા હતા એમાંથી બેઠાં થયાં એને શાસ્ત્રકારો દ્વાપર કહે છે. કંઈ ચિંતન કરે છે, માળા જપે છે અથવા તો ચુપચાપ બેઠા છે એ દ્વાપરના માણસો છે. પરંતુ યુવાન ભાઈ-બહેનો, આટલી સુંદર યુવાની હોવા છતાં પણ તમે 'અમારાથી શું થાય? અમારી પાસે કોઈ લક્ષ્ય નથી' એવું વિચારો તો એ સૂતા રહેવાની પ્રકિયા છે. ગુણ બધામાં છે, માત્રામાં ભેદ છે. ગુણ શીલથી દીક્ષિત થઇ જાય છે. (સંકલન : જયદેવ માંકડ)■

## શ્રુતિ ને સ્મૃતિ

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

'વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે', નરસિંહ મહેતાના પદની આ પંક્તિ બધાંએ સાંભળી છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, વિશે તો બધાં જાણે છે. શ્રુતિ અને સ્મૃતિ બાબતે હજી સમાજમાં એટલી સમજ નથી. શ્રુતિ અને સ્મૃતિ એ સનાતની સાહિત્યની બે મુખ્ય શ્રેણીઓ છે. તેમના વચ્ચેનો ભેદ તેની ઉદ્ગમ-પ્રક્રિયાને આધારિત છે.

શ્રુતિ અર્થાત્ જે સાંભળવામાં આવ્યું છે. તેનો સંબંધ સાંભળવાની પ્રક્રિયા સાથે છે. આ શ્રેણીમાં દિવ્ય કૃપાથી દિવ્ય વ્યક્તિઓ દ્વારા જે સાંભળવામાં આવ્યું તેનો સંગ્રહ છે. જ્યારે, સ્મૃતિનો સંબંધ યાદદાસ્ત સાથે છે. સ્મૃતિ એટલે જે યાદ છે તે અથવા જેને યાદ કરવામાં આવ્યું છે તે અથવા જે યાદ આવ્યું છે તે. આ શ્રેણીમાં ઋષિમુનિઓને જે યાદ આવ્યું તે કોઈ સ્વરૂપે આલેખાયું છે.

શ્રુતિ એ દૈવિક જ્ઞાન છે, જે ભગવાન અથવા પરમાત્મા તરફથી પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન, આપણને સૃષ્ટિ તથા જીવનના ગહન સત્ય અને આધ્યાત્મિક સત્તાને ઓળખવા માટેનો માર્ગ પ્રશસ્ત કરે છે. આ શાસ્ત્ર પણ બે શ્રેણીમાં વર્ગીકૃત કરાયાં છે, પણ તેની ચર્ચા અહીં અસ્થાને છે.

શ્રુતિ દૈવી પ્રેરણાથી સંભળાઈ હતી તેમ માનવામાં આવે છે. આ શ્રેણીનાં શાસ્ત્રો ઋષિમુનિઓ દ્વારા સત્ય-પ્રેરણાથી પ્રકાશિત થયાં હતાં. આ ઋષિમુનિઓને તેમની આંતરિક શક્તિ, આધ્યાત્મિકતા, સાત્ત્વિકતા, શુદ્ધિ, પવિત્રતા, આધ્યાત્મિક નિષ્ઠા, ધર્મ પરાયણતા, સત્ય નિષ્ઠા, દૈવી સંપત્તિ, સ્થિતપ્રજ્ઞતા, ઈશ્વર શ્રદ્ધા, બ્રહ્મ જિજ્ઞાસા તથા ગહન તાત્ત્વિક ચિંતનના પરિણામ સ્વરૂપ આ શાસ્ત્ર પ્રત્યક્ષ થયાં હતાં. સૌથી અધિકૃત અને મૂળભૂત શાસ્ત્ર તરીકે માનવામાં આવતી શ્રુતિ, સનાતની સંસ્કૃતિ તથા સનાતની વિચારધારાનો પ્રારંભિક આધાર છે. એમ જણાય છે કે વિશ્વની સૌથી પરિપક્વ, પ્રાચીન, પવિત્ર અને પાવક વિચારધારા, શ્રુતિ દ્વારા, એક રીતે મૌલિક-સત્ય, આદર્શ-ધર્મ અને આધ્યાત્મિક ઊંડાણની પરિભાષા સ્થાપિત કરે છે. અહીં જે સ્થાપિત થયું છે, જે રીતે સ્થાપિત થયું છે, જે હેતુથી સ્થાપિત થયું છે, જે તર્ક અને નિયમબદ્ધતાથી સ્થાપિત થયું છે, તે વિશે આજ સુધી કોઈ પ્રશ્ન નથી ઉઠાવી શકાયો. આ એક સંપૂર્ણ જ્ઞાનનો ભંડાર છે. વેદ-ઉપનિષદ શ્રુતિના ભાગ છે.

શ્રુતિની અપેક્ષાએ સ્મૃતિ માનવ નિર્મિત શાસ્ત્ર છે. અહીં મહાભારત, રામાયણ, પુરાણ, વિવિધ ધર્મશાસ્ત્ર તથા મનુસ્મૃતિ જેવી રચનાનો સમાવેશ થાય છે. બ્રહ્મ-સૂત્ર શિવ-સૂત્ર જેવાં શાસ્ત્ર પણ સ્મૃતિ શ્રેણીમાં ગણાય છે. આ ઉપરાંત અહીં વિવિધ ટીકાઓ, ધાર્મિક તેમ જ પવિત્ર નિયમો તથા સાત્ત્વિક શ્રદ્ધાને પોષે તેવી માન્યતાને આધારિત આલેખાયેલા પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. સ્મૃતિઓની સંખ્યા વધારે છે અને તે સમાવેશીય છે. તેમાં વિવિધતા પણ જોવા મળે છે, જાણે તે બધી જ વિચારધારાનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરે છે. આને કારણે ક્યારેક સ્મૃતિમાં શ્રુતિની વિરુદ્ધ કશુંક પ્રતીત થાય, પરંતુ તેવા સંજોગોમાં શ્રુતિની વિચારસરણીને પ્રાધાન્ય અપાય છે.

શ્રુતિ મૂળ રૂપે 'ધર્મ અને આત્માનુભૂતિ'ના મૂળભૂત સિદ્ધાંતો માટેનો આધાર છે, જ્યારે સ્મૃતિ સમાજ અને જીવનશૈલીને ચોક્કસ પ્રકારની ઉચ્ચ વિચારધારા અનુસાર પદ્ધતિબદ્ધ કરવા માટે માર્ગદર્શક છે. શ્રુતિ દૈવિક અને શાશ્વત જ્ઞાન સમાન છે જ્યારે સ્મૃતિ તેનું સાંદર્ભિક અર્થઘટન છે એમ પણ કહી શકાય. મનુ મહારાજ દ્વારા લખાયેલ મનુસ્મૃતિ હોય કે યાજ્ઞવલ્ક્ય ઋષિ દ્વારા લખાયેલ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ હોય, આ પ્રકારની રચનામાં રોજિંદા જીવનને સાત્ત્વિકતાથી પસાર કરીને ઉચ્ચકક્ષાના કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે માટે સૂચન કરાયાં છે. આ સ્મૃતિમાં જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટેનાં ધારાધોરણ નિર્ધારિત થયાં છે.

સનાતની સંસ્કૃતિની મહાનતા એ છે કે તે દરેક વ્યક્તિને સ્વતંત્રતા, મોકળાશ અને માર્ગદર્શન આપે છે. આ સૌથી પ્રાચીન સંસ્કૃતિમાં વિચારધારા પણ છ પ્રકારની છે - છ પ્રકારનાં 'દર્શન' છે. સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, વેદાંત અને મીમાંસા. જે વ્યક્તિને જે માર્ગ યોગ્ય લાગે તે માર્ગે આગળ વધી શકે છે. તેવી જ રીતે અહીં પણ શ્રુતિ અને સ્મૃતિ દ્વારા, બે પ્રકારની સંભાવના સ્થાપિત કરવામાં આવી છે. આમ તો બંને પરસ્પર સંકળાયેલી છે પરંતુ બેમાંથી એકને મુખ્ય ગણી, વ્યક્તિ પરમપદને પામી શકે છે. દરેક વ્યક્તિને પોતાની રુચિ અનુસાર પોતાના માર્ગનું ચયન કરવાની સ્વતંત્રતા આ એકમાત્ર સંસ્કૃતિમાં છે.

શ્રુતિના કથનને અંતિમ સત્ય તરીકે સ્વીકારી, તે પ્રમાણે અદ્વૈતના સિદ્ધાંતના સંપૂર્ણ અનુસરણથી પણ પરમપદને પામી શકાય છે અને તેવી જ રીતે પણ સ્મૃતિના ધર્મનિષ્ઠ વ્યવહારના સૂચન થકી પણ તે જ પદ પ્રાપ્ત થઈ શકે છે. મજાની વાત એ છે કે શ્રુતિમાં પ્રગટ થયેલ વાતો પર ચિંતન કરવાથી સ્મૃતિમાં જે વાતો સ્થાપિત કરવામાં આવી છે તેની યથાર્થતા સમજમાં આવે, અને તેવી જ રીતે, સ્મૃતિમાં આલેખાયેલી વાતો પર ચિંતન કરતાં શ્રુતિની વાતોની સત્યતા પ્રગટ થાય. જે શ્રુતિ અને સ્મૃતિ, બંનેને જાણે છે એ સમજી શકે છે કે બંને એકબીજાના પૂરક છે - બંને એકબીજાની વાતોની સાક્ષી પણ પૂરે છે અને તે વાતોને આગળ પણ વધારે છે. પણ એનો અર્થ એમ નથી થતો કે બંનેની એકબીજાના 'અવલંબન'ની જરૂર છે. બંને સ્વતંત્ર રીતે પણ પોતાની વાત કહેવા એટલા જ સમર્થ છે. પરંતુ જો એકબીજાના આધારે એકબીજાની વાત સમજવાનો પ્રયત્ન થાય તો સમજણ સ્પષ્ટ, ત્વરિત, સમાવેશીય, સચોટ તથા પરિણામલક્ષી બની શકે.

શ્રદ્ધાના બીજા બધા જ ક્ષેત્રમાં એક પુસ્તક સ્થાપિત થયું છે. તેની અપેક્ષાએ સનાતની સંસ્કૃતિમાં તો આખું પુસ્તકાલય છે. વળી, અહીંના બધા જ પુસ્તકો સિદ્ધ, સ્થાપિત, સંપૂર્ણ, શ્રેષ્ઠ તથા માનવીય છે. ■

## ...ને તેમની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના આશ્રમ પહોંચી દુર્ગમાસુરનું આવાહન કરે છે. છાકટો થયેલો દુર્ગમાસુર શુક્રાચાર્યનું આવાહન પર ધ્યાન આપતો નથી. છેલ્લે થાકી હારી શુક્રાચાર્ય દુર્ગમાસુર પાસે પહોંચે છે અને પૂછે છે કે, દુર્ગમાસુર.... શું તમને મારું આવાહન ન મળ્યું. ક્રોધિત દુર્ગમાસુર કહે છે, શુક્રાચાર્ય... એટલું યાદ રાખો કે હું તમારો દાસ નથી, તમારે ત્રિલોકવિજેતા અસુર સમ્રાટની પ્રતિભાનું સન્માન જાળવવું જોઈએ. તમારે ધ્યાન રાખવું જોઈએ કે, તમે અસુર સમ્રાટને આવાહન કઈ રીતે આપી શકો. શુક્રાચાર્ય તેને સમજાવવાની કોશિશ કરતા કહે છે કે, દુર્ગમાસુર હું દૈત્યજાતિના ગુરુ હોવાના પ્રતાપે તમને આદેશ આપું છું કે ચારેય વેદને તુરંત મુક્ત કરો અન્યથા તમારો અંત નિશ્ચિત છે. અહંકારી દુર્ગમાસુર શુક્રાચાર્યનું સાંભળતો નથી અને કહે છે, મૂર્ખ શુક્રાચાર્ય હું તને આદેશ આપું છું કે તુરંત શિવની આરાધના છોડ, મારી આરાધના કર, સમસ્ત સંસાર મારી આરાધના કરી સુખ ભોગવી રહ્યું છે, તું પણ મદિરાપાન કરી સુખ ભોગવ. કોઈ પણ વાત દુર્ગમાસુર માનતો ન હોવાથી કંટાળીને શુક્રાચાર્ય ત્યાંથી વિદાય લે છે. સામે દેવતાઓનો પક્ષ દુર્ગમાસુરની સાથે યુદ્ધમાં પરાજિત થઈ સ્વર્ગલોકથી પલાયન થયા બાદ અહીંતહીં ભટકી રહ્યા હતા. દેવગુરુ બૃહસ્પતિ અને દેવર્ષિ નારદ ચર્ચામગ્ન હોય છે કે ત્યાં દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો ત્યાં પધારે છે. દેવરાજ ઈન્દ્ર માફી માગતા કહે છે કે, ગુરુદેવ, મને ક્ષમા કરો, હું હંમેશાં તમારા આદેશનું અપમાન કરું છું. આવેલી વિપત્તિથી દેવતાઓને બહાર કાઢો. દેવગુરુ બૃહસ્પતિએ કહ્યું, 'દેવરાજ તમે દેવતા યોનિ ધરાવો છો, હું તમારો ગુરુ છું, તમને માર્ગદર્શન કરવાથી વિમુખ કઈ રીતે થઈ શકું. પ્રથમ આપણે દેવર્ષિ નારદનાં મંતવ્યો સમજવા જોઈએ ત્યારબાદ જ દેવતાઓની રણનીતિ બનાવવી જોઈએ.' દેવરાજ ઈન્દ્ર દેવર્ષિ નારદને કહે છે, 'જ્યારે જ્યારે દેવતાઓ પર સંકટ આવી પડ્યું છે ત્યારે દેવર્ષિ નારદ તમે દેવતાઓને સહાય કરી છે, હવે ફરી માર્ગદર્શન આપો.' ઉત્સાહી દેવર્ષિ નારદ દેવરાજ ઇન્દ્રને કહે છે, 'દેવરાજ જ્યારે જ્યારે મોટા અસુરનો વધ થાય છે, ત્યારબાદ તમને ફરી સ્વર્ગલોકનું સિંહાસન મળે છે અને સિંહાસન મળતાં જ તમે સંસાર કલ્યાણ અને આરાધનાનો માર્ગ ભૂલી સંગીતની મહેફિલમાં વિલુપ્ત થઈ જાઓ છો. એ સમયગાળામાં કોઈ નવો અસુર ફરી બળવાન થઈ જાય છે અને તમારે સ્વર્ગલોક ખોવું પડે છે. હવે સમય બચ્યો નથી આપણે ત્વરાએ કૈલાસ પહોંચવું જોઈએ.'

* * * *

દેવરાજ ઈન્દ્રઃ 'દેવર્ષિ નારદનું માર્ગદર્શન હંમેશાં દેવતાઓ માટે પરમસિદ્ધકારી જ થયું છે, પણ કૈલાસ જઈએ ત્યારે આપણી સાથે વરદાન આપનારા બ્રહ્મદેવ પણ આપણી સાથે હોય તો વધુ હિતકારી રહે.'

દેવર્ષિ નારદઃ 'દેવરાજ ઈન્દ્ર તમારી ચતુરાઈની તોલે કોઈ નહીં આવી શકે, તમે યોગ્ય રજૂઆત કરી છે. આપણે પહેલાં પરમપિતા બ્રહ્માજી પાસે જવું જોઈએ અને તેમની સાથે જ કૈલાસ જવું યોગ્ય ગણાશે.'

*વાચકોની જાણ ખાતર જણાવીએ છીએ કે ગઈકાલ એટલે પોષ સુદ આઠમથી પોષ સુદ પૂનમ સુધી શાકંભરી નવરાત્રી ચાલી રહી છે. પોષ સુદ આઠમને દિવસે માતા શાકંભરી પ્રગટ થઈ સંસારને જળ અને ફળ-ફૂલ આપી સંસારના જીવોની રક્ષા કરેલી. આઠમથી પૂનમ સુધી દુર્ગમાસુર સાથે થયેલા યુદ્ધમાં પોષ સુદ પૂનમને દિવસે દુર્ગમાસુરનો વધ કરી સમસ્ત સંસારને તેના આતંકથી મુક્ત કર્યાં હતા.*

દેવગુરુ બૃહસ્પતિ, દેવર્ષિ નારદ અને સમસ્ત દેવતાગણ સહિત દેવરાજ ઈન્દ્ર બ્રહ્મલોક પહોંચે છે અને માતા સરસ્વતી અને બ્રહ્માજીનો જયજયકાર કરે છે.

બ્રહ્માજીઃ 'સમગ્ર દેવતાગણનું અહીં પધારવાનું પ્રયોજન મને ખબર છે. વધુ સમય ન વિતાવતા આપણે તુરંત કૈલાસ જવું જોઈએ.'

સમગ્ર દેવતાગણ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. કૈલાસ પહોંચતાં જ દેવગણો ભગવાન શિવનો જયજયકાર કરે છે.

ભગવાન શિવઃ 'આટલી મોટી સંખ્યામાં પધારેલા દેવગણોનું કૈલાસ ખાતે સ્વાગત છે.'

દેવર્ષિ નારદઃ 'ભગવાન સંસારમાં ક્યાંય ધર્મનું આચરણ દેખાતું નથી, ચારેય વેદ બંદી હોવાથી વરુણદેવ વર્ષા કરી શકતા નથી. સંસારમાંથી ફળ ફૂલ સમાપ્ત થઈ ગયા છે. સંસારવાસીઓની રક્ષા કાજે ચારેય વેદને મુક્ત કરવા અનિવાર્ય થઈ ગયા છે. તમે આ સંસારના સ્વામિ છો તમારે તેમની રક્ષા કરવી આવશ્યક છે.'

ભગવાન શિવઃ 'હું બ્રહ્મ વાક્યને ક્યારેય ખોટું નહીં પડવા દઉં. તમારે જગતજનની તમારી માતા શક્તિ એટલે પાર્વતીના શરણે જવું આવશ્યક છે તેઓ જ ચારેય વેદને મુક્ત કરાવી શકે.'

દેવર્ષિ નારદઃ 'પ્રભુ માતા તો હંમેશા તમારી પૂજા અર્ચનામાં જ અહીં વ્યસ્ત હોય છે. આજે ક્યાં વ્યસ્ત છે?'

ભગવાન શિવઃ 'હું તો તપમાં લીન હતો, તમે જ શોધી જુઓ તમારી માતાને.'

દેવગણો માતા પાર્વતીને કૈલાસ ખાતે શોધે છે. માતા ક્યાંય દેખાતા નથી. ગભરાયેલા દેવગણ ફરી ભગવાન શિવ પાસે આવે છે.

દેવરાજ ઈન્દ્રઃ 'બ્રહ્મદેવ ભગવાન શિવ તો ફરી તપમાં લીન થઈ ગયા, હવે માતા પાર્વતીને ક્યાં શોધવા.'

બ્રહ્માજીઃ 'દેવગણો નાસીપાસ થવાની જરૂર નથી, પાર્વતી હિમાલયની હારમાળામાં તપ કરવા બેઠા છે. ચાલો ત્યાં જઈએ.'

બ્રહ્માજીની આજ્ઞા થતાં દેવર્ષિ નારદ સહિત સમસ્ત દેવગણ હિમાલયની હારમાળા ખાતે પહોંચે છે, તેઓ જુએ છે કે સામેના પર્વત પર માતા પાર્વતી તપમાં લીન છે. દેવગણો માતા પાર્વતીની આરાધના શરૂ કરે છે. ઘણો સમય વિતાવ્યા બાદ પણ માતા પાર્વતી તેમના તપમાંથી બહાર આવતાં નથી.

દેવર્ષિ નારદઃ 'રક્ષા કરો માતા રક્ષા કરો, ત્રાહિમામ્ માતા ત્રાહિમામ્.'

દેવર્ષિ નારદના સ્વરમાં રક્ષા કરો માતા રક્ષા કરો સ્વર સંભળાતા માતા પાર્વતીનું તપ ખંડિત થાય છે.

દેવરાજ ઈન્દ્રઃ 'દુર્ગમાસુરનો આતંક સમસ્ત દેવગણ અને સંસારવાસીઓ માટે અસહ્ય છે, દુર્ગમાસુરે ચારેય વેદને બંદી બનાવતાં સંસાર ચક્ર સ્થગિત થઈ ગયું છે માતા, સમસ્ત પૃથ્વીવાસીઓ જળ અને ફળ માટે તલસી રહ્યા છે.'

દેવરાજ ઇન્દ્રની વાત સાંભળતાં માતા પાર્વતીએ પોતાની નજર સંસારવાસીઓ પર પાડી, તેમના હૃદયમાં માતૃવાત્સલ્યતા જાગી આવી.

જગતજનની માતા પાર્વતીના હૃદયમાંથી એક ચારહાથવાળી એક દેવી કમળ, બાણ, ધનુષ્ય અને ફળ-ફૂલ લઈને પ્રગટ થઈ. આ કરુણામયી જગતજનની પ્રગટેલી માતા શક્તિ સંસારવાસીઓનું દુઃખ જોઈ ન શકતાં તેઓના નયન અશ્રુભીના થઈ ગયા અને તેમની આંખોમાંથી અસંખ્ય અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. એ અશ્રુઓની ધારાઓ એટલી ગતિમય હતી કે સમસ્ત સંસારમાં નદીઓનાં નીર તરીકે વહેવા માંડી, સમસ્ત સંસાર પાણીમય થઈ ગયું. માતાના ચોથા હાથમાં ફળ-ફૂલ હતા એ ત્યાંથી અદૃશ્ય થતાં જ સંસારના દરેક છોડ, લતાઓ અને વૃક્ષો ફળ-ફૂલ મય બની ગયાં. સમસ્ત દેવગણ હર્ષ અનુભવી રહી હતી.

દેવર્ષિ નારદઃ 'જગતજનની, સંસાર રક્ષિણી, કરુણામયી માતા શાકંભરીની જય હો.'

દેવર્ષિ નારદ સહિત સમસ્ત દેવગણ માતા શાકંભરીનો જયજયકાર કરવા લાગ્યા. (ક્રમશઃ)■

## સંતે ભગવાનને મહેણું માર્યું ને સર્જાયો ફળનો પહાડ!

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

કોઈપણ ફળ જો લાંબો સમય પડ્યું રહે તો તે સડવા માંડે છે અને તેમાંથી દુર્ગંધ આવવી શક્ય છે. પણ ગુજરાતના એક મંદિર પાસે શ્રીફળનો પહાડ છે. હા, ઢગલો શબ્દ તો બહુ નાનો છે. લાખો શ્રીફળનો રીતસરનો પહાડ ઉપર આકાશ અને નીચે ધરતી પર ખુલો પડ્યો છે. ટાઢ, તાપ અને વરસાદમાં આ રીતે જ ખુલા પડી રહેલા આ લાખો શ્રીફળ સડતા નથી, કે નથી તેમાંથી દુર્ગંધ આવતી. આપણે તેને ચમત્કાર માનીશું કે બીજું કંઈ? આ મંદિર છે, રામદૂત હનુમાનનું. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના લાખણી ગામથી ૪ કમી દૂર ગેળા ગામમાં આ અનોખું મંદિર આવેલું છે. મંદિરના દેવ પણ ગેળા હનુમાન તરીકે સિદ્ધ છે. મંદિરનો ઇતિહાસ આશરે ૬૦૦ થી ૭૦૦ વર્ષ પુરાતન હોવાનું મનાય છે. લોકવાયકા પ્રમાણે ગેળા ગામે કેટલાક ગોવાળ ગાયો ચરાવતા અને ખીજડાના ઝાડ નીચે આરામ કરવાનો તેમનો નિયમ હતો. એક વખત ખીજડાના ઝાડ નીચે તેમણે હનુમાનની મૂર્તિ વૃક્ષના થડમાંથી બહાર નીકળતી હોય તેવી જોઈ ત્યારથી લોકો તેની પૂજા કરે છે. ગેળા હનુમાનનું આ મંદિર બહુ સાધારણ છે. કોઈ નકશીદાર ભવ્ય ઇમારત નથી. મંદિરના કેન્દ્રમાં ખીજડાનું વૃક્ષ છે. વૃક્ષના થડમાં બેઠેલી મૂર્તિ એક ફૂટ બહાર છે. બાકીની મૂર્તિ વૃક્ષની અંદર જ છે. એવું કહેવાય છે કે સો વર્ષ પહેલાં લોકોએ આ મૂર્તિને બહાર કાઢવા માટે કેટલાક પ્રયત્નો કર્યાં પરંતુ તમામ પ્રયત્નો છતાં તેમાં કોઇને સફળતા મળી નહોતી. તેમણે આ મૂર્તિની આજુબાજુ પાંચ-છ ફૂટ ખોદકામ કર્યું પણ આ મૂર્તિનો છેડો ન આવ્યો. પછી તેમણે આ મૂર્તિને સાંકળથી પાડાઓ દ્વારા બહાર ખેંચી પણ આ મૂર્તિ બહાર ન આવી અને સાંકળો તૂટી ગઇ સાથે સાથે પાડા પણ મરી ગયા. તે પછી મૂર્તિને સંપૂણ બહાર કાઢવાના બધા પ્રયત્નો પડતા મુકાયા અને જે સ્વરૂપમાં હનુમાન બિરાજમાન છે, તે સ્વરૂપમાં જ તેમનું પૂજન થાય છે. આ ચમત્કારિક હનુમાન મંદિર સાથે એક લોક દંતકથા જોડાયેલી છે. લગભગ ૫૦-૬૦ વર્ષ પહેલાં, થરાદના અશોદરા મઠના તપસ્વી મહંત હરદેવપુરી મહારાજે મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે અહીં ચઢાવેલા નારિયેળ બાળકોને પ્રસાદ તરીકે વહેંચ્યા, જેના કારણે તેઓ બીમાર પડી ગયા. સંતે હનુમાન દાદા પાસે પ્રાર્થના કરી કે માંદા પડી ગયેલાં બાળકો જો સાજા થઇ જશે તો જેટલા ફળ વહેંચ્યા તેનાથી બમણાં તમને ચઢાવીશ. ખરેખર બાળકો સાજા થઇ ગયા. અશોદરા મઠના તપવી મહંત હરદેવપુરી મહારાજે માનેલી માનતા પ્રમાણે દેવને શ્રીફળ તો ચઢાવ્યા, પરંતુ હનુમાનને મહેંણું માર્યું, જો તમારા નારિયેળ બાળકોને પ્રસાદ તરીકે આપવાને કારણે ખતમ થઈ જતા હોય; અને મારા જેવા સંતે પ્રસાદ વહેંચવાથી દોષ લાગતો હોય તો અહીંયા નાળિયેરનો ઢગલો કરીને બતાવજો! તે દિવસથી, અહીં કોઈ શ્રીફળ વધેરતું નથી. દાયકાઓ વીતી ગયા છતાં અહીં શ્રીફળનો ઢગલો ઓછો થતો નથી, ઊલટું દિવસો દિવસ ભક્તોનો ધસારો એટલો વધી ગયો છે કે અહીં શ્રીફળનો પહાડ બની ગયો છે.



આ મંદિર નારિયેળવાળા હનુમાન મંદિર તરીકે ઓળખાય છે. અનેક લોકો આ મંદિર ચાલીને આવવાની માનતા માને છે અને ૧૦થી ૧૫ કલોમીટર ચાલીને આવે છે. શનિવારે, તો અહીંયા મેળો હોય તેવું વાતાવરણ જોવા મળે છે, જે દેશ અને દુનિયાભરના ભક્તોને આકર્ષે છે.

અહીંયા શનિવારની માફક પૂર્ણિમાના દિવસે પણ દર્શન કરવાનું અનેરું મહત્ત્વ છે. લોકો અહીં માનતા માને છે, અને માનતા પૂર્ણ થતાં હનુમાનને શ્રીફળ ચઢાવે છે. કહેવાય છે કે અહીં શ્રીફળનો ઢગ ખુલેઆમ પડ્યો હોવા છતાં કોઈ એકપણ શ્રીફળ ચોરી શકતું નથી. જો કોઈ પ્રયત્ન કરે તો તેના દુષ્પરિણામ ભોગવવા પડે છે. એટલુંજ નહીં, એક શ્રીફળ ચોરવાનો પ્રયત્ન કર્યો હોય તો દોષ મુક્તિ માટે સામે પાંચ શ્રીફળ ચઢાવવા પડે છે.

આજે સ્થિતિ એ છે કે મંદિરની ઊંચાઈ જેટલી છે, તેના કરતાં વધુ ઊંચો તો શ્રીફળનો પહાડ છે! જે દિવસો દિવસ વધી જ રહ્યો છે. કહેવાય છે કે અહીં લગભગ એક કરોડ જેટલાં શ્રીફળ છે, જે એક ધાર્મિક રેકોર્ડ છે. હનુમાન પ્રત્યેની લોકોની અતૂટ શ્રદ્ધાનું એ પ્રતીક છે. ■

અલખનો ઓટલો

# ‘મેં અલેકિયા પીર પછમ રા, સતની ઝોળી મેરે કાંધે ધરી’ના ગાનારા મુંડિયાસ્વામી

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

પોષ વદી ત્રીજના દિવસે મુંડિયાસ્વામીના નામે ઓળખાતા સ્વામી દયાનંદજીએ આજથી ૯૫ વરસ પહેલાં વિ.સં.૧૯૮૫માં જામનગરમાં પોતાના ગુરુ બ્રહ્માનંદજીની સમાધિ પાસે સત્યોત્તેર વર્ષની વયે દેહ છોડ્યો હતો એવા એક ભજનિક સંતનો જન્મ ડમરાળા ગામે શ્રીગોડ માળવી બ્રાહ્મણ જ્ઞાતિમાં કાશીરામ અને પાનબાઈને ત્યાં ઈ.સ.૧૮૫૨માં વિ.સં. ૧૯૦૮માં ભાદરવા સુદ ૧૫ સોમવારે થયેલો. જામનગરના સાધુ બ્રહ્માનંદજી પાસે ઈ.સ. ૧૮૮૬માં દીક્ષા લીધેલી. એ પહેલાં તેઓ જૂનાગઢના રેવન્યુ ખાતામાં તલાટીની નોકરી કરતા. એ ગામના નવાબ શેર જુમાખાનજીએ પોતાના કોઠારી તરીકે પણ નીમેલા. એકવાર વિના કારણ નિરપરાધીને દંડ કર્યો, પાછળથી પશ્ચાતાપ થતાં રાજીનામું આપી સન્યસ્ત ધર્મ સ્વીકાર્યો.

પાંચાળમાં થાન પાસે બાંડિયાબેલી સ્થાન નજીક નાની ગુફામાં એકાન્તવાસમાં રહ્યા. બાંડિયાબેલી સ્થાને કાઠિયાણી રાધાબાઈને બહેન માનીને શિષ્યા બનાવી સાધના દીક્ષા આપેલી અને નામ આપેલું રત્નગિરિ...પછી થાન છોડી કચ્છમાં ચાલી નીકળ્યા. રાપર તાલુકાના વિદ્રોયા ડુંગર ઉપર નજર ઠરી, ગુફા બનાવી સાધના શરૂ કરી.. ભભૂતગિરિ જેવા સિદ્ધ મિત્ર પણ મળ્યા, પછી ભીમાસરના તપસ્વી મૌની જ્ઞાનગિરિને મળ્યા. એમણે વાણીપ્રસાદ આપ્યો અને કવિતાની સરવાણી ફૂટી નીકળી. ત્યાંથી અંજાર પહોંચ્યા. અજેપાળ જગ્યાના મહંત મોકમગિરિએ સ્વાગત કર્યું. અને સાત મસાણ નામના સ્થળે દયાનંદે ધૂણો ચેતાવ્યો. અન્નક્ષેત્ર શરૂ કરીને જોળી ફેરવતા.

મોરબી ઠાકોર વાઘજીએ આમંત્રણ આપ્યું. વિ.સં.૧૯૬૩ ચૈત્રસુદ ૧૫ ના રોજ ઈ.સ.૧૯૦૭માં મોરબી આવ્યા. અને સવરામંડપનું આયોજન કર્યું. દૂધરેજ મહંત રઘુદાસજીએ વ્યવસ્થા સંભાળેલી. એમના ઉપદેશથી વાઘજી ઠાકોરે આજીવન શિકાર છોડ્યો. જામ રણજિતે જામનગર બોલાવ્યા અને જગ્યા આપી. ઈ.સ.૧૯૨૨માં નાગમતી નદીના કાંઠે એમણે અન્નપૂર્ણા માતાજીનું મંદિર બંધાવ્યું. મહારુદ્ર યજ્ઞ કરાવ્યો. રાજ્યમાં શિકારની મનાઈ ફરમાવી. એમનાં શિષ્યા રતનગિરિનું અન્નક્ષેત્ર મેંદરડા ગામે હતું. ખંભાળિયા પાસે ધીંગેશ્વર મુંડિયાસ્વામીનું ગુરુસ્થાન હતું. ત્યાં પણ અન્નક્ષેત્ર શરૂ કરાવેલું. મહાત્મા ગાંધીજીએ મુંડિયા સ્વામીની મુલાકાત લીધેલી. પછી ધ્રાંગધ્રાના દેશળ ભગત સાથે પણ મુલાકાત કરેલી. કચ્છના જંગીના બાવા દેવીદાસને મળવા ગયેલા, અને સંતમેળો કરેલો. વિ.સં.૧૯૮૫ પોષ વદી ત્રીજ ઈ.સ.૧૯૨૯ નાગમતીના કાંઠે જામનગરમાં ગુરુ બ્રહ્માનંદની સમાધિ પાસે સમાધિસ્ત અવસ્થામાં વિદાય લીધી.

તેમના શિષ્ય સ્વામી દુર્ગાનંદજીએ ઈ.સ.૧૯૭૮માં મુંડિયા સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર પ્રગટ કરેલ છે. કવિરાજ મેઘરાજજી હમીરજી દ્વારા ‘સ્વામી શ્રી દયાનંદગિરિ સુયશ પ્રકાશ’ નામે પુસ્તકમાં પદ્યમાં જીવનચરિત્ર અપાયું છે. મુંડિયાસ્વામી દ્વારા લખાયેલાં ‘મોક્ષ સોપાન’ કુદરત કલા ને તીર્થ વિલાસ, ‘બ્રહ્મવિલાસ’, ‘બ્રહ્મ ગાયત્રી’, ‘શિષ્ય ધર્મોપદેશિકા’ જેવાં પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં છે. બ્રહ્મનિષ્ઠ મુંડિયાસ્વામી દયાનંદગિરિજી ગુરુ બ્રહ્માનંદગિરિ કૃત ગુજરાતી-હિન્દી અને વ્રજભાષામાં રચેલી ચિંતામણિઓ, ઉપદેશાત્મક જ્ઞાનમાર્ગી સંતવાણી ભજનો, રાસ, પદ, સામૈયાંનાં પદો, થાળ, ચાબખા, ગઝલ-કવ્વાલી, પ્રભાતી, આરતી, રામગરી, રાસડા, કીર્તન, ધોળ, શાસ્ત્રીય રાગદારી ભજનો, બારમાસી (બારમાસનો રાસડો) વગેરે ૫૦૦ જેટલી



રચનાઓનો સંચય ‘મનપ્રબોધ ભજનાવળી’(ઈ.સ.૧૯૨૭) નામે ગ્રંથમાં ચાર વિભાગમાં પ્રકાશિત થયો છે..

પરબ સ્થાનના સાધુઓને ‘મુંડિયા’ તરીકે ઓળખાવવામાં આવે છે. દયાનંદજીને ઈ.સ.૧૮૭૨માં જેમણે વિદાય લીધી એ પરબના મહંત અમરીમાતા તથા એ પછી થયેલા મહંતો સાથે સંબંધ હશે. તેઓ જામનગરના બ્રહ્માનંદ સ્વામી પાસે દીક્ષા લઈને સન્યાસી થયા એ પહેલાં કદાચ પરબ સાથે સંકળાયેલા હશે એમ લાગે છે. કારણ કે તેઓ મુંડિયાસ્વામીના નામે ઓળખાતા હતા. વળી એમની મેં અલેકિયા પીર પછમરા... મેં અલેકિયા પીર પરબરા સતની ઝોળી મેરે કાંધે ધરી...’ એ રચના પરબના મહંત ભજનિક સેવાદાસજી બાપુ તથા ભજનિક કાનદાસજી બાપુ દ્વારા અનેક વાર ગવાતી રહી છે. આવા સંતોના આંતર સંબંધો ન સમજી શકાય તેવા હોય છે. તે પાછળથી નિર્ગુણ ઉપાસક - વેદાન્તી સન્યાસી થયા હોવા છતાં પૂર્વ જીવનમાં જૂનાગઢમાં નોકરી કરતા હતા અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં રાજીનામું આપીને સન્યસ્ત ધર્મ સ્વીકાર્યો એ ગાળામાં પરબના સ્થાન સાથે સંકળાયા હોવાનો સંભવ છે.

*મેં અહાલેકિયા પીર પછમ રા, સતની જોળી મારે કાંધે ધરી,*
*મેં અહાલેકિયા પીર પરબ રા, સતની જોળી મારે કાંધે ધરી,*
*પીધો પિયાલો મેં તો લગન કરી, હો,*
*- મેં અહાલેકિયા પીર પછમરા....*
*પાંચ રંગકા લિયા કપડા, શીત સંતોષ માંહે તાર ભરી,*
*પ્રેમને પડકારે જોળી નીકળી, જોળી હો ગઈ ખરેખરી...*
*- મેં અહાલેકિયા પીર પછમરા....*
*પાંચ ફળિયાં, પચીસ મેડીયું, નવ દરવાજે જોયું ફરી,*
*ચાર પાંચ માંહે ખેલે જુગટીયા, ઉનકું મેલ્યા પરહરી...*
*- મેં અહાલેકિયા પીર પછમરા....*
*ઓહમ અંચળા, સોહમ્ ચિપિયા, જ્ઞાન વિભૂતીમાં રેવું ભળી,*
*દશમે દરવાજે અલેક જગાવી, સારા શહેરમાં ખબરું પડી ...*
*- મેં અહાલેકિયા પીર પછમરા....*
*એક શબ્દ દીધો સાહેબજીએ, લીધો અલેકીયે લગન કરી,*
*એક શબ્દ મુંને દીધો અલખ રો, પકડ્યો અલેખીયે લગન કરી,*
*દાસ દયાનંદ બ્રહ્માનંદ ચરણે, હવે ચોરાશીમાં નાવું ફરી...*
*- મેં અહાલેકિયા પીર પછમરા....*
*(આ ભજનમાં ‘મેં અહાલેકિયા પીર પરબ રા...’*
*એમ પણ અનેક ભજનિકો દ્વારા ગવાય છે..)* ■

# ઈસ્માઈલી ગિનાનનો પડઘોઃ ગુજરાતી રવેણી ભજન

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ, કેવી રીતે જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવીને વિકાસ પામી એની વિગતો અહીં જે પ્રકારની છે તેમાં અહીંની તળ ગુજરાતની સૃષ્ટિની ઉત્પત્તિની પરંપરાની વિગતોનો પ્રતિઘોષ-પડઘો સંભળાય છે. મુસ્લિમ સંત પીર શમ્સ સૌથી વધુ સમય ગુજરાતમાં રહેલા, તેમણે ભારતીય દર્શન પરંપરાનો ઊંડો અભ્યાસ કરેલો અને પછી એ શાસ્ત્રોને આધારે સ્થાનિક પ્રજા, તળ પ્રદેશની લોહાણા પ્રજાને પ્રબોધીને ખોજાને નીજારી ઈસ્માઈલી પંથ તરફ વાળેલા. પીર શમ્સની પરંપરામાં પીર સદરૂદીન અને હસનકબીરદીનની પણ સૃષ્ટિની ઉત્પત્તિના કથાનકવાળી ગદ્યમાં ગિરભાવલીશાસ્ત્ર અને બ્રહ્મ ગાવંત્રી નામની રચનાઓ પણ મળે છે. પરંતુ મહાપંથી રવેણી ભજનો સાથે સવિશેષ સામ્ય ધરાવતી પદ્ય રચનાઓ તો ઈમામશાહની જુગેશરના ગિનાનો જ છે. એને આધારે કહી શકાય કે ખોજાઓના ધાર્મિક વિધિ-વિધાન સાથે ભારતીય પરંપરાના વિધિ-વિધાનો ગાઢ રીતે જોડાઈ ગયા છે.

મહાપંથ એ આપણે ત્યાં પ્રવર્તમાન સંપ્રદાયમાં જૂનામાં જૂનો સંપ્રદાય મનાયો છે. એનાં મૂળ બૌજાતક અને મહાભારત આદિમાં છે. મોટાભાગના મહાપંથી ભજન રચિયતાઓએ રવેણી રચનાઓ રચી છે. રવેણી ભજનનો એક પ્રકાર છે. ભજન કંઠસ્થપરંપરાનું સાહિત્ય સ્વરૂપ છે. એ લિખિતપરંપરામાં પણ ઉપલબ્ધ હોઈને મધ્યકાલીન સાહિત્ય સાથે એને અનુબંધ છે. ભજન કંઠસ્થ પરંપરામાં વિશેષ માત્રામાં ઉપલબ્ધ અને કંઠસ્થ કરવાનું અને રજૂ કરવાનું - હોઈને એનો લોકસાહિત્ય સાથે પણ સમાવાયુ છે, પરંતુ હકીક્તે બન્ને પરંપરાની વિશિષ્ટતાઓ ધરાવતું ભજનનું એ એક અનોખું સ્વરૂપ છે. કંઠસ્થપરંપરા સાથે એનો, પ્રગાઢ સંબંધ હોઈને એના સંદર્ભોને પણ અભ્યાસ દરમ્યાન ખપમાં લેવા જોઈએ.

રવેણી રચનાઓ મને ભજનસ્વરૂપમાંનો જૂનામાં જૂનો પ્રકાર લાગે છે. ભજન આપણે ત્યાં નાથ પરંપરાના ચર્ચાપદો તથા રવિ-ભાણ સંપ્રદાયથી વિશેષપણે પ્રચારમાં આવેલું સ્વરૂપ છે, પણ એનાં મૂળ-કુળ મહાપંથમાં જણાય છે. ભજન-કીર્તન ગાનની ક્રિયા ભક્તિનો જ એક પ્રકાર ગણાય છે. નરસિંહ પણ ભોર થયા લગ ભજન કીધું ગાય છે તે આ અર્થમાં છે.

રવેણી ભજનના રચયિતાઓમાં ધર્મરાજા અને માર્કંડ ઋષિ એ બે નામોલ્લેખો એની પ્રાચીનતા માટે ચીંધી શકાય છે. ઈસ્માઈલી પરંપરામાં સહદેવ જોશી, ધ્રુવ, પ્રહ્લાદને નામે અનેક રચનાઓ ચડેલ છે તેમ તેવા પ્રકારની આ નામછાપ નથી જણાતી. વિષયસામગ્રી પણ પ્રાચીન સંદર્ભોથી સભર છે. ધર્મરાજા અને શિવજી આ સંપ્રદાયના દીક્ષિત હતા એવું સંપ્રદાયની મહત્તા વધારવા માટે પ્રચારમાં મૂક્યું હોય તેવું અનુમાન કરતાં પ્રાચીન સંદર્ભો, ઉલ્લેખો આપણને રોકે છે. મકરંદ દવે તો ઓરિસ્સાના અલખ સંપ્રદાય અને બંગાળના બાઉલ સંપ્રદાયની સાથે મહાપંથને તુલનાવાયાના અભ્યાસનો નિષ્કર્ષ આપીને માર્કંડ ઋષિને એકત્વ સાધનાર મોટા ગજાનો ભજનિક માને છે તે ઘણું તર્કપૂત પણ લાગે છે. એ રીતે વિષયસામગ્રી અને રચયિતાઓને આધારે રવેણી ભજનસ્વરૂપમાં જૂની પ્રારંભની ભજન રચનાઓ જણાય છે. રવેણીને જયમલ્લ પરમાર આગમ સંજ્ઞાથી આપણી લોકસંસ્કૃતિ પુસ્તકમાં પરિચય કરાવે છે. તેઓ ભૂતકાળની ઘટનાઓને નિર્દેશતી-ઉત્પત્તિની કથાઓને સાંકળી લેતા ભજનોને પણ આગમ તરીકે ઓળખાવે છે. આગમનો બીજો પ્રકાર તે ભવિષ્યને અનુલક્ષીને જે ભજનો રચાયાં છે તે - એમ ભૂતના અને ભાવિના આગમો તરીકે નિર્દેશ કરી આગમવાણીમાં જ રવેણીને તેમણે સમાવિષ્ટ કરી લીધી છે. તેઓ રવેણી સંજ્ઞા પણ પ્રયોજે છે.


મકરંદ દવે જેવા અધ્યાત્મવિદ્યાના અભ્યાસી મહાપંથનો પરિચય આપણાં એમાંના બીજના પ્રાચીન સંદર્ભ માટે ચાંદ્રપંથ અને સૌરપંથનો નિર્દેશ કરીને આ પ્રભાવ કેટલો વ્યાપક રહ્યો એની વિગતો રજૂ કરતાં લેખે છે કે, બીજનું પ્રતીક ઈસ્લામમાં પણ કેવું છવાયેલું છે. આ બીજનું મહત્ત્વ મહાપંથમાં વિશેષ છે તે દર્શાવવા માર્કંડ ઋષિની રવેણીનો તેઓ પરિચય આપે છે.



ગુજરાતના ખેડબ્રહ્માના વિસ્તારના ડિંગરી ગરાસિયા આદિવાસીઓની ભીલોના ભારતની કથામાં પણ કુંતા અને દ્રૌપદી મહાપંથની દીક્ષિત અને સિદ્ધિ પામેલી સતીઓ તરીકે જ દર્શાવવામાં આવી છે. એમાં યુધિષ્ઠિર આ પંથથી દીક્ષિત થવા માટે કુંતા, દ્રૌપદી આદિ પાસે જઈને બધી જ શરતો સ્વીકારીને મહાપંથી બને છે એની વિગતો છે. માર્કંડ ઋષિનું પાત્ર પણ અત્યંત પ્રાચીન છે. શાક્ત, નાથપંથ શૈવ, વૈષ્ણવ એમ તમામ પરંપરા સાથે આ ચિરાયુ ઋષિનો સંપર્ક છે. મહાપંથી રવેણીના ધર્મરાજા માફક માર્કંડ ઋષિ પણ ઉદ્‌ગાતા છે. ઝવેરચંદ મેઘાણી સોરઠી સંતવાણીમાં કબીર પછી ધર્મરાજા રચિત આગમ મૂકે છે. માર્કંડ ઋષિના માર્ગદર્શનથી યુધિષ્ઠિર-ધર્મરાજાએ, કુંતામાતાના કહેવાથી દ્રૌપદી પાસેથી મહાપંથની દીક્ષા લીધી. પછી એમણે રચેલી રવેણીમાં સૃષ્ટિની ઉત્પત્તિની કથા છે. આમ રવેણી પ્રકારનું પદ-ભજન સૃષ્ટિ ઉત્પત્તિના કથાનકને સમાવતો ભજન પ્રકાર જણાય છે. ઝવેરચંદ મેઘાણીએ સોરઠી સંતવાણીમાં આઠ જેટલી રવેણીને સ્થાન આપ્યું છે. એમાંની માર્કંડઋષિની નામછાપ ધરાવતી રચના આસ્વાદીએ.

*રાજા પૂછે છે રે યુધિષ્ઠિર પૂછે છે રે,*
*કહોને ઋષિ કહો મોટા દેવ હાં.* ...૧
*મહારો ધર્મ ક્યાંથી થયો હાં,*
*ધરણીથી પેલો રે ધરમ ધુનો રે હાં.* ...૨
*તે દી ચાંદો સૂરજ દોનું નહીં,*
*પણ પવન પાણી આકાશ નહીં.* ...૩
*તે દી નિરંજન નિરાકાર હતાં હાં,*
*તેજ પીંજરની માયા છે ન્યારી રે હાં.* ...૪
*ચૌદ બ્રહ્માંડ તે એમાં હતાં હાં,*
*શ્વાસ ઉચ્છવાસથી બે વચન પેદા કર્યા.* ...૫
*ત્યારે નિયાજીનું થાપન એને કર્યું હાં,*
*શ્વાસ રૂપી તો માયા કહી જે*
*ઉસાશ્વાસ તે નિરાકાર છે.* ...૬
*તેનું ભજન કરીને ભવ જળ તરીએ એ તો,*
*અજપા જાપ જપીએ હાં.* ...૭
*એની વાતુન કોક વીરલા જાણે રે હાં,*
*ને પૂરા હશે તે પામશે.* ...૮
*કહે ઋષિ મારકંડ સાંભળો રાજા ધરમ,*
*મરજીવા હશે તે ધર્મ માણશે હાં.* ...૯

માર્કંડ ઋષિકૃત આ રવેણીમાં ધરતીની પહેલાં ધર્મ હતો એવી વિગત છે અને પછી ચંન્દ્ર, સૂરજ ન્હોતા પવન, પાણી અને આકાશ ન્હોતું, ત્યારે નિરંજન નિરાકાર પ્રગટયા અને તેજ પિંજરની માયા દ્વારા ચૌદ બ્રહ્માંડને એમાં પ્રગટ કર્યો, શ્વાસ અને ઉચ્છવાસ એવા બે વચન પ્રગટ કર્યાં. ત્યારબાદ શ્વાસ રૂપી માયા અને ઉચ્છવાસરૂપી નિરાકાર પ્રગટ થયા. જે કોઈ પૂર્ણ ધર્મી હશે તે જ આ સૃષ્ટિની ઉત્પત્તિની કથાને સમજી શકશે, એટલી વિગતો સ્થાન પામી છે. ભારતીય પરંપરા પ્રમાણેની વિગતો અહીં થોડા અંશરૂપ ટૂંકા મુદ્દાઓ સાથે સ્થાન પામેલી જોઈ શકાય છે. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જીર્ણ | ઠોઠ |
| જીવંત | મરણ |
| જીવન | હાર |
| જીત | દિવંગત |
| જિજ્ઞાસુ | નવીન |

## માતૃભાષાની મહેક

મગની બહુ જ જાણીતી કહેવત છે કે ‘મગ કહે હું લીલો દાણો, મારા માથે ચાંદું, મારો ખપ ત્યારે પડે, માણસ હોય માંદું.’ આ ઉપરાંત બીજી પણ કેટલીક કહેવતો મગ સાથે જોડાયેલી છે જેમ કે મગના ભાવે મરી વેચાય. મગ અને મરી વચ્ચેના કે સૂઝ ન હોય ત્યારે બેઉ એક જ ભાવે વેચાઈ જાય એ આનો ભાવાર્થ છે.

## ગુજરાત મોરી મોરી રે

૬૦૦ વર્ષનો ઈતિહાસ ધરાવતું ભક્તોના હૃદયમાં વસતું ભગવાન વિષ્ણુને સમર્પિત શામળાજી મંદિર ગુજરાતના ક્યા જિલ્લામાં છે?

અ) જૂનાગઢ બ) સાબરકાંઠા
ક) અરવલ્લી ડ) બોટાદ

## ઈર્શાદ

*શું એ વધુ છે કિંમતી, કે કિંમતી સ્વમાન છે?*
*મૂકી સંબંધ ત્રાજવે, તું બેધડક સવાલ કર!*
-- ભાર્ગવ ઠાકર

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | | ■ | |
| ૯ | | ૧૦ | | ■ | ■ | ૧૧ | | ૧૨ | |
| | ■ | | ■ | ૧૩ | | | ■ | | ■ |
| ■ | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | | | |
| ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ■ | ■ |
| ■ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ■ | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | ■ | ■ | ૨૪ | | ૨૫ | |
| | ■ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. નાખુશી, ખોફ (૪)
૪. પરંપરાગત (૫)
૭. પર્વત (૨)
૮. રીંગણું (૩)
૯. --- થવું=કામમાં આવવું, અર્થ સરવો (૪)
૧૧. જોગવાઈ, અનુકૂળતા (૪)
૧૩. સંધિ, સમાધાન (૩)
૧૪. વિષ, ઝેર (૨)
૧૫. બારી (૪)
૧૬. --- ચૂક્યા મેહુલા (૪)
૧૮. વિશિષ્ટ, અસાધારણ (૨)
૧૯. નાવ, મોટો મછવો (૩)
૨૨. દેવની સ્ત્રી (૪)
૨૪. પાસે (૪)
૨૬. એક વાદ્ય (૩)
૨૭. આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા (૨)
૨૮. સમાચાર (૫)
૨૯. બેફિકરું, જડ (૪)

### ઊભી ચાવી

૧. અસ્વીકાર, નામંજૂરી (૪)
૨. સુગંધ માટે વપરાતી એક વનસ્પતિ (૩)
૩. સજીવ, જીવતું (૩)
૪. પવિત્ર (૨)
૫. ફૂલમાંની રજ (૩)
૬. કોટિ, સો લાખ (૩)
૧૦. હાથી (૨)
૧૧. સાથ, સંગાથ (૪)
૧૨. કંકણ, કડું (૩)
૧૩. ---માં સાંભરે સોની (૨)
૧૪. પતિપત્ની (૪)
૧૭. કોઠાર, જથ્થાબંધ માલ ભરવાની દુકાન (૩)
૧૮. ખનીજ પદાર્થો કાઢવા માટે ખોદેલો ખાડો (૨)
૨૦. ઝંડો, વાવટો (૨)
૨૧. ભયાનક, ડરામણું (૪)
૨૨. ઘાટીલું (૩)
૨૩. સોનાચાંદીની પાતળી પતરી (૩)
૨૪. રત્ન (૩)
૨૫. પુત્ર (૩)
૨૬. કસ, સત્ત્વ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શિ | ૨ વા | લ | ૩ ય | ■ | ૪ પ્ર | ૫ વે | શ | ૬ પ | ૭ ત્ર |
| ૮ ક | સ | ■ | ૯ દા | ૧૦ ન | વી | ર | ■ | ૧૧ દ | યા |
| ૧૨ સ્ત | વ | ૧૩ ન | ■ | ૧૪ વ | ણ | ■ | ૧૫ ન | વિ | ન |
| ■ | ■ | ૧૬ દા | ન | ત | ■ | ૧૭ વા | ■ | ■ | ન |
| ૧૮ ધ | ૧૯ રા | ર | ■ | ર | ■ | ૨૦ ચા | ૨૧ ન | ૨૨ ક | ■ |
| ■ | ૨૩ મ | દ | ૨૪ દ | ■ | ૨૫ હ | ■ | ૨૬ જા | મી | ન |
| ૨૭ સૂ | ■ | ■ | રું | ■ | ૨૮ ર | સિ | ક | ■ | ■ |
| ૨૯ ધ | ૩૦ ડા | કો | ■ | ૩૧ ક | દ | ■ | ૩૨ ત | ૩૩ મા | લ |
| ૩૪ બૂ | મ | ■ | ૩૫ મ | રા | મ | ૩૬ ત | ■ | ૩૭ હે | ડ |
| ૩૮ ધ | ર | ણી | ધ | ર | ■ | ૩૯ મ | હુ | ર | ત |

## ઓળખાણ પડી?



દંતકથા અનુસાર એક દેવદાસીએ એક રાતમાં બાંધેલું બાવકા શિવ મંદિર ક્યા રાજ્યમાં છે? ગઝનીએ એને નુકસાન પહોંચાડ્યું હતું.

અ) ગુજરાત બ) બિહાર ક) આસામ ડ) પંજાબ

## સુડોકુ-૯૧૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૭ | ૪ | | | ૧ | | |
| ૪ | | | | | ૫ | | | |
| | | | ૨ | | | | ૪ | |
| | ૫ | | | ૯ | | | | ૬ |
| ૬ | ૩ | | | ૧ | | | ૫ | ૪ |
| ૯ | | | | ૨ | | | ૧ | |
| | ૮ | | | | ૭ | | | |
| | | | ૮ | | | | | ૩ |
| | | ૬ | | | ૧ | ૮ | ૭ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૮ | ૬ | ૩ | ૨ | ૯ | ૭ | ૧ |
| ૯ | ૬ | ૩ | ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ |
| ૧ | ૭ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૫ | ૩ |
| ૫ | ૧ | ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૮ | ૩ | ૯ | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૯ | ૧ | ૫ | ૬ | ૪ | ૭ | ૨ | ૮ |
| ૬ | ૮ | ૫ | ૩ | ૨ | ૭ | ૧ | ૯ | ૪ |
| ૨ | ૪ | ૭ | ૧ | ૯ | ૮ | ૫ | ૩ | ૬ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| જોખમ | સલામતી |
| જોડાણ | ભંગાણ |
| જોબન | ઘડપણ |
| જોશીલું | ઢીલું |
| જોરાવર | કમજોર |

**ગુજરાત મોરી મોરી રેઃ** જૂનાગઢ

**ઓળખાણ પડી?** ગોંડલ

**માઈન્ડ ગેમ :** ૫૫

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** આધાર

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘કોહલી કાકડીયે રળિયાત’ પંક્તિમાં ‘રળિયાત’ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) રમૂજી બ) રાજી ક) રમતિયાળ ડ) રોદણાં

## માઈન્ડ ગેમ

એક વર્ષ માટે ૬.૫%ના દરે એફડીમાં મૂકેલા ૧.૫ કરોડ રૂપિયાના વ્યાજની રકમના રોકાણમાં ૩૦%નો નફો થયો. નફાની રકમ જણાવો.

અ) ૨,૧૫,૮૦૦ બ) ૨,૫૯,૪૫૦ ક) ૨,૯૨,૫૦૦ ડ) ૩,૦૧,૧૦૦

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખૂશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જયવંત પદમશી ચિખલ (૨૦) ભારતી કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિજય આસર (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ડિમ્પલ જિતેન્દ્ર શાહ (૪૧) પ્રજ્ઞા પુરોહિત (૪૨) પ્રમોદ પુરોહિત (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ધીરેન્દ્ર મુલરાજ (૫૨) હરીશ મનુભાઈ ભટ્ટ

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# સત્ય - અસત્ય વચ્ચેનું સંતુલન




**ગીતામાં** કહેવામાં આવ્યું છે કે જે બ્રહ્મ છે તેને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું. એક જગ્યાએ શ્રીકૃષ્ણ અર્જુનને એમ પણ કહે છે કે હું સત પણ છું અને અસત પણ છું. આ સમજવામાં મુશ્કેલ જણાય તેવી વાત છે. પરંતુ વાસ્તવમાં તેમ નથી.

જો ઈશ્વર સત્ય હોય તો અસત્યનો સમાવેશ ઈશ્વરમાં ન થાય. એમ પણ કહી શકાય કે સત્યનું સર્જન ઈશ્વરે કર્યું હોય, અસત્યનું નહીં. જો આમ જ હોય તો પણ એક પ્રશ્ન ઊભો થાય - તો પછી અસત્યનું સર્જન કોણે કર્યું. સત્યનો સર્જક ઈશ્વર તો અસત્યનો સર્જક કોણ. અને આ 'કોણ' શું ઈશ્વર જેટલો જ શક્તિમાન હોય કે નહીં. જો અસત્યનો સમાવેશ ઈશ્વરના અસ્તિત્વમાં ન થાય તો ઈશ્વર સિવાયનું એક અન્ય અસ્તિત્વ સ્વીકારવું પડે. આ એક જટિલ પરિસ્થિતિ થાય. શાસ્ત્ર તથા વેદના ઘણાં સિદ્ધાંત અહીં ખોટાં પડે. સનાતની સંસ્કૃતિ માટે આ સ્વીકાર્ય નથી. તેથી જ ગીતાનું આ કથન અંતિમ કથન છે તેમ માનવું પડે. ગીતા આમ પણ સ્વયં ઈશ્વરના મુખેથી ઉચ્ચારાયેલ 'તથ્ય' છે. ઈશ્વર સત્ય પણ છે અને અસત્ય પણ. ઈશ્વર સત્ય નથી અને અસત્ય પણ નથી.

વાસ્તવમાં સત્ય અને અસત્ય એ સંદર્ભિક ઘટના છે. સંપૂર્ણતામાં, સાપેક્ષતાના વર્તુળમાંથી બહાર નીકળીને જોતાં જણાશે કે સત્ય અને અસત્ય એ જે તે પરિપ્રેક્ષ્યમાં નિર્ધારિત થતી બાબત છે. આજે ગુરુવાર છે એ વાત ગુરુવાર હોય ત્યાં સુધી જ તે સત્ય. પૃથ્વી ગોળ ફરે છે તે વાત જ્યાં સુધી પૃથ્વીનું અસ્તિત્વ હોય અને તે ગોળ ફરતી હોય ત્યાં સુધી જ તે સત્ય. સંદર્ભના માળખામાંથી બહાર નીકળતા બધું જ એકાકાર થઈ જાય. પછી ન રહે સમય, ન રહે ગુરુવાર, ન રહે પૃથ્વી કે ન રહે તેનું ભ્રમણ.

સૃષ્ટિની શરૂઆતમાં જે હતું એને સત્ય પણ ન કહેવાય અને અસત્ય પણ ન કહેવાય. માત્ર તેનું અસ્તિત્વ હતું. માત્ર તેનું હોવાપણું મહત્ત્વનું છે. તેનાં સંકલ્પથી જે વિવિધ પરિસ્થિતિ ઉદ્ભવી તેમાં વિવિધતા આવતી ગઈ. ક્યાંક વિવિધ પ્રકારના દ્વન્દ્વ પણ ઉદ્‌ભવ્યા. આ સમગ્ર પ્રક્રિયામાં કોઈ એક તબક્કે સત્ય અને અસત્યની ધારણા સ્થાપિત થઈ હશે. આ સત્ય એટલે પરિસ્થિતિનું યથાર્થ નિરૂપણ.

આ સત્ય એટલે અહંકાર તથા સ્વાર્થની બાદબાકી પછી કરવામાં આવેલ અભિવ્યક્તિ. આ સત્ય એટલે સૃષ્ટિના નિયમોનો સ્વીકાર. આ સત્ય એટલે આધ્યાત્મના માર્ગ પર આગળ વધવા માટે જરૂરી ગણાતી ચિત્ત-શુદ્ધિ માટેનું અગત્યનું સાધન. આ સત્ય એટલે શુદ્ધ, સાત્ત્વિક, નિર્દોષ, પવિત્ર ભાવ. આ સત્ય એટલે ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધાને આશરે વ્યક્ત થતું કથન.

સૃષ્ટિ વિવિધ પરિબળોના સમન્વય સમાન છે. અહીં અંધકારનું પણ મહત્ત્વ છે અને પ્રકાશનું પણ. અહીં રાત્રિ પણ જરૂરી છે અને દિવસ પણ. અહીં જન્મ પણ સ્વાભાવિક છે અને મૃત્યુ પણ. સર્જન અને પ્રલય એ બંનેનું અહીં સમાન મહત્ત્વ છે. અહીં પરાજય અને વિજય એક સાથે અસ્તિત્વમાં આવે છે. અહીં દાનવીર દાન ત્યારે જ કરી શકે છે જ્યારે કોઈ યાચક હોય, તેથી યાચક અને દાનવીર બંને સૃષ્ટિમાં જરૂરી છે. દર્શક વિના દર્શનનું મહત્ત્વ નથી, દર્શન વિના દર્શકની કાર્ય સિદ્ધિ શક્ય નથી, અને દશ્ય આ સમગ્ર પ્રક્રિયામાં એટલું જ મહત્ત્વનું છે. અહીં સત્ય અને અસત્ય, બંને પોતપોતાનાં ક્ષેત્રમાં કાર્યરત હોય છે.

સૃષ્ટિના દરેક તત્ત્વ સાથે એક કાર્ય જોડાયેલું હોય છે. કોઈપણ તત્ત્વ અર્થ વિના અસ્તિત્વમાં નથી આવ્યું. અહીં બધું યથાર્થ છે. અહીં બધું નિયમબદ્ધ છે. સૃષ્ટિના દરેક અસ્તિત્વ પાછળ કાર્ય-કારણનો સંબંધ છે. અહીં 'કારણ'ને કારણે કાર્ય અસ્તિત્વમાં આવે છે અને તે કારણ પાછળ આગળ સંપન્ન થયેલું કોઈ કાર્ય હોય છે. અહીં અસત્યના અસ્તિત્વ માટે પણ કોઈક હેતુ હોય જેમ સત્યના અસ્તિત્વ માટે હોય. આ સત્ય અને અસત્ય વચ્ચેના ચોક્કસ પ્રકારના સમીકરણથી સૃષ્ટિનું સ્વરૂપ નિર્ધારિત થાય છે. સૃષ્ટિનું સ્વરૂપ જળવાઈ રહે તે માટે આ બંને વચ્ચે સંતુલન જરૂરી છે.

દેવ હોય કે દાનવ, સુગંધ હોય કે દુર્ગંધ, સત્ય હોય કે અસત્ય, દિવસ હોય કે રાત્રી, ગરમી હોય કે ઠંડી, સુખ હોય કે દુઃખ, વર્તમાન હોય કે અ-વર્તમાન, નિંદા હોય કે સ્તુતિ, સુર હોય કે અસુર, અનંત હોય કે શૂન્ય, વિશાળ હોય કે સૂક્ષ્મ, વાસ્તવિક હોય કે કાલ્પનિક, વિયોગ હોય કે સંયોગ, દરેક પરિસ્થિતિનું મહત્ત્વ વિરોધીના અસ્તિત્વને કારણે સમજમાં આવે છે - સ્થાપિત થાય છે.

જન્મનું મહત્ત્વ મૃત્યુને કારણે જ સમજી શકાય છે. આ પ્રત્યેક વિરોધી જણાતાં અસ્તિત્વમાંથી કોઈ એકનું પ્રભુત્વ વધે તો સૃષ્ટિનું સંતુલન ખોરવાઈ જવાની સંભાવના ઊભી થાય. તેવાં સમયે ફરીથી સંતુલન સ્થાપવા માટે ઈશ્વરે અવતાર ધારણ કરવો પડે. વારંવાર અવતારની પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે, શક્ય હોય ત્યાં સુધી સૃષ્ટિ જાતે જ સંતુલનની સ્થાપના કરી દેવા સમર્થ છે.

સૃષ્ટિના અસ્તિત્વમાં માયાનું પણ મહત્ત્વ છે અને ચૈતન્યનું પણ. અહીં જેટલું મહત્ત્વ પ્રકૃતિનું છે તેટલું જ મહત્ત્વ પુરુષનું છે. પ્રકૃતિ અને પુરુષના સંતુલનથી આ સૃષ્ટિ સંતુલિત રહી છે. કોઈપણ પરિસ્થિતિમાં સંતુલન ત્યારે જ રહી શકે કે જ્યારે બંને તરફ સમાન 'વજન' હોય. પ્રશ્ન એ થાય કે સત્ય અને અસત્ય વચ્ચે સમાન 'વજન' હોવાની સંભાવના કળિયુગમાં તો જણાતી નથી. આનો જવાબ સીધો સાદો છે. એક સત્ય અનેક અસત્યના પ્રભાવ કરતાં વધુ પ્રભાવ છોડવા સમર્થ હોય છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# નિશ્ચિત મત



ગત અંકમાં નિયત કર્મોની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ પોતાનો નિશ્ચિત મત જણાવે છે, તે સમજીએ.

નિશ્ચિતતા એટલે મન, વાણી અને કર્મમાં એકતા, દઢતા અને સ્થિરતા! જીવનમાં નિશ્ચિતતા એ મનુષ્યના વ્યક્તિત્વનો એવો મજબૂત આધાર છે, જે તેને કોઈપણ પરિસ્થિતિમાં અડગ રાખે છે. જે મનુષ્યને પોતાનું લક્ષ્ય નિશ્ચિત અને સ્પષ્ટ હોય, તેના જ સંકલ્પ અડગ હોય છે. તે પરિસ્થિતિના વંટોળો, આકર્ષણો કે અવરોધો વચ્ચે પણ પોતાના માર્ગ પરથી ભટકતો નથી. જીવનમાં સફળતા મેળવવા માટે પ્રતિભા, જ્ઞાન અને સંસાધનો જેટલાં જરૂરી છે, એટલી જ જરૂરી છે નિશ્ચિતતા, કારણ કે વિફળતાનો સામનો કરવાની હિંમત અને સતત આગળ વધવાની શક્તિ એમાંથી જ મળે છે.

મહાત્મા ગાંધીજીનું જીવન નિશ્ચિતતાનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમણે ભારતને સ્વતંત્ર કરવાનો નિશ્ચય કર્યો. એટલું જ નહીં પણ કેવી રીતે સ્વતંત્રતા પ્રાપ્ત કરવી તે રસ્તો પણ નિશ્ચિત હતો. તેથી અનેક કઠિનાઈઓ છતાં તેમણે અહિંસાનો માર્ગ ન છોડ્યો. તેમનું લક્ષ્ય એટલું નિશ્ચિત અને સંકલ્પ એટલો દઢ હતો કે આખરે તે સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા. તેવી જ રીતે સ્વામી વિવેકાનંદે ગરીબી અને સંકટ વચ્ચે પણ મારે વિશ્વને ભારતના અધ્યાત્મનું જ્ઞાન આપવું છે એવો સંકલ્પ કર્યો. આ નિશ્ચિતતાના કારણે તેઓ શિકાગોના ધાર્મિક સંમેલનમાં પહોંચ્યા અને ભારતની ગૌરવગાથા વિશ્વને સંભળાવી.

નિશ્ચિત વ્યક્તિ માત્ર પોતાનું જીવન સફળ બનાવે છે એ જ નહીં, પરંતુ બીજા લોકો માટે પ્રેરણાનું સ્રોત પણ બને છે. તેની વાતમાં વજન હોય છે, કારણ કે તે શબ્દો માત્ર બોલતો નથી, પરંતુ પોતે જીવીને બતાવે છે. આવી વ્યક્તિ સંકટકાળમાં પણ ખચકાતી નથી, કેમ કે તેના મનમાં 'આ કરવાનું જ છે' એવો અડગ વિશ્વાસ હોય છે.

નિશ્ચિતતા માણસના જીવનમાં એન્જિનના ઈંધણ જેવી છે, જે તેને લક્ષ્ય તરફ અવિરત દોડાવતું રહે છે. સંકલ્પ, શ્રદ્ધા અને ધીરજ સાથેની નિશ્ચિતતા માણસને અસંભવ લાગતાં કાર્યો પણ સંભવ બનાવે છે. જે મનુષ્ય આ ગુણને અપનાવે છે, તે જીવનમાં ક્યાંય થંભતો નથી અને અંતે વિજયનો હકદાર બને છે.

ભગવત ગીતામાં પણ ભગવાન કૃષ્ણ પોતાનો નિશ્ચિત મત જણાવે છે. તેઓ કહે છે કે જે પોતાનાં નિયત કર્મ કહ્યા છે તે પણ આસક્તિરહિત થઈને કરવાનાં છે. ફળની આસક્તિ વગર કરેલાં નિયત કર્મો જ મોક્ષ સુધી લઈ જાય છે. હા, આ નિશ્ચિત મત છે. આ જ સિદ્ધાંત છે.

ફળની આસક્તિ ત્યાગીને નિયત કર્મો કરવાનો મર્મ ન કેવળ ગીતા પરંતુ અન્ય શાસ્ત્રોમાં પણ સ્પષ્ટ મળે છે. આનો અર્થ એ નથી કે કર્મ કરવાથી ફળ મળવું જ ન જોઈએ, પરંતુ ફળ મળવાની અપેક્ષા, તેની ચિંતા કે લાલસા છોડવી જોઈએ. જ્યારે મનુષ્ય ફળની આસક્તિ રાખીને કાર્ય કરે છે, ત્યારે તે પરિણામ પર વધુ ધ્યાન આપે છે અને કર્મની શુદ્ધતા તથા એકાગ્રતા ઘટી જાય છે. પરંતુ જ્યારે તે ફળને પ્રભુની ઇચ્છા તરીકે માને અને માત્ર પોતાના કર્તવ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે તે કર્મ શ્રેષ્ઠ બને છે અને મન નિષ્કલંક રહે છે.

આવાં નિષ્કામ કર્મ માટે પ્રથમ મનમાં આ ભાવ પેદા કરવો જરૂરી છે કે હું જે કાર્ય કરું છું તે ઈશ્વરાર્પણ છે. આ રીતે કરેલા કાર્યમાં અહંકાર અને સ્વાર્થ પ્રવેશતા નથી. બીજું, કર્મ કરતાં સમયે મનને પરિણામના વિચારોથી દૂર રાખવું જોઈએ. ઉદાહરણ તરીકે, એક વિદ્યાર્થી અભ્યાસ કરે તો એનું મુખ્ય ધ્યેય જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ, માત્ર પરીક્ષાના ગુણો પ્રાપ્ત કરવાની ચિંતા નહીં. જ્યારે તે સંપૂર્ણ મનથી અભ્યાસ કરે છે, ત્યારે ગુણ આપમેળે સારા મળે છે.

નિયત કર્મ એટલે પોતાની ફરજ, પોતાના સ્થાન અને પરિસ્થિતિ મુજબનું કર્તવ્ય. ગૃહસ્થ માટે પરિવારમાં પ્રામાણિકતા અને જવાબદારી નિભાવવી નિયત કર્મ છે; વિદ્યાર્થી માટે અભ્યાસ; સંત માટે સાધના અને સેવા. આ કર્મો કરવાનું કારણ માત્ર ફળની અપેક્ષા નહીં, પરંતુ ધર્મભાવ અને કર્તવ્યભાવ હોવું જોઈએ.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે આ માર્ગે ચાલવા માટે રોજિંદા જીવનમાં સ્વાધ્યાય અને ઉપાસનાથી મનને સંયમમાં રાખવું જોઈએ. જ્યારે મન શાંત અને સ્થિર બને છે, ત્યારે ફળની લાલસા ધીમે ધીમે ઓછી થવા લાગે છે. જ્યારે મનુષ્ય આ ભાવના સાથે નિયત કર્મો કરે છે, ત્યારે તેનું જીવન સ્વચ્છ, સંતુલિત અને શાંતિમય બને છે. ■

પર્વચક્ર

ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

# વિશ્વદેવ જેવા ઈસુ આજે પણ સર્વત્ર છે



શુક્રવારે ભગવાન ઈસુનો વધસ્તંભ પર વધ થયો અને તે જ દિવસે એમને દફનાવવામાં આવ્યા. એમનો પ્રિય શિષ્ય એમની પાસે હાજર ન હતો માટે ઈસુ એમના દફનના ત્રીજા દિવસે એમને દર્શન આપવા પુનર્જીવિત થયા એમ ખ્રિસ્તીઓ માને છે. શિષ્યો અને અનુયાયીઓને બોધ આપી ઈસુએ સ્વર્ગમાં પ્રયાણ કર્યું. આ પુનરુત્થાનના દિવસને ઈસ્ટર સન્ડેના તહેવાર તરીકે ખ્રિસ્તીઓ ધામધૂમપૂર્વક ઊજવે છે.

ઇજિપ્તની ગુલામગીરી હેઠળ ભોગવેલાં દુઃખોની કડવી યાદમાં યહૂદીઓ પાસ્ખા (Passover) નામનું પર્વ ઉજવતા. એ પર્વના છેલ્લા દિવસે એક વર્ષના નિર્દોષ લવારાનું બલિદાન અપાતું હતું. યહૂદીઓ એમ માનતા હતા કે આ નિર્દોષ બલિદાનથી માણસને પાપથી મુક્તિ મળે છે. ઈસુનું મૃત્યુ પાસ્ખાપર્વના છેલ્લે દિવસે થયું. તેથી જ ખ્રિસ્તીઓ માને છે કે સમસ્ત માનવીઓથી થયેલા, થતા અને થનારા અપરાધો માટે ઈસુએ પ્રાણદાન કર્યું અને મુક્તિનો માર્ગ સરળ બનાવ્યો. ખ્રિસ્તીઓ માને છે કે, 'ઈસુ સ્વર્ગેથી પાછા આવીને જગતનો ન્યાય કરવાના છે. મરિયમના એ પુત્રે આપણાં પાપ ધોવા માટે મૃત્યુદંડ ભોગવ્યો.'

નાતાલ, સારો શુક્રવાર તથા પુનર્જીવનનો રવિવાર (Ester Sunday) એ ખ્રિસ્તીઓનો મુખ્ય તહેવાર છે. નાતાલ એટલે ઈસુ ખ્રિસ્તની જન્મજયંતી, ખ્રિસ્તી ધર્મને ઘણા લોકોએ અપનાવ્યો. શરૂઆતમાં જે લોકો ખ્રિસ્તી થયા એમના પર રોમન રાજ્ય સરકારે ભયંકર અત્યાચારો ગુજાર્યા હતા. રોમન લોકોના મોટા ભાગના ગુલામો ખ્રિસ્તી હતા. એ સમયે લોકોમાં દર વર્ષે Saturnalia નામનો એક તહેવાર શનિગ્રહના માનમાં ઉજવાતો હતો. રોમન લોકો શનિને એક ઘરડો અને પ્રેમાળ માણસ માનતા હતા. આ તહેવાર દરમિયાન ગુલામોને સાત દિવસ સંપૂર્ણ આઝાદી અપાતી હતી. માલિકો ગુલામોને નવી વસ્તુઓ આપી રાજી રાખતા. આખા વર્ષ દરમિયાન આ સાત દિવસ ખૂબ જ આનંદથી જતા તેથી જ ઈસુનો જન્મોત્સવ ૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી મનાવાય છે. ૨૫મી ડિસેમ્બરે આવતો નાતાલનો તહેવાર ખ્રિસ્તીઓનો સૌથી મોટો તહેવાર છે અને અત્યંત ઉલ્લાસ દબદબાપૂર્વક બધી કોમોમાં દુનિયાભરમાં ઉજવાતો તહેવાર છે. ૨૪મી ડિસેમ્બરે બરોબર બારના ટકોરે દુનિયાના પ્રત્યેક ખ્રિસ્તી દેવળનો ઘંટ ગૂંજી ઊઠે છે. પ્રાચીન પેલેસ્ટાઈનના બેથલેહામ ગામમાં આ દિવસે થયેલા ઈસુના જન્મને કૃષ્ણજયંતી જેમ વધાવે છે અને ખ્રિસ્તીઓ દેવળમાં જઈ પ્રાર્થના કરે છે. ચોથી સદીના અંત સુધી, નાતાલનો તહેવાર જુદાં જુદાં સ્થળોએ જુદી જુદી તારીખોએ ઉજવાતો હતો. પણ તે પછી આ તહેવાર ૨૫મી ડિસેમ્બરે ઉજવવાનું ખ્રિસ્તી ધર્મના ગુરુઓ અને અન્ય નેતાઓએ નક્કી કર્યું અને આજ સુધી ચાલુ રહ્યું. ખ્રિસ્તી કોમ સાથે અન્ય કોમો પણ હવે તો નાચગાનનો કાર્યક્રમ રચી મસ્ત બને છે. મોટી મિજબાની પણ યોજાય છે. ઈસુનો જન્મ થયો ત્યારે એક તારો આકાશમાં ચમકતો હતો તેથી ખ્રિસ્તીઓએ તારાના સદ્‌ભાગ્યનું પ્રતીક માનતા હોવાથી એને પોતાના ઘર ઉપર ઈસુના જન્મ દિવસે નાતાલનો તારો લટકતો રાખે છે. બાળકોને મનગમતી ભેટ સાંતાક્લોઝ નામનો દેવદૂત મનાતો, રેન્ડિયરની ગાડી ચલાવતો, બરફ જેવી સફેદ દાઢી ધરાવતો એક વૃદ્ધ આપે તેવી પ્રણાલિકા છે. બાળકનાં માતાપિતા કે કોઈ સ્નેહી સામાન્ય રીતે આ ભેટ બાળકને આ દિવસે સાંતાક્લોઝને નામે આપે છે. પ્રત્યેક ઘરમાં ઈસુ જન્મદશ્ય ઈસુનો જન્મ સૂચવતાં પારણાં, ઘેટાં, ભરવાડો, દેવદૂતો, માતા મેરી વગેરેનાં દશ્યો રચવામાં આવે છે. નાતાલ વૃક્ષ શણગારાઈને મુકાય છે. નાતાલ વૃક્ષ ઉપર શણગારેલી જુદી વસ્તુઓ - રમકડાં વગેરે સાંતાક્લોઝ નામનો વૃદ્ધ માણસ બાળકોને ભેટ આપે છે. ઈસુ જયંતી ગીતો ગાતાં ગાતાં બાળકો એક બીજાને ઘરે જાય છે. આ રીતે અન્યોન્ય માટે પ્રેમભાવ ઉત્પન્ન થાય છે. આનંદ-ઉલ્લાસ ઊભરાય છે.

આપણું નાતાલ વૃક્ષ લોકો નિઃસ્વાર્થી બને અને બીજાઓને પોતાની પાસે જે હોય તે વહેંચે એ માટે બીજાને મદદરૂપ થવા માટે શમીવૃક્ષ જેમ નાતાલ વૃક્ષ એ દાન વૃક્ષ છે.

દુનિયાના મોટા ભાગમાં નવું વર્ષ વસંતઋતુમાં થતું હતું. પણ જુલિયસ સીઝર એ વર્ષને જાન્યુઆરીમાં લઈ ગયો, કારણ કે જાન્યુઆરી નામ જાનુસ નામના દેવ પરથી આવ્યું હોવાનું મનાય છે. જાનુસ એ ગણપતિની જેમ, પારસીઓનો ગાર્ડિયન ડિવાઈન સ્પિરિટ ફરોહર છે તેમ કોઈ પણ શુભ કાર્યની શરૂઆત એની સ્તુતિથી થાય તેવો દેવ હતો. આથી પહેલી જાન્યુઆરી એ જાનુસના ઉત્સવનો ઉમંગભર્યો દિવસ જાહેર થયો અને એ નવા વર્ષનો દિવસ દુનિયાભરમાં ઉલ્લાસથી ઊજવાતો રહ્યો.

દુનિયામાં ખૂબ ફેલાયેલા ખ્રિસ્તી ધર્મના બે મુખ્ય પંથો છેઃ (૧) રોમન-કેથલિક (૨) પ્રોટેસ્ટન્ટ. પરંતુ ખ્રિસ્તી ધર્મના મુખ્ય તહેવારો આ બન્ને સંપ્રદાયના અનુયાયીઓ એકસરખા આનંદ ઉલ્લાસથી ઊજવે છે.

ઈસુના એક અંગત શિષ્ય સેન્ટ થોમસ ઈસુનો પ્રેમ અને ક્ષમાનો સંદેશ ભારતભૂમિ પર લાવ્યા હતા એમ કહેવાય છે. આ ધર્મના સંદેશના બીજ કેરાલાની ધરતી પર વવાયાં. એ સમય દરમિયાન ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારાઓ cyrian orthodox ના નામે ઓળખાય છે. બીજી એક માન્યતા મુજબ ઈસુના જન્મ બાદ જે ત્રણ જ્ઞાનીઓ એમનું દર્શન કરવા ગયા એમાંના એક ભારતીય હતા અને સૌથી પહેલી સુવાર્તા એમણે હિમાલય, કાશ્મીર, કાબુલ, ગાંધાર, ઈત્યાદિ પ્રાંતોમાં ફેલાવી. અર્વાચીન કાળમાં પોર્ટુગીઝ, સ્કોટીશ તથા અમેરિકન મિશનરીઓએ ધર્મપ્રચાર કર્યો છે. મિશનરીના સંતોએ ગરીબ તથા માંદાઓની સેવા કરી. ભારતીય સમાજવ્યવસ્થામાં સદીઓથી દુઃખ અને અપમાન ભોગવતા ચોથા વર્ણને ઈસુનો સંદેશ ખૂબ જ ગમ્યો. તેમણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો. આ સાથે પંડિતા રમાબાઈ, નારાયણ વામન તિલક, રાવબહાદુર આઠવલે, ડૉ. કરમરકર તથા ન્યાયમૂર્તિ કરમરકર (બે ભાઈઓ) તથા બાબા પદમનજી જેવા શિક્ષિત લોકોએ પણ આ ધર્મ અપનાવ્યો. ગુજરાતી ભાષાના ખ્યાતનામ કવિ શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્તે' પણ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. આજે પણ અનેક લોકો આ ધર્મ અપનાવી રહ્યા છે.

ગોવા, દીવ, દમણ, કેરાલા, સોલાપુર, આણંદ, ગોધરા તથા આસામ-નાગાલૅન્ડ સુધી સર્વત્ર આ ધર્મ પળાય છે. ખ્રિસ્તી મિશનરીઓએ શાળા-કૉલેજો તથા હૉસ્પિટલો બાંધી શિક્ષણ પ્રચાર તથા સેવા દ્વારા ધર્મપ્રચાર કર્યો છે. ઈસુના ગિરિપ્રવચનોની ગહન અસર ગુજરાતી સાહિત્ય તથા જીવન ઉપર છે. ગાંધી બાપુ તો ખ્રિસ્તીઓનું ધર્મપુસ્તક બાઈબલ હંમેશાં પોતાની પાસે રાખતા હતા. કલાપી તથા જોસેફ મૅકવાનના સાહિત્ય પર પણ આની સ્પષ્ટ અસર છે.

વિશ્વદેવ જેવા ઈસુ આજે પણ સર્વત્ર છે. મધર ટેરેસા દ્વારા માનવસેવામાં છે, તો નીતિનિયમ અને સદાચારનો સંદેશ પોતાની કલમ, વાણી અને વર્તન દ્વારા યુવાપેઢીમાં ફેલાવનાર ફાધર વાલેસના સાહિત્યમાં ઈસુ છે. વધસ્તંભ પર ઈસુનો દેહ ભલે ચડ્યો હશે પણ જ્યાં જ્યાં સેવા, સત્ય અને પ્રેમ છે ત્યાં ત્યાં બધે જ ઈસુ છે...!

'પર્વચક્રઃ આપણા ઉત્સવો' પુસ્તકમાંથી સાભાર.
પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# નાતાલ ઉત્સવની સજાવટનું ગહન પ્રતીકાત્મક મહત્ત્વ



તમે આ વાંચી રહ્યા હશો ત્યારે ખ્રિસ્તી નવવર્ષના આગમનની ઘડીઓ ગણાઈ રહી હશે. ક્રિસ્મસના આ સમયે હાથમાં ઘંટડી લઈને, ખભા પર થેલો લઈને ભેટ-સોગાદો આપવા નીકળતા સૅન્તાક્લોઝની કથા લોકોને વર્ષોથી રોમાંચિત કરતી રહી છે.

ખેર, સૅન્તાક્લોઝ ભલે એક કાલ્પનિક પાત્ર હોય, ક્રિસ્મસમાં વપરાતી ચીજોનું પોતાનું પ્રતીકાત્મક મહત્ત્વ છે, જે જાણવા જેવું છે. નાતાલ ઈસુ ખ્રિસ્તના જન્મની યાદમાં ઉજવવામાં આવે છે, જેમને ખ્રિસ્તીઓ ભગવાનના પુત્ર માને છે. 'ક્રિસમસ' નામ ખ્રિસ્તના (Christ) માસ પરથી આવ્યું છે. માસ સેવા (જેને ક્યારેક કોમ્યુનિયન અથવા યુકેરિસ્ટ કહેવામાં આવે છે) એ છે જ્યાં ખ્રિસ્તીઓ યાદ કરે છે કે ઈસુ આપણા માટે મૃત્યુ પામ્યા અને પછી સજીવન થયા.

ક્રિસ્મસ સજાવટ ઉજવણીનો એક મોટો ભાગ છે! પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ પરંપરાગત સજાવટ આપણને ઉત્સવની સાચી ભાવના સાથે કેવી રીતે જોડવામાં મદદ કરી શકે છે?

**ક્રિસ્મસનો તારોઃ** ક્રિસ્મસની સજાવટમાં તારો મહત્ત્વનો છે. નાતાલ દરમિયાન રસ્તાની લાઇટ્સ પર લટકતા તારાઓ અથવા નાતાલનાં વૃક્ષો પર ગોઠવેલો તારો આપણે ન જોઈએ તેવું ન બને. આ તારો ઉત્સવના પ્રતીકોમાંનું એક છે. આ તારો બેથલેહેમના તારાનું પ્રતિનિધિત્વ કરે છે, જેણે જ્ઞાની પુરુષોને ઈસુના જન્મસ્થળ સુધી માર્ગદર્શન આપ્યું હતું. તે દૈવી માર્ગદર્શન, આશા અને અંધકારમાં ચમકતા પ્રકાશનું પ્રતીક છે.

**ક્રિસ્મસ ટ્રીઃ** ક્રિસ્મસ ટ્રી વિના ક્રિસ્મસની સજાવટ અધૂરી છે. આ એ વૃક્ષ છે જે સમગ્ર વર્ષ હરિયાળું રહે છે. જે વૃક્ષો આખું વર્ષ લીલાછમ રહેતા હતા, તેઓ લોકો માટે ખાસ અર્થ ધરાવતા હતા. શિયાળાની ઋતુમાં એક લીલુંછમ, ખીલેલું વૃક્ષ લોકોને આશા અને નવા જીવનની યાદ અપાવતું. ઈસુ ખ્રિસ્તને કારણે, આપણે અનંતજીવન મેળવી શકીએ છીએ તેવી માન્યતા છે.

**વ્રેથ (Wreath):** ઘરના દરવાજે કે બારીઓ પર લટકાવતું આ વ્રેથ વિશેષ પ્રતીક છે. તેમાં વપરાતી વસ્તુઓ મોટાભાગે આખું વર્ષ સદાબહાર રહેનારી હોય છે. ગોળાકાર અને અનંત, નાતાલની માળા શાશ્વતતા, એકતા અને જીવનના અખંડ વર્તુળનું પ્રતિનિધિત્વ કરે છે. પરંપરાગત રીતે ખ્રિસ્તી ઘરોમાં, તે ભગવાનના અનંત પ્રેમનું પ્રતીક ગણાતું હતું.

પાઇન વૃક્ષની ડાળીઓ અને હોલી (Holly)

આ બંનેનો ઉપયોગ વ્રેથ બનાવવા થાય છે. લાલ બોર જેવાં ફળો તેના લીલા અણીદાર પાંદડા સાથે તેમાં વપરાય છે. હોલી પાંદડાની તીક્ષ્ણ ધાર તારણહાર (ઈશુ) નાં માથા પર મૂકવામાં આવેલા કાંટાના મુગટની યાદ અપાવે છે. પાઈનકોન લાંબા સમયથી ફળદ્રુપતા, વૃદ્ધિ અને નવીનીકરણના વચનનું પ્રતીક છે.

**મોજાંઃ** સૅન્ટાક્લોઝ આવીને મોજાંમાં ચુપચાપ ભેટ મૂકી જાય છે, તેવી માન્યતા છે. ફાયરપ્લેસ પાસે સ્ટોકિંગ્સ લટકાવવાનો રિવાજ પણ સંત નિકોલસથી જોડાયેલો છે. દંતકથા અનુસાર, તેમણે એક પરિવાર માટે ચીમનીમાં સોનાના સિક્કા ફેંક્યા હતા, જે સુકાઈ રહેલા સ્ટોકિંગ્સમાં પડ્યા હતા - તેથી તેમની અંદર ભેટો શોધવાની પરંપરા છે. સ્ટોકિંગ્સ આશ્ચર્યજનક આશીર્વાદ અને આપવાના આનંદનું પ્રતીક છે.

**સ્નોફ્લેકઃ** સ્નોફ્લેક આમ તો બીજું કંઈ નથી પણ બરફનો એક કણ છે. તેનો જેવો આકાર દેખાય તેને જ સજાવટમાં વપરાય છે. કહેવાય છે કે કોઈ બે સ્નોફ્લેક્સ એકસરખા નથી હોતા, જે દર્શાવે છે કે દરેક વ્યક્તિત્વ અલગ હોય છે. દરેક સ્નોફ્લેક એક નાનો માસ્ટરપીસ છે. બરફની ક્ષણિકતા આપણને સર્જનના આશ્ચર્યને નાજુકતાની પણ યાદ અપાવે છે.

**કેન્ડી કેનઃ** બાળકોને બહુ ભાવતી કેન્ડી, આપણી દાદાજીની લાકડીની યાદ અપાવે છે. પણ ક્રિસ્મસમાં તેનું પણ પ્રતીકાત્મક મહત્ત્વ છે. 'કેન્ડી કેન' ભરવાડની ડાંગનું પ્રતીક છે. લાકડીનો વળાંક ભટકી ગયેલા ઘેટાંને હળવેથી ડોકથી પકડીને ટોળામાં પાછા લાવવામાં મદદ કરે છે. કેન્ડી કેન એ મદદરૂપ હાથનું પ્રતિનિધિત્વ કરે છે જે આપણે ક્રિસ્મસ સમયે લંબાવવો જોઈએ. કેન્ડી કેન એ પ્રતીક છે કે આપણે આપણા ભાઈઓના રક્ષક છીએ.

**લાલ રંગઃ** લાલ રંગ નાતાલનો પહેલો રંગ છે. તેનો ઉપયોગ ઈશુ દ્વારા લોકો માટે વહેવડાવેલા લોહીની યાદ અપાવવા માટે શરુ થયો હતો. ખ્રિસ્તે પોતાનું જીવન આપ્યું અને પોતાનું લોહી વહેવડાવ્યું જેથી દરેક માણસને ભગવાનની શાશ્વત જીવનની ભેટ મળે. ઊંડો, તીવ્ર, તેજસ્વી લાલ રંગ ભગવાનની ભેટનું પ્રતીક છે.

**લીલો રંગઃ** આ માનવ જાતની શાશ્વત આશા દર્શાવે છે. લીલો રંગ એ કુદરતનો યુવા, આશાવાદી, વિપુલ રંગ છે. લીલુંછમ વૃક્ષ માણસનું શ્રેષ્ઠ મિત્ર છે. વૃક્ષ તેને આશ્રય આપે છે, ફળ અને ફૂલ આપે છે, પ્રકૃતિની શાશ્વતતા અને સૌંદર્યનું તે પ્રતીક છે.

**ઘંટડી કે ઘંટઃ** પરંપરાગત રીતે ઈશુના જન્મની વધાઈ આપવા ચર્ચમાં ઘંટનાદ થાય છે. ઘંટનાદ આનંદના સમાચારની જાહેરાત માટે પણ થાય છે. ખોવાયેલા ઘેટાં ઘંટના અવાજથી મળી આવે છે, તેમ મનુષ્ય પણ જ્યારે માર્ગથી ભટકી જાય ત્યારે તેને પાછા વાળવાનું પ્રતીક છે.

હવે જ્યારે નાતાલની સજાવટ જોઈએ ત્યારે આ પ્રતીકોને તેમના સાચા અર્થની નજરે જોઈશું તો ક્રિસ્મસ ખરેખર અર્થપૂર્ણ બની રહેશે. ■

# શેરબજારમાં ચાર ટ્રેડિંગ હોલિડેની બાદબાકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આ વર્ષે શેરબજારમાં સરખામણીએ ઓછી રજા છે. અમુક રજા શનિવારે અને રવિવારે, એટલે કે ટ્રેડિંગ ડે સિવાયના દિવસોમાં આવતી હોવાથી આમ બન્યું છે. રજાના કેલેન્ડર મુજબ, માર્ચ મહિનામાં સૌથી વધુ એટલે કે ત્રણ બજાર રજા છે, ત્યારબાદ એપ્રિલ અને મે મહિનામાં બે રજા છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ)ના રજાના કેલેન્ડર ૨૦૨૬ મુજબ, ભારતીય શેરબજારમાં વર્ષ ૨૦૨૬માં પંદર ટ્રેડિંગ રજાઓ રહેશે.

આ દિવસો ઉપરાંત, એનએસઇએ ચાર વધારાની રજાઓ પણ ચિહ્નિત કરી છે જે સપ્તાહના અંતે આવે છે, જ્યારે ટ્રેડિંગ સામાન્ય રીતે બંધ રહે છે.

મહાશિવરાત્રી, ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ), સ્વતંત્રતા દિવસ અને દિવાળી લક્ષ્મી પૂજન જેવી કેટલીક રજાઓ સપ્તાહના અંતે આવી રહી હોવાથી કુલ રજામાં એટલો ઘટાડો થશે. આવો જોઇએ, વર્ષ ૨૦૨૬માં શેરબજાર કયારે કયારે રજા ાવી રહી છે!

૨૬ જાન્યુઆરી - પ્રજાસત્તાક દિવસ
૩ માર્ચ - હોળી
૨૬ માર્ચ - શ્રી રામ નવમી
૩૧ માર્ચ - શ્રી મહાવીર જયંતિ
૩ એપ્રિલ - ગુડ ફ્રાઈડે
૧૪ એપ્રિલ - ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ
૧ મે - મહારાષ્ટ્ર દિવસ
૨૮ મે - બકરી ઈદ
૨૬ જૂન - મોહરમ
૧૪ સપ્ટેમ્બર - ગણેશ ચતુર્થી
૨ ઓક્ટોબર - મહાત્મા ગાંધી જયંતિ
૨૦ ઓક્ટોબર - દશેરા
૧૦ નવેમ્બર - દિવાળી / બલિપ્રતિપદા
૨૬ નવેમ્બર - પ્રકાશ ગુરુપૂર્વ શ્રી ગુરુ નાનક દેવ
૨૫ ડિસેમ્બર - નાતાલ

નોંધવું રહ્યું કે ૨૬ ડિસેમ્બર, શુક્રવારના રોજ ભારતીય શેરબજાર રેડ ઝોનમાં બંધ થયું, કારણ કે રોકાણકારોએ નવા ઉત્પ્રેરકના અભાવ અને મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે તેમના ઓળિયા સરખા કરવાનું અને પ્રોફિટ બુકિંગ ચાલુ રાખ્યું હતું. આ ઉપરાંત કિમતી ધાતુ તરફની દોડ અને ડોલર સામે રૂપિયાના મૂલ્યના ઘટાડાને કારણે પણ બજારને એકંદર ફટકો પડ્યો હતો.

સેન્સેક્સ ૩૬૭ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા ઘટીને ૮૫,૦૪૧.૪૫ પોઇન્ટ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૧૦૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૬,૦૪૨.૩૦ પર બંધ થયો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૧૮ ટકા ઘટીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩૪ ટકા ઘટીને બંધ થયો.

શુક્રવારના નબળા બંધ છતાં, બેન્ચમાર્કે સાપ્તાહિક લાભ નોંધાવ્યો. ૨૬ ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં, સેન્સેક્સ ૧૧૨ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધ્યો, બે અઠવાડિયાના ઘટાડાનો દોર તોડ્યો, જ્યારે નિફ્ટી ૫૦ ૦.૩૦ ટકા વધ્યો, જેનાથી તેના ત્રણ અઠવાડિયાના ઘટાડાનો અંત આવ્યો.

# નિફ્ટી માટે ૨૬,૦૦૦ની સપાટી નિર્ણાયકઃ બજારની નજર આઈઆઈપીના ડેટા અને ફેડરલ રિઝર્વની મિનિટ્સ પર

મુંબઇઃ શેરબજાર આ સપ્તાહે કોઇપણ મજબૂતચ ટ્રીગરના અભાવ વચ્ચે ભૂરાજકીય ઘટનાઓ અને આર્થિક ડેટામાંથી દિશા મેળવવાનો પ્રયાસ કરશે. આ અઠવાડિયે આઇઆઇપી ડેટા, ફેડ મિનિટ્સ અને એફઆઇઆઇના વલણ જેવા પરિબળો ભારતીય શેરબજારની આગામી ચાલ નક્કી કરે એવી શક્યતા છે

ભારતીય શેરબજારે વર્ષના અંતિમ સપ્તાહમાં કોઇપણ સેન્ટા રેલીની ઉમ્મીદ આપ્યા વગર નબળા વલણ સાથે બંધ આપીને રોકાણકારોને નિરાશ કર્યા છે અને રોકાણકારો હવે મુખ્ય સ્થાનિક અને વૈશ્વિક સંકેતો પર નજર રાખી રહ્યા છે જે આગામી દિવસોમાં બજારને દિશા આપવા માટે સક્ષમ હશે.

બજારના સાધનો અનુસાર ઔદ્યોગિક ઉત્પાદન ડેટા, યુએસ ફેડરલ રિઝર્વ મીટિંગની મિનિટ્સ, ચલણની ગતિવિધિ અને વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ આ અઠવાડિયે ફોકસમાં રહેશે. શુક્રવારે, ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ થયા કારણ કે રોકાણકારોએ નવા ટ્રિગર્સના અભાવે નફો બુક કરવાનું ચાલુ રાખ્યું હતું.

મિશ્ર વૈશ્વિક સંકેતો અને સાવચેતીભર્યા સેન્ટિમેન્ટનો પણ બજારો પર નકારાત્મક પ્રભાવ પડ્યો હોવાથી સેન્સેક્સ ૩૬૭ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા ઘટીને ૮૫,૦૪૧.૪૫ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૦૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૬,૦૪૨.૩૦ પર બંધ થયો હતો.

વ્યાપક બજારોમાં પણ દબાણ જોવા મળ્યું, જેમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૦.૧૮ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૩૪ ટકા ઘટ્યો. બજાર નિષ્ણાતો માને છે કે નજીકના ગાળાના આઉટલુક મંદ રહે છે. વિશ્લેષકોના મતે, આગામી સપ્તાહે બજાર રેન્જ બાઉન્ડ રહેવાની શક્યતા છે, કારણ કે પ્રવાહિતાની સ્થિતિ તંગ રહેશે અને રોકાણકારો નવી પોઝિશન લેતા પહેલા મુખ્ય મેક્રોઇકોનોમિક સંકેતોની રાહ જુએ છે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, જ્યાં સુધી નિફ્ટી ૨૬,૦૦૦-૨૫,૮૦૦ તાત્કાલિક સપોર્ટ ઝોનથી ઉપર ટકી રહે છે, ત્યાં સુધી બજારની ભાવના સકારાત્મક પૂર્વગ્રહ સાથે રચનાત્મક રહેવાની અપેક્ષા છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું. ઉપર તરફ, તાત્કાલિક પ્રતિકાર ૨૬,૨૦૦ની નજીક છે, ત્યારબાદ ૨૬,૫૦૦નું લેવલ છે.

જ્યારે ઘટાડા તરફ, સપોર્ટ ૨૬,૦૦૦ પોઇન્ટ અને પછી ૨૫,૮૦૦ પોઇન્ટ પર જોવા મળે છે; ૨૫,૮૦૦ની નીચે નિર્ણાયક વિરામ ટૂંકા ગાળાના વેચાણ દબાણને આમંત્રણ આપી શકે છે, એમ તેમણે ઉમેર્યું. આગામી સપ્તાહ માટે મુખ્ય ટ્રિગર્સમાંનું એક ભારતના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા હશે.

રોકાણકારો નવેમ્બર ૨૦૨૫ માટે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક પર નજીકથી નજર રાખશે, જે ૨૯ ડિસેમ્બરે જાહેર થવાનો છે. યુનાઇટેડ સ્ટેટ્સથી વધુ એક મહત્વપૂર્ણ વશ્વિક સંકેત આવશે, જ્યાં ફેડરલ રિઝર્વ ૩૧ ડિસેમ્બરે તેની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠકની મિનિટ્સ જાહેર કરવા માટે તૈયાર છે.

આ ઉપરાંત ડિસેમ્બરની નીતિ બેઠકમાં, ફેડરલે વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને ૩.૭૫ ટકા કર્યો છે, જે તેના ડોવીશ સ્ટાન્સને ચાલુ રાખે છે. રોકાણકારો વ્યાજ દરોના ભાવિ માર્ગ અને ફુગાવા અને આર્થિક વૃદ્ધિ પર ફેડના દૃષ્ટિકોણ પર સંકેતો શોધશે.

ભારતીય રૂપિયાની ગતિ પણ રોકાણકારોના રડાર પર રહેશે. શુક્રવારે, રૂપિયો યુએસ ડોલર સામે ૧૯ પૈસા નબળો પડીને ૮૯.૯૦ પર બંધ થયો. બજારના સાધનોએ જણાવ્યું હતું કે કોઈ મોટી સ્થાનિક નીતિ જાહેરાતોની અપેક્ષા નથી, બજારના સહભાગીઓ સાવચેત રહેવાની શક્યતા છે.

નિષ્ણાતો માને છે કે સ્ટોક-વિશિષ્ટ કાર્યવાહી ચાલુ રહી શકે છે, જ્યારે વ્યાપક સૂચકાંકો સાંકડી શ્રેણીમાં વેપાર કરી શકે છે, કારણ કે રોકાણકારો આગામી અઠવાડિયામાં આર્થિક ડેટા, વૈશ્વિક સંકેતો અને વિદેશી ભંડોળ પ્રવાહનું મૂલ્યાંકન કરે છે.

## શેરબજાર

**નિલેશ વાઘેલા**

સેકટરના ધોરણે જોઇએ તો, સપ્તાહ દરમિયાન મેટલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરો સૌથી અધિક વધ્યા હતા, જ્યારે પીએસયુ બેન્ક અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી અધિક ઘટ્યા હતા. સ્થાનિક સંસ્થાઓની રૂ.૧૫,૯૭૪.૮૨ કરોડની ચોખ્ખી ખરીદીને કારણે બજારને ટેકો મળ્યો હતો. એસએમઈ આઈપીઓ ૦.૮૭ ટકા અને બીએસઈ આઈપીઓ ૦.૦૯ ટકા વધ્યા હતા. શુક્રવાર તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૧૧૨.૦૯ પોઈન્ટ્સ (૦.૧૩ ટકા) વધ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૫,૧૪૫.૯૦ પોઈન્ટ્સ પર ખૂલી બુધવાર ૨૪ ડિસેમ્બરે ઊંચામાં ૮૫,૭૩૮.૧૮ અને શુક્રવાર ૨૬ ડિસેમ્બરે નીચામાં ૮૪,૯૨૯.૩૬ થઈ છેવટે શુક્રવારે ૮૫,૦૪૧.૪૫ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૧.૨૧ લાખ કરોડ હતું તે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના અંત સુધીમાં રૂ.૨.૭૬ લાખ કરોડ વધીને રૂ.૪૭૩.૯૭ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૭ ટકા, બીએસઈ સ્મોલકેપ ૧.૦૨ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૨ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૩૦ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મેટલ ૨.૩૪ ટકા, ઈનફ્રાસ્ટ્રક્ચર ૨.૩૩ ટકા, પીએસયુ ૧.૭૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૧ ટકા, એફએમસીજી ૦.૬૨ ટકા, પાવર ૦.૫૫ ટકા, ઓટો ૦.૧૩ ટકા, ટેક ૦.૧૧ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે પીએસયુ બેન્ક ૦.૭૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ ૦.૬૮ ટકા, રિયલ્ટી ૦.૨૭ ટકા, બેન્કેક્સ ૦.૨૩ ટકા, હેલ્થકેર ૦.૧૭ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈન્ડેક્સ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૫૭ સ્ક્રિપ વધી, ૪૩ ઘટી, બીએસઈ ૨૦૦માં ૧૧૧ સ્ક્રિપ વધી, ૮૯ સ્ક્રિપ ઘટી, બીએસઈ ૩૦માં ૧૭ સ્ક્રિપ ઘટી, ૧૩ સ્ક્રિપ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૭૧ સ્ક્રિપ વધી, ૨૨૮ સ્ક્રિપ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ૭૯ સ્ક્રિપ વધી, ૬૫ સ્ક્રિપ ઘટી હતી. સ્મોલ કેપની ૬૮૨ સ્ક્રિપ વધી, ૫૨૯ સ્ક્રિપ ઘટી અને એક સ્ક્રિપ સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપમાં ટ્રેન્ટ (૫.૧૮ ટકા), અલ્ટ્રાટેક સિમેન્ટ (૨.૫૨ ટકા), ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ (૧.૯૦ ટકા), બીઈએલ (૧.૪૨ ટકા) અને એનટીપીસી (૧.૨૮ ટકા)નો સમાવેશ હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં એશિયન પેઈન્ટ્સ (૧.૯૨ ટકા), ઈટર્નલ (૧.૫૬ ટકા), ઈન્ડિગો (૧.૫૨ ટકા), સન ફાર્મા (૧.૫૧ ટકા), સ્ટેટ બેન્ક (૧.૪૨ ટકા) નો સમાવેશ હતો.

ગ્રુપ અનુસાર વધઘટ આ પ્રમાણે રહીઃ એ ગ્રુપની ૭૩૨ કંપનીઓમાંથી ૪૦૦ કંપનીઓના ભાવ વધ્યા અને ૩૩૧ના ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧૪૭૦ કંપનીઓમાં ૮૪૭ કંપનીઓના ભાવ વધ્યા, ૬૨૦ના ભાવ ઘટ્યા અને ત્રણના સ્થિર રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની નવ કંપનીઓને નીચલી તેમ જ ૨૬ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૬૨,૧૪૯.૯૧ કરોડની ખરીદી અને રૂ. ૪૬,૧૭૫.૦૯ કરોડની વેચવાલી કરી હતી. આમ સ્થાનિક સંસ્થાઓએ રૂ. ૧૫,૯૭૪.૮૨ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫૦,૨૬૮.૦૪ કરોડની ખરીદી અને રૂ. ૫૨,૪૧૦.૫૫ કરોડની વેચવાલી કરી હતી. આમ એફઆઈઆઈએ રૂ. ૨,૧૪૨.૫૧ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

# સિલ્વર ફ્યુચર્સમાં ૧૫ ટકાનો સાપ્તાહિક ઉછાળો ચાંદી પર ચીનનાં નિકાસ નિયંત્રણો ભાવ વધુ ભડકાવશે?

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચાંદીના ભાવ ગયા અઠવાડિયે ૧૫ ટકાથી વધુ વધીને વાયદા બજારમાં પ્રતિ કિલો રૂ. ૨.૪૨ લાખના નવા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા, જેને મજબૂત ઔદ્યોગિક માગ, આગામી વર્ષે યુએસ વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ અને પુરવઠામાં વિક્ષેપો અંગે વધતી ચિંતાઓનો ટેકો મળ્યો હતો.

વાયદા બજારમાં ઓનલાઇન પ્લેટફોર્મ પર સતત પાંચમા સત્રમાં વધારો દર્શાવતા, માર્ચ ૨૦૨૬ ડિલિવરી માટે ચાંદીના વાયદા રૂ. ૧૮,૨૧૦ અથવા ૮.૧૪ ટકા વધીને રૂ. ૨,૪૨,૦૦૦ પ્રતિ કિલોની નવી ટોચે પહોંચ્યા, જે શુક્રવારે રૂ. ૨,૩૯,૭૮૭ પ્રતિ કિલો પર બંધ થયા હતા.

નાતાલ અને નવા વર્ષની રજાને કારણે ટૂંકા થયેલા સપ્તાહમાં, બુલયિન ટ્રેડર્સ વધેલી અસ્થિરતા વચ્ચે આક્રમક ખરીદીમાં વ્યસ્ત રહ્યા હોવાથી કિંમતી સફેદ ધાતુ રૂ. ૩૧,૩૪૮ અથવા ૧૫.૦૪ ટકા વધીને રૂ. ૨,૦૮,૪૩૯ પ્રતિ કિલો હતી, જે ૧૯ ડિસેમ્બરથી વધીને રૂ. ૨,૦૮,૪૩૯ પર બંધ બોલાઈ ગઈ હતી.

કેલેન્ડર વર્ષના આધારે ગણતરી કરતા ચાંદીના ભાવમાં અસાધારણ ઉછાળો નોંધાયેલો જોવા મળે છે, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ નોંધાયેલા રૂ. ૮૭,૨૩૩ પ્રતિ કિલોગ્રામના ભાવ સામે રૂ. ૧,૫૨,૫૫૪ અથવા લગભગ ૧૭૫ ટકાનો વધારો દર્શાવે છે.

કોમોડિટી બજારના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ચાંદીના ભાવમાં તેજી વૈશ્વિક પુરવઠામાં જોવા મળેલી જબરી ખેંચ દ્વારા પ્રેરિત છે, ખાસ કરીને ચીનમાં જે વિશ્વનો સૌથી મોટો ધાતુનો ગ્રાહક અને સૌર પેનલ, ઇલેક્ટ્રોનિક્સ અને ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદન માટેનું મુખ્ય કેન્દ્ર છે.

વિશ્લેષકોએ નોંધ્યું હતું કે બેઇજિંગે પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી ચાંદી પર નિકાસ નિયંત્રણોની જાહેરાત કરી છે, જેના હેઠળ કંપનીઓને લાઇસન્સ મેળવવાની જરૂર પડશે. આ પ્રતિબંધો ૨૦૨૭ સુધી અમલમાં રહેવાની અપેક્ષા છે. આ પગલું સંભવતઃ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરી શકે છે અને ભાવ વધુ ભડકાવી શકે છે.

નોંધવું રહ્યું કે, પાછલા શુક્રવારે આંતરરાષ્ટ્રીય બજારમાં શુક્રવારે પ્રથમ વખત ચાંદી ૭૫ ડોલરની સપાટીએ પહોંચી હતી, જેની સાથે સોનું અને પ્લેટિનમ પણ સર્વકાલીન ઊંચાઈ પર પહોંચી ગયા હતા, કારણ કે યુએસ રેટ કટ અને ભૌગોલિક રાજનીતિક ડરના કારણે રોકાણકારોની માગમાં વધારો થયો હતો. સ્પોટ ગોલ્ડ અગાઉના રેકોર્ડ ૪,૫૩૦.૬૦ને સ્પર્શ્યા પછી, ૦.૬ ટકા વધીને ૪,૫૦૫.૩૦ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું, જ્યારે ફેબ્રુઆરી ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ ૦.૭૦ ટકા વધીને ૪,૫૩૪ ડોલર પર પહોંચ્યું હતું.

આ વર્ષે સોના અને ચાંદીમાં જોવા મળેલી તીવ્ર તેજી અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળોનું સંયુક્ત પરિણામ છે. ભૂરાજકીય તણાવ, યુદ્ધ જેવી પરિસ્થિતિ અને મુખ્ય અર્થતંત્રોમાં મંદી, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાએ વિશ્વભરના રોકાણકારોને સેફ હેવન એસેટ તરફ ધકેલ્યા હતા.

બીજું એક મુખ્ય પરિબળ યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષા છે. આવતા મહિનાઓમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર ઘટાડી શકે છે તેવું બજારોને લાગતાં જ સોનાની આકર્ષણમાં તીવ્ર વધારો થયો, કારણ કે આવા વાતાવરણમાં વ્યાજ ન ધરાવતી અસ્ક્યામતો ઝડપથી મૂલ્ય મેળવે છે.

આ ગતિમાં ઉમેરો કરતાં, યુએસ ડોલરની નબળાઈએ સ્વાભાવિક રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સોના અને ચાંદીના ભાવમાં વધારો કર્યો છે. અહીં સ્પષ્ટ સંકેત મળે છે કે કિંમતી ધાતુઓ સટ્ટાકીય સાધનો નહીં, વ્યૂહાત્મક સંપત્તિ છે. સોનાનો ઐતિહાસિક ઉદય વૈશ્વિક અનિશ્ચિતતાનું સીધું પ્રતિબિંબ છે અને, વધુ અગત્યનું, ભારતીય ઘરો અને રોકાણકારો પેઢીઓથી મૂલ્યના ભંડાર તરીકે તેમાં જે અતૂટ વિશ્વાસ મૂકે છે તેનું પ્રતિબિંબ છે.

ચાંદી પરંપરાથી આગળ વધીને નિર્ણાયક રીતે વિકસિત થઈ છે. નવીનીકરણીય ઉર્જા, સૌર એપ્લિકેશનો અને ઇલેક્ટ્રિક ગતિશીલતા દ્વારા ભવિષ્યને શક્તિ આપતી એક મહત્વપૂર્ણ ધાતુ તરીકે ઉભરી રહી છે, જ્યારે તેની સાંસ્કૃતિક અને ઝવેરાતની સુસંગતતા જાળવી રાખે છે. વિશ્વભરની મધ્યસ્થ બેંકોએ પણ મુખ્ય ભૂમિકા ભજવી છે.

ચીન, તુર્કી અને ભારત જેવા દેશોએ તેમના વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાના ઘટકમાં વધારો કર્યો છે, જે લાંબા ગાળાના તેજીના વલણને મજબૂત બનાવે છે. દરમિયાન, ચાંદીને માત્ર ઝવેરાત ધાતુ તરીકેની ભૂમિકાથી જ નહીં પરંતુ ઔદ્યોગિક ધાતુ તરીકે તેના વધતા મહત્વથી પણ ફાયદો થયો છે. સૌર પેનલ, ઇલેક્ટ્રિક વાહનો અને બેટરી ઉદ્યોગમાં ચાંદીની માંગ ઝડપથી વધી છે, જેનાથી તેના ભાવમાં વધારાની ગતિ આવી છે.

# કાચા શણના ભાવ પ્રતિ ક્વિન્ટલે રૂપિયા ૧૧,૦૦૦ પાર કરી ગયા

કોલકાતાઃ ભારતના શણ ઉદ્યોગમાં તીવ્ર કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે તીવ્ર અછત અને વેચાણકર્તાઓની ગેરહાજરી વચ્ચે કાચા શણના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૧,૦૦૦ ને વટાવી ગયા છે, જેના કારણે પશ્ચિમ બંગાળમાં ઘણી મિલોએ ઉત્પાદન ઘટાડવું, શિફ્ટ સ્થગિત કરવી અને કામગીરી બંધ કરવી પડી છે, એમ ઉદ્યોગ સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

જગતદલ શણ મિલ અને મહાદેવ શણ મિલએ કામગીરી સ્થગિત કરી દીધી છે, જેના કારણે લગભગ ૩,૦૦૦ કામદારોને અસર થઈ છે, જ્યારે હુગલી ઔદ્યોગિક પટ્ટાના ઘણા અન્ય એકમોએ કાચા માલની ઉપલબ્ધતા ન હોવાને કારણે કામગીરી ન્યૂનતમ સ્તરે ઘટાડી દીધી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પ્રદેશના ડેટા દર્શાવે છે કે ઘણી મિલો હવે અઠવાડિયામાં માત્ર દસથી પંદર શિફ્ટમાં કાર્યરત છે, જે વ્યવહારિક સ્તરથી ઘણી નીચે છે, કારણ કે મિલ માલિકો ભાવમાં વધુ વધારો થવાના ભય વચ્ચે મર્યાદિત સ્ટોક સાચવે છે.

વેપારીઓ અને સ્ટોકિસ્ટો ઊંચા ભાવની અપેક્ષાએ કાચા શણને રોકી રહ્યા હોવાના અહેવાલ છે, જેના કારણે મિલો રેકોર્ડ ઊંચા દરો છતાં ઉત્પાદનનું આયોજન કરી શકતી નથી અથવા પુરવઠાની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી શકતી નથી, એવો દાવો મિલ માલિકોએ કર્યો છે.

ઇન્ડિયન જ્યુટ મિલ્સ એસોસિએશનના સાધનોએ ચેતવણી આપી હતી કે જો તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવામાં નહીં આવે તો પરિસ્થિતિ ટૂંક સમયમાં મોટા ઔદ્યોગિક બંધમાં ફેરવાઈ શકે છે. કાચા જ્યુટના ભાવ બધી ટકાઉ મર્યાદાઓ વટાવી ગયા છે. મિલો ફક્ત આ દરે કામ કરી શકતી નથી.

જો ઉપલબ્ધતામાં સુધારો નહીં થાય અને ભાવ તાત્કાલિક સ્થિર નહીં થાય, તો વધુ મિલો બંધ કરવાની ફરજ પડશે, જેના કારણે મોટા પાયે નોકરીઓ ગુમાવવી પડશે, એવી ચતવણી ાપતા સંગઠનના પ્રવકતાએ કહ્યું કે જ્યુટ એડવાઇઝરી ગ્રુપમાં વારંવાર ચર્ચાઓ સંગ્રહખોરી અને સટ્ટાકીય સંગ્રહખોરી સામે અસરકારક જમીન-સ્તરના અમલીકરણમાં પરિણમવામાં નિષ્ફળ ગઈ છે.

સ્ટોક મર્યાદા અસ્તિત્વમાં છે, પરંતુ કોઈ અસરકારક પોલીસિંગ નથી. નિરીક્ષણ અને દંડનીય કાર્યવાહી વિના, બજાર સંપૂર્ણપણે નિયમનકારી નિયંત્રણમાંથી બહાર નીકળી ગયું છે,એમ અન્ય એક અગ્રણી જ્યુટ મિલ અધિકારીએ જણાવ્યું હતું.

કાપડ મંત્રાલય અને શણ કમિશનર ઓફિસ દ્વારા કોર્ટ દ્વારા ફરજિયાત શણના ભાવમાં સુધારા બાદ મિલોએ વિસ્તાર મોંઘવારી ભથ્થું (ડીએ) ચૂકવવાનું શરૂ કર્યા પછી કાર્યકારી દબાણ વધુ તીવ્ર બન્યું છે. ઉદ્યોગના ખેલાડીઓએ જણાવ્યું હતું કે આ સુધારાથી કાચા માલના ખર્ચમાં તીવ્ર વધારા માટે પૂરતું વળતર મળ્યું નથી, જે પહેલાથી જ ખેંચાયેલી કાર્યકારી મૂડીને સંકોચાઈ રહ્યું છે.

ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે ડેપ્યુટી શણ કમિશનર અને પશ્ચિમ બંગાળના શ્રમ પ્રધાન સાથેની તાજેતરની ઉચ્ચ સ્તરીય બેઠકમાં પણ કોઈ નક્કર બજાર હસ્તક્ષેપ થયો નથી. ૨૦૨૬ની શરૂઆતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, મિલ માલિકોએ ચેતવણી આપી હતી કે સતત વિક્ષેપ રોજગાર, શણ ખેડૂતો અને ખાદ્યાન્ન પેકેજિંગ કામગીરી પર ગંભીર અસરો પાડી શકે છે. નોંધવું રહ્યું કે આ લાખો ખેડૂતો અને શણ મિલ કામદારોને રોજગારી આપતું એક મહત્વપૂર્ણ ક્ષેત્ર છે.

# રિયલ એસ્ટેટમાં ખાનગી ઈક્વિટી રોકાણમાં ૨૯ ટકાનો કડાકો

નવી દિલ્હીઃ આ વર્ષે રિયલ એસ્ટેટમાં ખાનગી ઇક્વિટી રોકાણ ૨૯ ટકા ઘટીને ૩.૪૬ અબજ ડોલર નોંધાયું છે. હાઉસિંગ અને વેરહાઉસિંગ પ્રોજેક્ટ્સમાં ભંડોળનો પ્રવાહ ઓછો થવાને કારણે આ વર્ષે રિયલ એસ્ટેટમાં ખાનગી ઇક્વિટી રોકાણ ૨૯ ટકા ઘટીને ૩.૪૬ બિલિયન ડોલર થયું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે.

પાછલા વર્ષ દરમિયાન ખાનગી ઇક્વિટી (પ્રાઇવેટ ઇક્વિટી - પીઇ) રોકાણ ૪.૯ બિલિયન ડોલર હતું અને ૨૦૧૮ કેલેન્ડર વર્ષ દરમિયાન પીઇ ભંડોળનો પ્રવાહ ૬.૭૩ બિલિયન ડોલરના વિક્રમી સ્તરને સ્પર્શ્યો હોવાનું રિઅલ એસ્ટેટ કન્સલ્ટન્ટે ઉપરોક્ત માહિતી આપવા સાથે જણાવ્યું હતું.

આ વર્ષે રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું હોવાનું જણાવતા રિપોર્ટમાં ટાંકવામાં આવ્યું છે કે, વિવિધ એસેટ ક્લાસના ડેટાનું એનાલિસિસ દર્શાવે છે કે આ કેલેન્ડર વર્ષ દરમિયાન ઓફિસ સંપત્તિમાં પીઇ ભંડોળનો પ્રવાહ ૨૦૨૪માં ૧.૮૫ બિલિયન ડોલરથી વધીને બે અબજ ડોલર સુધી પહોંચ્યું હતું.

૨૦૨૫માં ઓફિસ સંપત્તિએ કુલ પ્રવાહના ૫૮ ટકા આકર્ષાયા હતા. રિટેલ રિયલ એસ્ટેટે પણ આ વર્ષે ૩૭૪ મિલિયન ડોલર કમાયા છે, જ્યારે ૨૦૨૪ દરમિયાન કોઈ પ્રવાહ નહોતો. જોકે, હાઉસિંગ અને વેરહાઉસિંગ સંપત્તિમાં પીઇ રોકાણોમાં તીવ્ર ઘટાડો થયો છે.

હાઉસિંગ સેગમેન્ટે આ વર્ષે ૫૭૬ મિલિયન ડોલ આકર્ષ્યા છે જે ૨૦૨૪માં ૧,૧૭૭ મિલિયન ડોલરના સ્તરે હતું. વેરહાઉસિંગ પાર્કમાં ભંડોળનો પ્રવાહ ૨૦૨૫માં ૫૧૦ મિલિયન ડોલર થયો છે, જે અગાઉના વર્ષમાં ૧,૮૭૭ મિલિયન ડોલર રહ્યો હતો.

૨૦૨૫ દરમિયાન ભારતીય રિયલ એસ્ટેટમાં ખાનગી ઇક્વિટી રોકાણોમાં મંદી, ત્રણ એકબીજા સાથે જોડાયેલા પરિમાણો, મૂડીની અસરકારક કિંમત, એક્ઝિટ દૃશ્યતા અને મૂલ્યાંકન એકરૂપતામાં તીવ્ર રીકેલિબ્રેશનને પ્રતિબિંબિત કરે છે, એવું અવલોકન રિપોર્ટમાં દર્શાવાયું છે.

# ૨૦૨૫માં પહેલી વાર એસઆઈપી ઈન્ફ્લો ત્રણ લાખ કરોડને વટાવી ગયો

મુંબઇઃ ૨૦૨૫માં નવેમ્બર સુધીમાં મ્યુચ્યુઅલ ફંડ્સમાં એસઆઇપી ઇનફ્લો રૂ. ત્રણ લાખ કરોડ (રૂ. ૩.૦૪ ટ્રિલિયન) ને વટાવી ગયો, જે કેલેન્ડર વર્ષમાં પ્રથમ વખત હતો, જે ૨૦૨૪માં રૂ. ૨.૬૯ ટ્રિલિયન હતો. રોકાણકારોએ અસ્થિરતા વચ્ચે સ્થિર એસઆઇપીને પસંદ કર્યું, જેનાથી ઓછા એકમ રોકાણોને સરભર કરવામાં આવ્યા. એસઆઇપીએ કુલ ઇક્વિટી ઇનફ્લોમાં ૩૭ ટકા યોગદાન આપ્યું, નવેમ્બરમાં ઇનફ્લો રૂ. ૨૯,૪૪૫ કરોડ પર સ્થિર રહ્યો અને ઉદ્યોગ એયુએમ રૂ. ૮૦.૮૦ લાખ કરોડ સુધી પહોંચી.

રોકાણકારોએ નવેમ્બર સુધીમાં સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન દ્વારા મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં રૂ. ત્રણ લાખ કરોડથી વધુનું રોકાણ કર્યું, એમ્ફીના રિપોર્ટ અનુસાર, બજારની અસ્થિરતા વચ્ચે રોકાણકારોએ સ્થિર રોકાણ માર્ગ પર વધુને વધુ આધાર રાખ્યો હોવાથી એસઆઇપી ઇનફ્લોમાં વધારો થયો, જેના કારણે એકંદર રોકાણમાં ઘટાડો થયો હતો. રિપોર્ટ અનુસાર ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં સક્રિય ઇક્વિટી યોજનાઓમાં એકંદર રોકાણ રૂ. ૩.૯ ટ્રિલિયન હતું, જે એક વર્ષ અગાઉ રૂ. ૫.૯ ટ્રિલિયન હતું, જ્યારે સક્રિય ઇક્વિટી યોજનાઓમાં એસઆઇપી રોકાણો ત્રણ ટકા વધીને રૂ. ૨.૩ ટ્રિલિયનની સપાટી પહોંચ્યા હતા.

એસઆઇપી ભારતની પસંદગીની લાંબા ગાળાની સંપત્તિ નિર્માણની આદત તરીકે ઉભરી આવ્યા છે, જે રોકાણકારોને બજારની અસ્થિરતા દરમિયાન શિસ્ત જાળવવામાં મદદ કરે છે, જ્યારે બજાર ચક્રમાં ઇક્વિટી ભાગીદારીને સતત ગાઢ બનાવે છે.

૨૦૨૫ના પ્રથમ દસ મહિનામાં સક્રિય ઇક્વિટી યોજનાઓમાં કુલ રોકાણ પ્રવાહમાં એસઆઇપીનો હિસ્સો ૩૭ ટકા હતો, જે ૨૦૨૪માં ૨૭ ટકા હતો, જેમાં સક્રિય ઇક્વિટી યોજનાઓ કુલ એસઆઇપી પ્રવાહના લગભગ ૮૦ ટકા હિસ્સો મેળવે છે. નવેમ્બરમાં એસઆઇપી પ્રવાહ લગભગ રૂ. ૨૯,૪૪૫ કરોડ પર સ્થિર રહ્યો, જે ઓક્ટોબરમાં નોંધાયેલા રૂ. ૨૯,૫૨૯ કરોડ કરતા થોડો ઓછો છે.

આ નાના ઘટાડા છતાં, મહિના દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ્સમાં એકંદર રોકાણકારોની ભાગીદારી મજબૂત રહી. ચોખ્ખા ઇક્વિટી પ્રવાહમાં તંદુરસ્ત વધારો જોવા મળ્યો, જે ઓક્ટોબરમાં રૂ. ૨૪,૬૭૧ કરોડથી નવેમ્બરમાં રૂ. ૨૯,૮૯૪ કરોડ થયો. ઉદ્યોગની કુલ અસ્કયામતો અંડર મેનેજમેન્ટમાં પણ વધારો થયો, જે પાછલા મહિનામાં રૂ. ૭૯.૮૭ લાખ કરોડની સરખામણીમાં રૂ. ૮૦.૮૦ લાખ કરોડને સ્પર્શ્યો. મહિનાનો પ્રવાહ રચનાત્મક જોખમ ભૂખ પર ભાર મૂકે છે, જે ઊંડા સ્થાનિક પ્રવાહિતા, મજબૂત અને સ્ટીકી રિટેલ એસઆઇપી ભાગીદારી અને ભારતના મધ્યમ ગાળાના આર્થિક અને કોર્પોરેટ કમાણીના દૃષ્ટિકોણ દ્વારા સમર્થિત છે, એમ બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું.

# વજન અને માપતોલ નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નવા વર્ષના પ્રારંભ પહેલા રિટેલર્સને રાહત આપતા સમાચાર આવ્યા છે. વજન અને માપતોલ સાધનોની ચકાસણી અને સ્ટેમ્પિંગની માન્યતા અવધિ બાર મહિના પરથી વધારીને ચોવીસ મહિના કરવામાં આવી છે. ઉપભોક્તા બાબતોના મંત્રાલય દ્વારા તા. ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ લીગલ મેટ્રોલોજી (જનરલ) રૂલ્સ, ૨૦૧૧માં આ મહત્વપૂર્ણ સુધારો અમલમાં આવ્યો છે.

નવા નિયમ મુજબ વજન કાંટા, માપ-પાત્ર, માપ-ટેપ, બીમ સ્કેલ, કાઉન્ટર મશીનો તેમજ પેટ્રોલ અને ડીઝલ ફ્યુઅલ ડિસ્પેન્સિંગ મશીનો સહિત તમામ માપતોલ સાધનોની ચકાસણી અને વેરિફિકેશન હવે દર ચોવીસ મહિને કરાવવાની રહેશે.

તમામ વેપારીઓ, રિટેલર્સ અને રેશનિંગ દુકાનદારોને વિનંતી છે કે તેઓ પોતાના માપતોલ સાધનોની અંતિમ વેરિફિકેશન તારીખ ચકાસી લે અને ચોવીસ મહિના પૂર્ણ થાય તે પહેલાં સમયસર રીન્યુઅલ કરાવી સરકારને સહકાર આપે, એવી અપીલ ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશન દ્વારા જારી કરવામાં આવી છે.

નોંધવું રહ્યું કે, નક્કી કરેલ સમયમર્યાદામાં વેરિફિકેશન ન કરાવવાથી કાયદેસર કાર્યવાહી અને દંડ લાગુ પડી શકે છે. આ સુધારેલા નિયમ ગેઝેટમાં પ્રકાશિત થયેલી તારીખ એટલે કે ૧૮-૧૨-૨૦૨૫થી સમગ્ર દેશમાં અમલમાં આવ્યો છે. સૌ સંબંધિતોએ આ લાભદાયી સુધારાની નોંધ લઈ તેનું સંપૂર્ણ પાલન કરે તેવી ખાસ ઉક્ત વેપારી સંગઠને જારી કરી છે. ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશનના પ્રમુખ રમણીકલાલ જાદવજી છેડા દ્વારા સતત કરવામાં આવેલા પ્રયત્નો, અસરકારક રજૂઆતો અને વેપારીઓની વાસ્તવિક મુશ્કેલીઓ સરકાર સમક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરવાના પરિણામે લેવામાં આવેલા આ નિર્ણયથી નાના અને મધ્યમ વેપારીઓ પરનો અનાવશ્યક વહીવટી બોજ ઘટશે અને રોજિંદી વ્યવસાયિક કામગીરી વધુ સરળ બનશે.

# મહા વિકાસ આઘાડીમાં મતમતાંતર હોવાનું સપાટીએ

## ઉદ્ધવ-શરદ પવારના નિવેદનોમાં જમીન-આસમાનનો ફરક

મુંબઈઃ મહા વિકાસ આઘાડીના ઘટકપક્ષો શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)માં કંઇ જામતું ન હોવાનું તાજેતરમાં જાણવા મળ્યું છે. બન્ને પક્ષના પ્રમુખોના જ નિવેદનોમાં મતભેદ જોવા મળ્યો હતો.

એક તરફ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ બે દિગ્ગજ ગુજરાતી ઉદ્યોગપતિઓની આકરી ટીકા કરી હતી ત્યારે એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે તે જ બે ઉદ્યોગપતિની ભારોભાર પ્રશંસા કરી હતી. તેથી મહા વિકાસ આઘાડીમાં જ મનમેળ ન હોવાનું સપાટી પર આવ્યું છે.

## યુવાનો માટે અદાણી પ્રેરણારૂપઃ શરદ પવાર

બારામતીઃ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની યાત્રા મોટા સપના જોતા મહેનતુ યુવાનો માટે પ્રેરણારૂપ છે એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના અધ્યક્ષ શરદ પવારે રવિવારે કહ્યું હતું. પવાર પુણે જિલ્લાના બારામતીમાં શરદચંદ્ર પવાર સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનાં ઉદ્‌ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

અદાણી ગ્રુપના ચેરમેન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના પવાર પરિવાર દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થા વિદ્યા પ્રતિષ્ઠાન હેઠળ કરવામાં આવી છે.

શરદ પવારે એમ પણ જણાવ્યું હતું કે અદાણી ગુજરાતના દુષ્કાળગ્રસ્ત જિલ્લા બનાસકાંઠાથી મુંબઈ આવી એકડે એકથી શરૂઆત કરી. આજે તેમનો વ્યવસાય ૨૩ રાજ્યોમાં ફેલાયેલો છે.

શરદ પવારને માર્ગદર્શક ગણાવી અદાણીએ કહ્યું કે પીઢ રાજકારણીએ રાષ્ટ્રીય એજન્ડા સાથે વાસ્તવિકતાનો મેળ બેસાડ્યો છે. પવાર સાહેબને ત્રણ દાયકાથી વધુ સમયથી જાણું છું. એમની પાસેથી ઘણું શીખવા મળ્યું છે. મહત્ત્વનું એ છે કે જ્ઞાન ઉપરાંત તેમનું શાણપણ અને ઊંડી સહાનુભૂતિ દિલ દિમાગમાં અંકિત થઈ જાય

(જુઓ પાનું ૪) ▸▸

## બે ગુજરાતીઓ મુંબઈને ગળી જવા માગે છેઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ રાજ્યમાં મહાપાલિકા ચૂંટણીઓ નજીક આવી રહી છે. ૧૫ જાન્યુઆરીએ મતદાન થશે અને ૧૬ જાન્યુઆરીએ પરિણામો જાહેર થશે. શિવસેના ઠાકરે જૂથ અને મનસે રાજ્યની ચૂંટણીઓ સાથે મળીને લડશે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે મુંબઈ સહિત રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ સાથે મળીને લડશે. એટલું જ નહીં રાજ ઠાકરેએ જાહેરાત કરી હતી કે એક મરાઠી વ્યક્તિ મુંબઈ મહાનગરપાલિકાના મેયર બનશે અને એ મેયર તેમના જ પક્ષનો હશે તેમણે એવો પણ દાવો તેમણે કર્યો છે. ઘણા વર્ષોથી એવી ચર્ચા ચાલી રહી હતી કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે આવશે આખરે તેમણે ગઠબંધનની જાહેરાત કરી. તાજેતરમાં ઉદ્ધવ ઠાકરેએ તેમના ભાષણ

(જુઓ પાનું ૪) ▸▸

# કાંદિવલી-બોરીવલી બ્લોકને કારણે પ્રવાસીઓ પરેશાન

## આજે પણ પશ્ચિમ રેલવેમાં અનેક લોકલ ટ્રેનો રદ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રવિવાર એટલે બ્લોકનો દિવસ. વિના વિચારે જો તમે દિવસ ક્યાંય બહાર ફરવાનું વિચારો અને પરિવાર સાથે લોકલ ટ્રેન પકડી લો તો સમજો પરિવાર સાથે તમારી પણ ખો નીકળી જાય. રવિવારે પશ્ચિમ રેલવેની સાથે મધ્ય રેલવેમાં મહાબ્લોકને કારણે રવિવારે પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં પારાવાર હાલાકી પડી હતી. હજુ આજે પણ અનેક ટ્રેનો રદ થવાની સાથે મોડી દોડવાને કારણે પ્રવાસીઓનું વર્ષનું છેલ્લું અઠવાડિયું અને અઠવાડિયાનો પહેલો દિવસ હાલાકી ભર્યો રહેશે એટલું નક્કી છે.

શનિવાર રાતથી લઈને રવિવાર સવારે બોરીવલી-કાંદિવલી સેક્શનમાં સ્પેશિયલ બ્લોકને કારણે સેંકડો લોકલ રદ રહી હતી. શનિવારથી શરૂ થયેલા નાઈટ બ્લોકને કારણે આજે સવાર સુધી અમુક ટ્રેનો રદ રહેવાને કારણે રેલવે પ્રશાસનને

(જુઓ પાનું ૪) ▸▸

## ૪-૫ વર્ષમાં મધ્ય રેલવેમાં ૫૮૪ અને પશ્ચિમ રેલવેમાં ૧૬૫ નવી લોકલ ઉમેરાશે

મુંબઈ : શનિવારે સાંજે એક જાહેરાતમાં મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ માળખાગત સુવિધાઓના અપગ્રેડ પ્રોજેક્ટ્સ તબક્કાવાર પૂર્ણ થયા પછી આગામી ચારથી પાંચ વર્ષમાં ઉપનગરીય નેટવર્ક પર અનુક્રમે ૫૮૪ અને ૧૬૫ વધારાની સેવાઓ હશે.

પશ્ચિમ રેલવેમાં નજીકના ભવિષ્યમાં મુંબઈથી વધુ ૬૫ લાંબા અંતરની ટ્રેનો દોડશે. વધુમાં હાલની ટ્રેનોમાં દરરોજ ૭૦ કોચનો વધારો કરવામાં આવશે. મધ્ય રેલવેમાં ૩૦ નવી આઉટસ્ટેશન ટ્રેનો શરૂ કરવામાં આવશે. મધ્ય રેલ્વે પરેલ-કુર્લા ૫મી અને ૬ઠ્ઠી લાઇન, કુર્લા ખાતે હાર્બર લાઇન અને ૫મી અને ૬ઠ્ઠી લાઇન માટે ડેક અને કલ્યાણ-કસારા ૩જી અને ૪થી લાઇનને અપગ્રેડ કરશે. પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રવક્તા વિનીત અભિષેકે જણાવ્યું હતું કે આનો ઉદ્દેશ્ય ઉપનગરીય અને લાંબા અંતરની

(જુઓ પાનું ૪) ▸▸

# શિંદેના ૬૦ ઉમેદવારો નક્કી થઈ ગયા?

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવા માટે માત્ર બે દિવસ બાકી છે ત્યારે આજનો દિવસ રાજ્યના રાજકારણ માટે મહત્વપૂર્ણ બનવાનો છે. મહાયુતિ અને મહા વિકાસ આઘાડીના પોતપોતાના અંતિમ સમીકરણો તૈયાર થઈ રહ્યા છે અને દરેક પક્ષ દ્વારા મજબૂત રાજકીય રણનીતિઓનું આયોજન શરૂ થઈ ગયું છે.

મુંબઈ મહાનગરપાલિકા માટે કોંગ્રેસ અને વંચિત બહુજન આઘાડી ગઠબંધનની જાહેરાત કરવામાં આવી છે, જ્યારે બીજી તરફ શરદ ચંદ્ર પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ અને શિવસેના ઠાકરે જૂથ વચ્ચે ગઠબંધન માટે વાતચીત ચાલી રહી છે. ભાજપ અને શિવસેના શિંદે જૂથ વચ્ચે બેઠક વહેંચણી અંગે ચર્ચા ચાલી રહી છે. ભાજપ સાથે બેઠક વહેંચણી અંગે ચર્ચા ચાલી રહી છે. બીજી તરફ એકનાથ શિંદેએ તેમના ૬૦ ઉમેદવારોને તૈયાર રહેવાનો આદેશ આપ્યો છે.

ભાજપ સાથે વાતચીત ચાલી રહી છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પોતાની તાકાત બતાવવાનું શરૂ કરી દીધું છે. તેમણે રવિવારે શિવસેના ઠાકરે જૂથ અને અન્ય પક્ષોમાંથી શિંદે જૂથમાં જોડાયેલા ૬૦ ભૂતપૂર્વ નગરસેવકોની બેઠકનું આયોજન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર શિંદેએ આ તમામ ૬૦ ભૂતપૂર્વ નગરસેવકોની ઉમેદવારી લગભગ નક્કી કરી દીધી છે. ■

# મુંબઈમાં મિશ્ર વાતાવરણ રાજ્યમાં કડકડતી ઠંડી



મુંબઇ : નવા વર્ષની શરૂઆતને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાંથી ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોને કારણે પારો ઝડપથી નીચે આવી ગયો છે. ભારતીય હવામાન વિભાગના મતે, ડિસેમ્બરના અંત સુધી આ ઠંડીથી કોઈ રાહત મળશે નહીં, જ્યારે મુંબઈમાં હાલમાં મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. મુંબઈમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાઇ રહી છે. રવિવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૭.૨ ડિગ્રી, જ્યારે બપોરે ૩૨.૩ ડિગ્રી નોંધાયં હતું. કોલાબામાં વહેલી સવારે ૨૦.૪ ડિગ્રી અને બપોરે ૩૧.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગાહી (જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈની હવા સ્વાસ્થ્ય માટે ખતરનાક

### એક્યુઆઈ ડબલ સેન્ચુરી વટાવી ગયો

મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોમાં મુંબઈમાં પ્રદૂષણની માત્રામાં પ્રચંડ વધારો થયો છે. રહેવાસીઓ માટે સ્વાસ્થ્ય સમસ્યા વકી છે અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. અદાલતે વહીવટી તંત્રને પણ ઠપકો આપ્યો છે. હવા ઝેરી બની ગઈ છે. એની ગુણવત્તા બગડી છે અને ઘણી જગ્યાએ હવાની ગુણવત્તા દર્શાવતો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦થી ઉપર ગયો છે. પરિણામે શરદી, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ જેવી તકલીફોમાં વધારો થયો

(જુઓ પાનું ૪) ▸▸

### મહાનગરપાલિકાની ચૂંટણીઓ

# કૉંગ્રેસ-બહુજન વંચિત આઘાડી વચ્ચે ગઠબંધન

મુંબઈઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના મુકાબલાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. કાર્યકરોની ચૂંટણી ગણાતી આ ચૂંટણીમાં ખાસ્સી ઉથલપાથલ થઈ રહી છે. નગર પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસને સારી સફળતા મળ્યા બાદ પક્ષમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાજ્યના રાજકારણમાં એક મહત્વપૂર્ણ ઘટનાએ આકાર લીધો છે. કોંગ્રેસ અને પ્રકાશ આંબેડકરના પક્ષ વંચિત બહુજન આઘાડી વચ્ચેના બહુપ્રતિક્ષિત ગઠબંધનની આખરે જાહેરાત થઈ. આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ અને વંચિત બહુજન આઘાડીના પ્રદેશ પ્રમુખ ધૈર્યવર્ધન પુંડકરની હાજરીમાં કરવામાં આવી. સ્પષ્ટ સંકેતો છે કે આ ગઠબંધન ફક્ત મુંબઈ પૂરતું મર્યાદિત રહેશે નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં લાગુ થશે.

કૉંગ્રેસ છેલ્લા કેટલાક વર્ષોથી વંચિત સાથે ગઠબંધન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. જોકે વિવિધ રાજકીય કારણોસર આ પ્રયાસને સફળતા નથી મળી. આખરે કોંગ્રેસ અને પ્રકાશ આંબેડકર વંચિત વચ્ચે ગઠબંધનનો માર્ગ મોકળો થયો છે.

(જુઓ પાનું ૪) ▸▸

## રેલવેની જમીન પર ઝૂંપડપટ્ટી વસાહતો વિવિધ પ્રોજેક્ટ્સમાં બાધા

મુંબઈઃ લોકલ ટ્રેનમાં મુંબઈવાસી પોતાની જગ્યા મેળવવા લડી લે છે એ વાત સુપેરે જાણીતી છે અને એ જ રીતે ભારતીય રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા જગ્યા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. મુંબઈ ઉપનગરીય રેલવે લાઇનના ટ્રેક પર ઝૂંપડપટ્ટી વસાહતએ કબજે કરેલી જમીનનો હિસ્સો મહત્વપૂર્ણ રેલ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં અવરોધ બની ગયો છે.

લગભગ છ દાયકાથી પશ્ચિમ રેલવે અને મધ્ય રેલવેના વિસ્તારમાં ૩૦ હેક્ટરથી વધુ રેલવે જમીન પર ગેરકાયદેસર

(જુઓ પાનું ૪) ▸▸

## ગઠબંધનની અનિશ્ચિતતા વચ્ચે અજિત પવારના પ્રચારનો પ્રારંભ

પિંપરી ચિંચવડઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ પ્રમુખ અજિત પવાર પિંપરી ચિંચવડ ગઢ પાછો મેળવવા માટે ઉત્સુક છે. ભારતીય જનતા પક્ષ સાથે કોઈ ગઠબંધન નહીં થાય તેવા સંકેત મળ્યા બાદ તેમણે શરદ પવારની એનસીપીને સાથે લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ શરદ પવારના વફાદાર ઉમેદવારોએ ઘડિયાળના પ્રતીક સાથે ચૂંટણી લડવાનો ઇનકાર કર્યા પછી અજિત પવારને એક પગલું પાછળ હટવું પડ્યું. અજિત પવાર કોની સાથે હાથ મિલાવશે એની અટકળ યથાવત્ છે. આ વાતાવરણમાં અજિત પવારએ રવિવારે પિંપરી ચિંચવડની મુલાકાત લઈ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ પાલિકાની ચૂંટણીમાં તણાવ વધ્યોઃ ગુજરાતી સમુદાય ત્રિભેટે

## ઠાકરે બંધુઓની એકતાથી સમસ્યા વધવાના એંધાણ




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓ નજીક આવી રહી છે, તેમ તેમ ભારતની આર્થિક રાજધાનીમાં રાજકીય ગરમાવો વધતો જાય છે. ૨૨૭ વોર્ડ માટે ચૂંટણીઓ યોજાવાની છે અને ૭૪,૪૨૭ કરોડ રૂપિયાનું બજેટ દાવ પર છે, આ ચૂંટણીઓ પાલિકામાં સત્તા મેળવવા કરતાં વધુ રજૂ કરે છે - તે મહારાષ્ટ્રના તૂટેલા જોડાણો માટે યુદ્ધનું મેદાન છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાના નેતૃત્વ હેઠળની મહાયુતિને વિભાજીત વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ મુંબઈના પ્રભાવશાળી ગુજરાતી સમુદાય પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે, જેમના મતો વધતા ભાષાકીય તણાવ વચ્ચે મહત્ત્વની ભૂમિકા ભજવશે.



**પૂરજોરમાં તૈયારીઃ** મુંબઈ પાલિકાની ચૂંટણીની તૈયારીઓ થવા લાગી છે ત્યારે ચૂંટણીપંચના અધિકારીઓ તથા વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા ઈવીએમ મશીનોની ચકાસણી કરવામાં આવી હતી. (અમય ખરાડે)

આ મહિને પરિસ્થિતિમાં અનેક નાટકીય વળાંકો જોવા મળ્યા હતા, એક તરફ અલગ થયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ ઠાકરે (શિવસેના-યુબીટી) અને રાજ ઠાકરે (મનસે)એ ગઠબંધનની જાહેરાત કરી, શહેરના ૩૦-૩૨ ટકા મરાઠી મતદારોને એકીકૃત કરવા માટે 'મરાઠી અસ્મિતા'ના મુદ્દા પર ભાર મૂક્યો. બે દાયકાની હરીફાઈ પછીના આ પુનઃમિલનથી વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ) માં વિભાજન થયું છે, જેમાં કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનું પસંદ કરી રહી છે. વિશ્લેષકો એવી આગાહી કરે છે કે આ વિભાજન મહાયુતિને ફાયદો પહોંચાડશે, જેણે તાજેતરમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં પ્રભુત્વ મેળવ્યું હતું અને નગરપાલિકા-નગરપંચાયતની ૭૦ ટકાથી વધુ બેઠકો પર વિજય મેળવ્યો છે.

દેવેન્દ્ર ફડણવીસ જેવા ભાજપના નેતાઓ તેમના પક્ષને પ્રાદેશિક પક્ષો સમક્ષ એક મજબૂત રાષ્ટ્રીય વિકલ્પ તરીકે રજૂ કરી રહ્યા છે.

આ બધા વચ્ચે મરાઠીવાદનો નારો લઈને છેલ્લા એક વર્ષમાં જે અલગ અલગ સ્થળે હિંસાના બનાવ બન્યા છે તેનાથી મુંબઈ શહેર જ્યાં મરાઠીઓ ખુદ લઘુમતીમાં છે અને બિનમરાઠીઓ બહુમતીમાં છે ત્યાં આવી હિંસા કરાવનારી પાર્ટીઓની વિરુદ્ધ બહુમતી મતદાન કરે એવી શક્યતા જણાઈ રહી છે.

આ સમગ્ર નાટકીય ઘટનાક્રમના કેન્દ્રમાં મુંબઈનો ગુજરાતી સમુદાય છે, જે વસ્તીના ૨૦-૨૫ ટકા જેટલો છે અને દક્ષિણ મુંબઈ, મુંલુંડ, ઘાટકોપર, વડાલા, મલાડ, કાંદિવલી, વિલેપાર્લે, સાંતાક્રુઝ અને બોરીવલી જેવા વિસ્તારોમાં નોંધપાત્ર આર્થિક અને સામાજિક પ્રભાવ ધરાવે છે.

પરંપરાગત રીતે સહિયારા વ્યાપારિક હિતો અને સાંસ્કૃતિક સંબંધોને કારણે ગુજરાતીઓ જે પહેલાં કોંગ્રેસ સાથે હતા તે અત્યારે ભાજપ સાથે જોડાયેલા છે-વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના છે-ગુજરાતીઓ એક વિશ્વસનીય વોટબેંક રહ્યા છે.

જોકે, ઠાકરે જોડાણનો આક્રમક મરાઠી એજન્ડા, ગુજરાતીઓ અને ઉત્તર ભારતીયો સહિત 'બહારના લોકો' વિરુદ્ધ મનસેના ભૂતકાળના અભિયાનોને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહ્યો છે, તેમને વધુ અલગ પાડવાનું જોખમ ધરાવે છે.

બિન-મરાઠીઓને ધમકી આપતા તાજેતરના મનસેના નિવેદનોએ પ્રતિ-ધ્રુવીકરણનો ભય જગાડ્યો છે, જે ભાજપ માટે ગુજરાતી સમર્થનને મજબૂત બનાવી શકે છે.

જોકે, આની આડે એક મોટો અવરોધ જોવા મળી રહ્યો છે. શહેરમાં મતદાન ૧૫ જાન્યુઆરીએ એટલે કે ઉત્તરાયણ (મકરસંક્રાંતિ) પછીના દિવસે થવાનું છે, જ્યારે ઘણા ગુજરાતી પરિવારો પતંગ ઉડાવવાના ઉત્સવો માટે સુરત, અમદાવાદ અથવા વડોદરા જાય છે. આને કારણે મતદાનની ટકાવારી પર અસર પડી શકે છે. ખાસ કરીને ભાજપ તરફી મતદારો, કારણ કે પરિવારો ઘણીવાર ૨-૩ દિવસ સુધી ઉત્તરાયણનો આનંદ માણતા હોય છે. સમુદાયના નેતાઓ પોસ્ટલ મતદાન અથવા વહેલા પાછા ફરવા માટે સમાજના લોકોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ ઓછી ભાગીદારીથી મહાયુતિને નુકસાન થઈ શકે છે, કારણ કે તે ચુસ્ત વોર્ડમાં છે.

ગુજરાતીઓનો પ્રભાવ તેમના સંખ્યાબળથી વધુ પ્રભાવ પાડે છે. તેમના વ્યવસાયિક નેટવર્ક્સ ચૂંટણી દરમિયાન ઝુંબેશને ભંડોળ પૂરું પાડે છે અને માળખાકીય સુવિધાઓ અને રિયલ એસ્ટેટ પરની નીતિને આકાર આપે છે. ખાડા, પૂર અને ઝૂંપડપટ્ટી પુનર્વસન જેવા મુદ્દાઓ મતદારોની ચિંતાઓ પર પ્રભુત્વ ધરાવે છે, છતાં વિભાજનકારી વાણી તેમને ઢાંકી દે છે.

ભાજપની વ્યૂહરચના પોતાને 'ગુજરાતી હિતોનો પક્ષ' તરીકે રજૂ કરવાની રહે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. તેઓ ઠાકરે બંધુઓની દ્વેષપુર્ણ વાણીનો વિરોધ કરતા જોવા મળે છે. ગુજરાતી જૂથનું એકત્રીકરણ એશિયાની સૌથી ધનિક પાલિકા પર નિયંત્રણ નક્કી કરી શકે છે.

જેમ જેમ જોડાણો મજબૂત બને છે અને ઝુંબેશ તીવ્ર બને છે, તેમ તેમ મુંબઈના ગુજરાતીઆની ઓળખ રાજકારણને શહેરી મુશ્કેલીઓ સાથે મિશ્રિત કરતી સ્પર્ધામાં પોતાને મુખ્ય માને છે. શું તહેવારોની ગેરહાજરી અથવા ભાષાકીય અપીલ પરિણામને પ્રભાવિત કરશે? ૧૬ જાન્યુઆરીના ચુકાદાથી ખબર પડશે કે શું ગુજરાતીઓની એકતા આ મેગાસિટીના પાવર પ્લેમાં વિભાજનને વટાવે છે. ■

# અંધેરીના વેપારી સાથે ૭૮.૬૪ લાખ રૂપિયાની છેતરપિંડીઃ લક્ઝરી કારના ડીલર સામે ગુનો

મુંબઈઃ ઇમ્પોર્ટેડ સેકન્ડ-હેન્ડ લક્ઝરી કાર ખરીદવા-વેચવાના વ્યવસાયમાં ભાગીદારીની લાલચ આપી અંધેરીના વેપારી સાથે ૭૮.૬૪ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે બાંદ્રા પોલીસે ૪૪ વર્ષના લક્ઝરી કારના ડીલર સામે ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદી કલામ બિનાની (૬૬)એ આક્ષેપ કર્યો હતો કે મોહંમદઅલી ફર્નિચરવાલાએ વિવિધ બહાના હેઠળ ચુકવણીમાં વિલંબ કરવાનું ચાલુ રાખ્યું હતું અને કથિત છેતરપિંડી આચરી હતી. કાપડ આયાતના વ્યવસાય ધરાવતા બિનાનીએ પોલીસને જણાવ્યું હતું કે ૨૦૧૬માં એક સંબંધી મારફત તે ફર્નિચરવાલાને મળ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ફર્નિચરવાલાએ પોતાને ઇમ્પોર્ટેડ લક્ઝરી કારનો મોટા ડીલર તરીકે રજૂ કર્યો હતો અને બિનાનીને ભાગીદારીની ઓફર આપી હતી. જો તે સાહસમાં રોકાણ કરશે તો નફામાં પચાસ ટકા હિસ્સો આપવાનું વચન આપ્યું હતું.

બિનાનીએ તેને કહ્યું હતું કે સેકન્ડ-હેન્ડ કારના વ્યવસાયમાં

(જુઓ પાનું ૪) ▸▸

# પાર્લામાં ઇલેક્શન પેટ્રોલિંગ ટીમમાં સામેલ વીડિયોગ્રાફરની કરી મારપીટઃ ગુનો દાખલ

મુંબઈઃ વિલે પાર્લેમાં પાલિકાની ચૂંટણી અગાઉ વાહનોની ચકાસણી કરી રહેલી ઇલેક્શન પેટ્રોલિંગ ટીમમાં સામેલ વીડિયોગ્રાફરની મારપીટ કરવા બદલ પોલીસે ઇફ્તિકાર અહમદ મોહંમદ અહમદ સામે ગુનો દાખલ કર્યો હતો.

કલ્યાણ પૂર્વમાં રહેનારા પાલિકાના અધિકારી સુરેશ રાઠોડે આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમની નિયુક્તિ ચૂંટણી પંચ દ્વારા નોડલ અધિકારી તરીકે કરવામાં આવી છે. ૨૭ ડિસેમ્બરે રાતે ઇલેક્શન પેટ્રોલિંગ ટીમ દ્વારા પોલીસની હાજરીમાં વિલે પાર્લે વિસ્તારમાં મિલન સબવે નજીક વાહનોની ચકાસણી કરવામાં આવી રહી હતી. મધરાતે એક કારની ચકાસણી કરવામાં આવી રહી હતી અને ટીમમાં સામે વીડિયોગ્રાફર ધીરજ પંચાલ વીડિયો શૂટ કરી રહ્યો હતો ત્યારે કારની પાછલી સીટ પર બેઠેલા શખસે વીડિયો શૂટિંગ કેમ કરી રહ્યા છો, એવું પૂછ્યું હતું. વીડિયોગ્રાફરે તેને કહ્યું હતું કે અમે ચૂંટણી પંચ માટે કામ કરી રહ્યા છીએ. જોકે તે કારમાંથી બહાર આવ્યો હતો અને તેણે વીડિયોગ્રાફરની મારપીટ કરી હતી અને ગાળો ભાંડવા સાથે જોઇ લેવાની ધમકી આપીને સરકારી કામમાં અવરોધ ઊભો કર્યો હતો. ■



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સવારે ૬:30 કલાકે સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે સ્વદેશી રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો હતો. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં પણ વાયુ પ્રદૂષણ વધ્યું, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૧એ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પણ વાયુ પ્રદૂષણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. મળતી સત્તાવાર વિગતો પ્રમાણે ડિસેમ્બર મહિના દરમ્યાન ભુજનો 'એર ક્વોલિટી ઇન્ડેક્સ' ૧૮૪ થી કરીને ૧૫૧ સુધીનો રહેવા પામ્યો છે, જે અનહેલ્ધી કહી શકાય. છેલ્લા પાંચ વર્ષમાં ભુજનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ક્રમશ ૮ ટકા જેટલો વધુ ખરાબ થવા પામ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૦ થી ૫૦ સુધીનો એકયુઆઈ સારો ગણાવાયો છે જયારે ૧૦૧થી ૧૫૦ સુધીનો એકયુઆઈ ખરાબ ગણાય છે. તો ૧૫૧થી ૨૦૦ સુધીનો એકયુઆઈ 'અનહેલ્ધી' શ્રેણીમાં વર્ગીકૃત કરાયો છે, જયારે ૩૦૧થી વધુના એકયુઆઈને અત્યંત 'હેઝાર્ડઝ' વર્ગિકૃત કરાયો છે. ઔદ્યોગિક વિકાસની અસર હેઠળ કચ્છના મુંદરાનો હવાની ગુણવત્તાનો આંક ૧૮૯ જેટલો રહેવા પામ્યો છે. જયારે કંડલાની નજીક આવેલાં કિડાણા જેવાં નાનકડાં ગામનો હવાની ગુણવત્તાનો આંક ૨૪૮ જેટલો છે જે મુંદરાથી પણ વધુ રહેવા પામ્યો છે. કચ્છના અન્ય વિસ્તારોમાં પણ હવાનો ગુણવત્તા આંક બિનઆરોગ્યપ્રદ જ રહેવા પામ્યો છે.



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

કચ્છમાં અત્યારસુધીનો સૌથી ખરાબ એક્યુઆઈ ચાલુ મહિનાની બીજી તારીખે ૧૮૭ નોંધાયો હતો જયારે સૌથી નીચો એક્યુઆઈ, એટલે કે આરોગ્યપ્રદ એકયુઆઈ આજથી ચાર વર્ષ પહેલાં ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ના ૪૪ જેટલો નોંધાયો હતો.

જો કે ૨૮ ડિસેમ્બરે ભુજમાં વહેલી સવારે સાત વાગ્યે સૌથી ખરાબ ૧૬૩ પોઇન્ટ જેટલો એક્યુઆઈ નોંધાયો હતો. ■

# યાત્રાધામ બગદાણા ખાતે શ્રી બજરંગદાસબાપાની ૪૯મી પુણ્યતિથિ મહોત્સવ યોજાશે, તા.૬ જાન્યુઆરી રોજ એક લાખથી વધુ ભાવિકો મહોત્સવમાં સામેલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગોહિલવાડમાં આવેલા સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બગદાણા ગામે આવેલા અલગારી સંત પૂ. બજરંગદાસબાપાના ગુરુઆશ્રમ ખાતે પૂ.બાપાના ૪૯ માં પુણ્યતિથિ મહોત્સવનું ભાવ અને શ્રદ્ધાભેર ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષની જેમ પુણ્યતિથિ મહોત્સવમાં એક લાખથી પણ વધુ ભાવિકો બાપાના ચરણોમાં આવીને શીશ નમાવીને ધન્યતા પ્રાપ્ત કરશે. આ મસમોટા આયોજન માટેની તૈયારીઓ બગદાણાના ગુરુઆશ્રમ ખાતે શરૂ કરવામાં આવી છે.

આ મંગળ મહોત્સવ આગામી તા. ૬/૧/૨૦૨૬ ને મંગળવાર ના રોજ યોજાનાર છે ત્યારે જરૂરી તમામ પ્રકારની વ્યવસ્થાઓને પહોંચી વળવા અહીં નિયમિત રૂપે નિસ્વાર્થ ભાવે સેવા બજાવતા બાપાના હજારો ભાઈઓ તેમજ બહેનો, સ્વયંસેવકો સેવા બજાવશે.

દર વર્ષે ની જેમ જિલ્લાના સરકારી વિભાગોની સાથે સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા સ્વયંસેવકો સાથે આ પ્રસંગ માટે કાર્ય સંકલન કરવામાં આવશે. જેમાં આગોતરી વ્યવસ્થા માટે બેઠક કરવામાં આવશે.

દરમિયાનમાં તા.૨૮ ને રવિવારના રોજ આશરે ૩૫૦ ગામોના બબ્બે પ્રતિનિધિ લેખે ૭૦૦ જેટલા સ્વયંસેવકોની ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આગોતરા આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં અલગ અલગ વિભાગોમાં સેવાકાર્ય સોંપવા માટેની કાર્યવાહી થશે.

પુણ્યતિથિ મહોત્સવને રંગે ચંગે ઉજવવા માટે ગુરુઆશ્રમના સમગ્ર પરિસરને ફૂલો તેમજ હારતોરા તથા રાત્રિના જગમગાટ રોશનીથી જળાહળા કરવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે પૂજ્ય બાપાનો દેહવિલય તા. ૯ જાન્યુઆરી ૧૯૭૭ ના રોજ થયો હતો.

પછીના વર્ષથી દર વર્ષે બાપાના આશ્રમમાં પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે. જે મુજબ આગામી પુણ્યતિથિ મહોત્સવ ૪૯ માં પુણ્યતિથિ મહોત્સવ તરીકે ઉજવવામાં આવશે. ■

# ભાવનગરઃ 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ ૨૦૨૬'નું ભવ્ય આયોજન, નરેન્દ્ર મોદીને નિમંત્રણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલિતાણાના હણોલ ગામે છેલ્લા ૧૦ વર્ષથી આત્મનિર્ભરતા, નવીનતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ સફળતાને આગળ વધારવા અને ગ્રામિણ ભારતની પ્રગતિને પ્રોત્સાહિત કરવા હણોલ ગ્રામ વિકાસ સમિતિ દ્વારા આગામી ૧૩, ૧૪ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ ૨૦૨૬'નું ભવ્ય ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવનું ઉદ્ઘાટન કરવા માટે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને નિમંત્રણ અપાયું છે. હણોલના પનોતાપુત્ર અને કેન્દ્રિય કેબિનેટ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની આગેવાનીમાં હણોલ ગ્રામ વિકાસ સમિતિએ દિલ્હી પહોંચીને પ્રધાનમંત્રી મોદીની રૂબરૂ મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રી મોદીએ સમિતિના પ્રયત્નો પ્રશંસનીય ગણાવ્યા અને ગ્રામિણ વિકાસ વિષયક ચર્ચામાં ઊંડો રસ પણ દાખવ્યો હતો.

ગ્રામ વિકાસ સમિતિએ જણાવ્યું હતું કે આ મહોત્સવ 'આત્મનિર્ભર ભારત' અને 'સમૃદ્ધ ગામ સમૃદ્ધ ભારત'ના પ્રધાનમંત્રી મોદીના દ્રષ્ટિકોણને સાર્થક બનાવવાના હેતુથી યોજાયો છે. ત્રણ દિવસીય કાર્યક્રમમાં ગ્રામ ઓલિમ્પિક્સ,ગ્રામ એક્સ્પો, ગ્રામ વિકાસ સંવાદ, તીર્થગામ હણોલના વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન, કુદરતી ખેતી પર સંવાદ અને મકરસંક્રાંતિ પતંગ મહોત્સવ વગેરેનો સમાવેશ થશે. હણોલ મહોત્સવ ૨૦૨૬ માત્ર ઉત્સવ નથી, પરંતુ આત્મનિર્ભર અને સમૃદ્ધ ગ્રામિણ ભારતની યાત્રાનું એક પ્રતિકાત્મક પગલું છે. ■



(તસવીર-વિપુલ હિરાણી)

# ફરી પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો બન્યો આત્મહત્યાનું કારણ, સદનસીબે પતિ બચી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પતિ-પત્નીના ઝઘડામાં એક પાત્રની હત્યા અથવા આત્મહત્યાના સમાચાર વારંવાર આવતા રહે છે, જે ચિંતા જગાવનારા છે. આવા જ એક કિસ્સામાં રાજકોટમાં ૪૧ વર્ષીય હરેશ જેઠવા નામના શખ્સે રૈયા ચોક ઓવરબ્રિજથી છલાંગ લગાવી દીધી હતી. હરેશને પત્ની સાથે ઝઘડો થયો હોવાથી કથિત પગલું ભર્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એક દીકરા અને એક દીકરીના પિતા હરેશને પત્ની સાથે કોઈ વિષય પર ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. આના પગલે તેને માઠું લાગ્યું હતું અને તેણે રૈયા ચોક ઓવરબ્રિજ પરથી નીચે ઝંપલાવ્યું હતું. હરેશને માથાના ભાગ પર ઈજા થઈ હતી અને તેને તાત્કાલિક ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર તેની સારવાર ચાલી રહી છે. પોલીસે તેનું નિવેદન લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# એકના મોત બાદ જાગેલી રાપર પાલિકાએ રખડતા ઢોરને પકડવાનું શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રખડતા ઢોરની સમસ્યા લગભગ તમામ શહેર, તાલુકમાં છે. કચ્છના રાપરમાં રખડતા ઢોરને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું. આ ઘટના બાદ રાપલ નગરપાલિકાએ ગાય-ભેંસ અને આખલાઓને પકડવાની ઝૂંબેશ શરૂ કરી હતી.

રાપરના રસ્તા પર જ્યા ત્યાં ઢોર ફરતા જોવા મળે છે. રસ્તા વચ્ચે બેસી જતા વાહનચાલકોને ભારે તકલીફ ભોગવવી પડે છે. આ સાથે ઢોર પર વાહનોની હડફેટે આવવાનો ડર રહે છે. ઢોરને લીધે અકસ્માતો પણ નોંધાઈ ચૂક્યા છે. એક અંદાજ પ્રમાણે શહેરમાં ૧૫૦૦ જેટલા રખડતા પ્રાણી છે. અમુક ને તો માલિકો છુટ્ટા મૂકી દે છે, તેમ પણ સૂત્રો જણાવે છે. પાલિકાએ માલિકીના ઢોરને બાંધી રાખવાની સૂચના આપી હોવાનું જણાવ્યું હતું. જ્યારે અન્ય ઢોરોને પાંજરામાં પૂરી લઈ જવામાં આવ્યા હતા. ■

# રાજકોટ રૂરલ એસઓજી દ્વારા બોગસ ડૉક્ટર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં બોગસ ડૉક્ટર ઝડપાયો હતો. રાજકોટ ગ્રામ્ય સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ દ્વારા મેટોડા-જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ક્ષેત્રમાં બોગસ ડૉક્ટર ઝડપી લેવામાં આવ્યો હતો.

તાજેતરમાં રાજકોટ રૂરલ સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપને બાતમી મળી હતી કે અહીંના એક કોમ્પ્લેક્સમાં એક માણસ કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી વિના ક્લિનિક ચલાવી રહ્યો છે. આ કથિત ડૉક્ટર દાંતની દવા આપતો હતો. પોલીસે બાતમીના આધારે ઓચિંતી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસને રાજમંગલ મુરત સાહાની નામનો શખ્સ મળી આવ્યો હતો.

તપાસ દરમિયાન રાજમંગલ મુરત સાહાની નામના એક શખ્સને પકડવામાં આવ્યો હતો. જેની પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવાનું ખુલ્યું હતું. તેમ છતાં તે દાંતના વિવિધ રોગની દવા અને અમુક દરદીઓના ઓપરેશન પણ કરતો હતો. સાહાનની અટકાયત કરવામાં આવી હતી અને સાધનો અને દવાઓ જપ્ત કરવામાં આવ્યા હતા. મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# નાતાલના વેકેશનનો લાભ લઈ લોકો સોમનાથ સહિતના પર્યટનો સ્થળે ઉપડયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં ધાર્મિક પર્યટનના ઘણા સ્થળો છે જેમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરનું અનેરું મહત્વ છે. બાળકોને નાતાલનું વેકેશન હોવાથી એક મોટો વર્ગ આ સમયગાળામાં પ્રવાસે નીકળી જાય છે ત્યારે સોમનાથ સહિતના સ્થળોએ ભારે ભીડ જોવા મળી રહી છે.

એક અંદાજ પ્રમાણે ૨૫થી ૨૭ ડિસેમ્બર દરમિયાન સોમનાથ મંદિરમાં ત્રણેક લાખ જેટલા પ્રવાસી આવી ચૂક્યા છે. શ્રદ્ધાળુઓની ભીડ જોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સોમેશ્વર પૂજાના સ્લોટ પણ વધારવામા આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ધાર્મિક પર્યટન ક્ષેત્રે ગુજરાતમાં ઘણા મંદિરોનો ખાસ વિકાસ કરવામાં આવ્યો છે. સોમનાથ દર્શન કરવા આવતા લોકો સાસણ-ગીર, દીવ, વીરપુર વગેરેનો પણ લાભ લઈ શકે છે.

આ તમામ સ્થળોએ હાલમાં હોટેલો,લોજ બુક થઈ ગયા છે. પર્યટન સ્થાનિક રોજગારી માટેનો એક ઘણો સારો સ્રોત છે. ■

# અમદાવાદથી કચ્છના માતાના મઢ દર્શનાર્થે નીકળેલા બે શ્રદ્ધાળુઓને નખત્રાણા પાસે અકસ્માત નડતાં એકનું મોત, એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમદાવાદથી કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ આવવા બુલેટ મોટરસાઇકલ પર નીકળેલા ૪૦ વર્ષીય મિતેશ રવિશંકર જોશી (રહે. બાપુનગર, અમદાવાદ) અને વનરાજસિંહને નખત્રાણા પાસે અજ્ઞાત વાહન સાથે ગમખ્વાર અકસ્માત નડતાં મિતેશનું ગંભીર ઇજાઓને પગલે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. જયારે વનરાજસિંહને ગંભીર હાલતમાં સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી વિગતો મુજબ, અમદાવાદથી રોયલ એન્ફિલ્ડ બુલેટ પર સવાર થઈને કચ્છના લખપત તાલુકામાં આવેલાં માતાના મઢમાં બિરાજમાન મા આશાપુરાના દર્શનાર્થે નીકળ્યા હતા. તેઓ વહેલી સવારના અરસામાં નખત્રાણાના અકસ્માત ઝોન તરીકે પંકાયેલા નાગલપર ફાટક પાસે પહોંચ્યા એ વેળાએ યમદૂત સમાન કોઇ અજ્ઞાત વાહને તેમની મોટરસાઈકલને અડફેટે લેતાં સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં બે શ્રદ્ધાળુ પૈકી મિતેશનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે પાછળ બેઠેલા વનરાજસિંહને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસે અજ્ઞાત વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, તેને ટ્રેસ કરવા કવાયત આદરી છે. ■

# વંથલીમાં ભાજપ અને કૉંગ્રેસના સો કરતા વધારે કાર્યકરો આપમાં જોડાયા, પણ વિસાવદરમાં બબાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ ખાતું ખોલ્યા બાદ સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં આપનું જોર વધી રહ્યું છ. જૂનાગઢ પાસે આવેલા અને કેસર કેરી માટે જાણીતા વંથલીના ખોરાસા ગામે આપ દ્વારા કિસાનસભા યોજવામાં આવી હતી.

આ સભામાં ભાજપ અને કૉંગ્રેસના સંનિષ્ઠ કાર્યકરો અને પૂર્વ પદાધિકારીઓ હાજર હતા. તેમણે આપનો ખેસ પહેરી લેતા રાજકીય વાતાવરણ ગરમાયું હતું. અહીં હાજર ઘણા નેતાઓ જાણીતા આગેવાન છે ને સો કરતા વધારે કાર્યકરોએ હાથમાં ઝાડું પકડી લેતા ચર્ચાઓ જાગી છે. આ મામલે આપના ધારાસભ્ય હેમંત ખવાએ કહ્યું હતું કે વિસાવદરવાળી થઈ તેના પાયામાં માણાવદર છે.

જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય પ્રવીણ વાલાભાઈ ચાવડા, તેમના પુત્ર વનરાજ ચાવડા સહિત અનેક દિગ્ગજો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. માણાવદર, વંથલી અને મેંદરડાના ઘણા એવા નેતાઓનો સમાવેશ થાય છે, જે લોકોમાં લોકપ્રિય છે.

જોકે બીજી બાજુ વિસાવદરમાં મગફળી કેન્દ્રમાં સામાન્ય બાબતમા આપના નેતા હરેશ સાવલિયા અને એક શ્રમિક વચ્ચેની બોલચાલમાં બબાલ મચી ગઈ હતી. શ્રમિકની પત્નીની છેડતી અને જ્ઞાતિ સંબંધિત અપમાનજક શબ્દો બોલાયા હોવાની ફરિયાદ નોંધાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઈટાલિયાએ ખેડૂતો માટે લડાઈ આપતા હોવાથી આ પ્રકારે ફરિયાદો થઈ રહી હોવાનું જણાવ્યું હતું. ■

# ભુજના લોડાઇ ગામના નિર્જન સીમાડેથી લોડેડ દેશી બંદૂક સાથે બે યુવકો પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સીમાવર્તી ગામોમાં છેલ્લા કેટલાક વર્ષોથી નાપાક પ્રવૃતિઓ સતત વધી રહી છે અને અવારનવાર અહીં મારક હથિયારો પકડાતાં રહે છે એ વચ્ચે ભુજ તાલુકાના લોડાઇ ગામના સીમાડેથી મોટરસાઇકલ પર સવાર બે શખ્સોને લોડેડ દેશી બંદૂક સાથે પદ્ધર પોલીસે ઝડપી પાડ્યા હતા.

પદ્ધર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, પૂર્વ બાતમીના આધારે ગત રાત્રીના અરસામાં લોડાઇ ગામના નિર્જન સીમાડામાં વોચ ગોઠવાઈ હતી. આ વેળાએ ખેંગારપર ગામ બાજુથી આવતી મોટરસાઈકલને આંતરવામાં આવી હતી અને યાસીર ઉમર માખા (રહે. નાના વરનોરા) અને સલીમ મામદ રહીમ ખાસકેલી (રહે. બેરડો)ની અંગજડતી લેવાતાં તેમની પાસેથી પરવાના વિનાની હાથ બનાવટની રૂ.૧૦૦૦ની લોડેડ દેશી બંદૂક મળી આવી હતી. પૂછપરછમાં આ બંદૂક યાસીરની હોવાનું અને બે માસ પહેલા બેરડોના રણમાં રાખી હતી તે પોતાના ઘરે રાખવા જતા હતા તેમ જણાવ્યું હતું. દેશી બંદૂક તથા કિં. રૂ.૫૦ હજારના મોટરસાઇકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી,પદ્ધર પોલીસે બંને યુવકો વિરુદ્ધ આર્મ્સ એક્ટ તળે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનને અડીને આવેલા કચ્છમાં અને ખાસ કરીને અબડાસા, લખપત, રાપર જેવા સરહદી વિસ્તારોમાં મારક હથિયારો ક્યાંથી આવે છે એ જાણવા દેશની સુરક્ષા એજન્સીઓએ ઝીણવટભરી તપાસ હાથ ધરવી જોઈએ તેવો સૂર જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. ■

# કચ્છમાં તસ્કરોની રંજાડ જારીઃ રાપરના લોદ્રાણીના ગોગા મહારાજના મંદિરમાંથી ₹ ૬૫૦૦૦ની મતાની ચોરી

ભુજ: કચ્છમાં હાઇપર એક્ટિવ થયેલી તસ્કર ટોળકીનો ત્રાસ યથાવત રહેવા પામ્યો હોય તેમ રાપર તાલુકાનાં લોદ્રાણી ગામનાં પ્રખ્યાત ગોગા મહારાજના મંદિરમાંથી રૂ.૬૬૦૦૦ની તેમજ મુંદરા તાલુકાના બારોઇમાં એક બંધ રહેણાંક મકાનમાંથી રૂ.૧,૫૬,૩૮૭ના સોનાં-ચાંદીના દાગીનાની ઉપરાંત બેરાજા ખાતેની સોલાર કંપનીના મેદાનમાંથી ૪૦૦થી ૫૦૦ કિલો સ્ક્રેપની ઉઠાંતરી કરી જતાં ચકચાર પ્રસરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, લોદ્રાણી ગામના રબારી વાસમાં આવેલા ગોગા મહારાજનાં મંદિરમાં ગત તા.૨૫-૧૨ના રાત્રીના ૧૧.૪૫ વાગ્યાથી બીજા દિવસની સવારના ૭ વાગ્યા સુધીના અરસામાં બનેલા તસ્કરીના બનાવ અંગે મંદિરની સેવાપૂજા કરતા રાજા કાબા રબારીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મંદિરના મુખ્ય દરવાજાના નકુચા તોડીને અંદર પ્રવેશેલા તસ્કરોએ ૬૦૦ ગ્રામના ચાંદીનાં ત્રણ મોટાં છત્તર કિં.રૂ.૨૦૦૦૦, ૩૦૦ ગ્રામ ચાંદીનાં ત્રણ નાના છત્તર કિં. રૂ. સાત હજાર, ચાંદીની એક પાદુકા ૩૦૦ ગ્રામ કિં. રૂ. સાત હજાર, સોનાનાં પાંચ ગ્રામનાં પાંચ છત્તર કિં. રૂ. ૨૦૦૦૦, નાની-મોટી ચાંદીની ૧૦ નાગફળી ૪૦૦ ગ્રામ કિં. રૂ.૧૨ હજાર સાથે જે-તે સમયની ખરીદ કિંમત મુજબની કુલ રૂ. ૬૬ હજારની માલમતાની ચોરી કરી હતી. પોલીસે મંદિર અભડાવનારા તસ્કરોનું પગેરું દબાવવા સર્વગ્રાહી તપાસ આરંભી છે. ■

# ભાવનગરમાં કૉંગ્રેસ સ્થાપના દિવસ નિમિત્તે શહેરના દરેક વોર્ડમાં ઉજવણી કાર્યક્રમો યોજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના સ્થાપના દિવસ નિમિત્તે ભાવનગર શહેર કૉંગ્રેસ દ્વારા શહેરના તમામ વોર્ડોમાં ઉજવણી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો દરમિયાન કૉંગ્રેસ પક્ષના ધ્વજવંદન, મીઠાઈ વહેંચણી તથા કાર્યકરો સાથે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કૉંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ પાર્ટીના સ્થાપનાથી આજ સુધીના ઐતિહાસિક યોગદાન, સ્વતંત્રતા આંદોલનમાં કૉંગ્રેસની ભૂમિકા તેમજ સંવિધાનિક મૂલ્યોની રક્ષા માટે પાર્ટી દ્વારા આપવામાં આવેલા સંઘર્ષને યાદ કર્યો હતો. સાથે જ, દેશ અને રાજ્યમાં વર્તમાન મુદ્દાઓ અંગે ચર્ચા કરીને જનહિતના પ્રશ્નો માટે સંગઠિત રીતે લડત આપવાનો સંકલ્પ લેવાયો હતો. ■